બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા
ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ
અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર


# બરકાતે ખ્વાજા (માસિક)

**સપ્ટેમ્બર-૨૦૨૨**

મુહર્રમુલ હરામ-સફરુલ મુઝફ્ફર
હિજરી સન : ૧૪૪૪

વર્ષ : ૧૯, અંક : ૦૯, સળંગ અંક : ૨૨૪

**સ્થાપક અને પ્રકાશક**
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭
9427464411 PhonePe/Paytm/G Pay
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com



બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |

: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | નજાતના ત્રણ નબવી નુસ્ખાઓ | 04 |
| 02 | **સઊદી રાજવીના શૈતાની કરતૂતોની દુ:ખદાયક દાસ્તાન** | 05 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 09 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 12 |
| 05 | હશ્ત બહિશ્ત (મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત) | 15 |
| 06 | તઝકેરતુલ અવલિયા : હઝરત સુફયાન ષૌરી...... | 18 |
| 07 | ઈમામ તથા આ'લા હઝરત તથા رضی اللہ عنہ વિશે દેવબંદીઓના વાંધાઓના ખુલાસાવાર જવાબો | 20 |
| 08 | ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ | 23 |
| 09 | ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہ | 33 |
| 10 | ગૈર નબી પર મુસ્તક઼િલ (એકલા પર) દુરૂદ પઢવુ મના | 40 |
| 11 | જ્ઞાનવાપી મસ્જિદ તથા ઔરંગઝેબની ઐતિહાસિક સચ્ચાઈ | 43 |
| 12 | બરકાતે ખ્વાજા ટપાલ | 50 |


## મનક઼બતે દર શાને મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ

**અઝ : રાઝ ઈલાહાબાદી**

ઢુંઢતે ઢુંઢતે ઈસ દહર મેં થક જાઓગે,
ઐસા મુર્શિદ ન ઝમાને મેં કહીં પાઓગે

જબ કભી શહરે બરેલી કી તરફ આઓગે,
ઉનકે રોઝે પે મદીને કી હવા પાઓગે

આંસૂઓ અબ મેરી આંખો હી મેં રહના સીખો
દામને મુફ્તીએ આ'ઝમ ન કહીં પાઓગે

મેરી રોતી હૂઈ આંખો ને પુકારા હૈ તુમ્હેં
અય મેરે શયખ મેરે ખ્વાબ મેં કબ આઓગે

વો વલી ઈબ્ને વલી હૈ વો સખી ઈબ્ને સખી
ઉન્કે દરબાર સે ખાલી ન કભી આઓગે

કૌન સુનતા હૈ યહાં ''રાઝ'' ફુગાને દુરવેશ
દિલે બેતાબ લિએ કિસ કી તરફ આઓગે

# નજાતના ત્રણ નબવી નુસ્ખાઓ

અઝ : **હઝરત મૌલાના શાકિર અલી નૂરી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*
અનુવાદક : **હાફિઝ મુહમ્મદસજ્જાદ પટેલ**
*(ઈંગ્લિશ/કોમ્પ્યુટર ટીચર, દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

અત્યારે સમગ્ર વિશ્વ બેચેની અને અસંતોષથી પીડાય રહ્યું છે. આ સમયે વિશ્વ કક્ષાએ લોકોને સુકૂન તથા શાંતિની સૌથી વધુ જરૂરત છે. માણસ એક સમસ્યામાંથી બહાર નીકળે છે કે બીજી સમસ્યામાં ફસાઈ જાય છે. એક પછી એક સમસ્યામાં સપડાયેલો રહે છે. હજાર પ્રયત્નો કરવા છતાંય તેની ચિંતા અને અસંતોષ દૂર થઈ રહ્યો નથી. આજથી ચૌદસો વર્ષ પહેલાં ઈસ્લામના પયગંબરે આપણને ત્રણ નુસ્ખા આપ્યા. જો આપણે તેનુ પાલન કરીએ તો આપણને સુકૂન (શાંતિ)ની દોલત મળી શકે છે.

આકાએ કરીમ ﷺની બારગાહમાં હઝરત ઉક્બા બિન આમિર رضی اللہ عنہએ અર્ઝ કરી : યા રસૂલલ્લાહ ! ﷺ નજાત (મુક્તિ) કઈ વસ્તુમાં છે ? સવાલ સામાન્ય છે. તેમણે કોઈ ખાસ મુશ્કેલીને દૂર કરવા માટે ઉપાય નથી પૂછયો. જેથી નજાતનો મતલબ દુનિયા અને આખિરતની દરેક સમસ્યાથી મુક્તિ સમજી શકાય છે. પછી તે આજીવિકાની સમસ્યા હોય, આરોગ્યની સમસ્યા હોય, દુકાળની સમસ્યા હોય, ઔલાદની કમીની સમસ્યા હોય, દરેક પ્રકારની સમસ્યાઓથી નજાત મુરાદ લઈ શકાય છે. પયગંબરે ઈસ્લામ ﷺએ ફર્માવ્યું,

أَمْسِكْ عَلَيْكَ لِسَانَكَ، وَلْيَسَعْكَ بَيْتُكَ، وَابْكِ عَلَى خَطِيئَتِكَ

પોતાની જીભને કાબુમાં રાખો, પોતાના ઘરને લાઝિમ પકડો અને પોતાના ગુનાહો પર રડો. આકાએ કરીમ ﷺએ આ ત્રણ ચીજોને નજાતનો ઝરીયો ઠરાવી.

**નજાતનો પહેલો ઉપાય** : જીભની હિફાઝત (રક્ષણ) છે. જીભની હિફાઝતનો શું અર્થ થાય ? જો તમે તેના વિશે વિચારશો તો એ નિર્ણય પર પહોંચશો કે માણસની વધુ પડતી સમસ્યાઓ અને મુસીબતો જીભને કારણે આવે છે. પહેલાં માણસની જીભ લપસે છે પછી જીભથી બેકાર (વાહિયાત) વાતો જેમ કે કે શકની વાતો, જૂઠ, ગીબત, ચુગલી, ગાળો બોલવી વગેરેમાં તે સપડાય છે જે માણસની પરેશાની (સમસ્યા)નું કારણ બને છે. તેનાથી વિપરીત, જો કોઈ વ્યક્તિ પોતાની જીભને કાબૂમાં રાખે અને કોઈને દુઃખ ન પહોંચાડે તો અલ્લાહ તઆલા એ બંદાના દિલને સુકૂનની દૌલત આપી દે છે. જીભનો સારો ઉપયોગ કરવો જોઈએ. તેને અલ્લાહ અને તેના રસૂલના ઝિક્રમાં વ્યસ્ત રાખવી જોઈએ.

**નજાતનો બીજો ઉપાય** : હુઝૂર ﷺએ ફર્માવ્યું, પોતાના ઘરને લાઝિમ પકડી લો. હુઝૂર ﷺએ ઘરને લાઝિમ પકડવાની તાકીદ કેમ કરી ? કેમ કે ઘરની બહાર રહેવાને કારણે પણ સમસ્યાઓ ઉભી થાય છે. આજે ખાસ કરીને યુવાનો ઘરમાં ઓછા, સડકો પર બાઈકો પર બેસીને અધિકતર રાતો પસાર કરે છે, જેનાથી તેમનો સમય બરબાદ થાય છે. ઘણીવાર ખરાબ સંગત (સાથ)નો શિકાર થઈ જાય છે. રાતભર જાગેલો યુવાન દિવસ દરમિયાન સૂઈ રહે છે. કામથી દૂર ભાગે છે જેના કારણે બેરોજગાર બને છે. પછી એ અલગ અલગ પ્રકારના ગુનાહોમાં સપડાય છે, જે તેની પરેશાનીઓનો સબબ બને છે.

**નજાતનો ત્રીજો ઉપાય** : હુઝૂર રહમતે આલમ ﷺએ ફર્માવ્યું, પોતાના ગુનાહો પર આંસુ વહાવો. ગુનાહોના કારણે દિલ પર બોજ વધી જાય છે, દિલ કાળુ પડી જાય છે. ઘણા ગુનાહોને કારણે ઝમીર મુર્દા થઈ જાય છે. માટે જો કોઈ શખ્સ પોતાના ગુનાહોને યાદ કરીને અલ્લાહના ડરથી આંસુ વહાવે તો અલ્લાહ તેના દિલના બોજને હલકો કરી દે છે, અને દિલને સુકૂનની દોલતથી નવાઝે છે. સાઈન્સ પણ એ વાતનું સમર્થન કરે છે કે દિમાગના તણાવને દૂર કરવા અને દિમાગને શાંતિ વધારવાનો શ્રેષ્ઠ અમલ રડવું છે.

બેચેની અને અજંપાના આ સમયમાં પયગંબર ﷺનાં આ આલીશાન ફર્માનો અમલને પાત્ર પણ છે અને પ્રચાર કરી ફેલાવવા જેવાં છે. જો આપણે ઉપર આપેલ ત્રણેવ ઉપાયો પર અમલ કરવાનુ શરૂ કરી દઈએ તો બેચેની અને અજંપાથી મુક્તિ મેળવી શકીએ છીએ. નવા ઈસ્લામિક વર્ષનો પ્રારંભ થઈ ચૂક્યો છે. આપનાથી વિનંતી છે કે આ મૌક઼ા પર પાકો સંકલ્પ કરો કે દરરોજ ૧૦૦ વાર દુરૂદ શરીફ અને ૧૦૦ વાર અસ્તગફાર પઢવાની જાતે પણ આદત બનાવીશું અને પોતાના ઘરવાળાઓની પણ આદત બનાવીશું. ઈન્શા અલ્લાહ ! દુઆ છે કે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત આપણને પોતાની જીભ કાબુમાં રાખવાની, વધુમાં વધુ પોતાના ઘરમાં રહેવાની અને પોતાના ગુનાહો પર આંસુ વહાવવાની તૌફીક઼ અતા ફર્માવે. આમીન. *(SDI મંથલી, ઓગષ્ટ–૨૦૨૨, મુંબઈ)*

# સઊદી રાજવીના શૈતાની કરતૂતોની દુ:ખદાયક દાસ્તાન !

## તંત્રી લેખ..

અરબસ્તાનમાં મક્કા મોઅઝ્ઝમા તથા મદીના મુનવ્વરા એ મુસલમાનોની અક઼ીદતના ઈમાની રૂહાની કેન્દ્રો છે જ્યાંથી તૌહીદ તથા રિસાલતનો પરચમ દુનિયાભરમાં લહેરાયો જ્યાંથી કુફ્રના અંધકાર તથા જુલ્મો બરબરિયતમાં સપડાયેલી ક઼ૌમોને ઈમાન તથા અમ્નો સુકૂનનું ન્યાયનું વાતાવરણ પૂરુ પાડનાર કલ્મએ હક઼્ક઼નો નારો ઉઠયો અને જગતભરમાં માનવ અધિકાર તથા સ્ત્રી અધિકારની તાલીમ આમ થઈ. સ્ત્રીની ઈજ્જતોને પાયમાલ થતી અટકાવી તેને બાઈજ્જત જિંદગી આપવાનો સંદેશ જગતભરમાં ફેલાયો. સ્ત્રીને કેવળ મનોરંજનનું સાધન સમજી તેમને નચવનારાઓ તથા તેણીઓના હક઼્ક઼ોને પાયમાલ કરીને લોંડી સમજનારાઓને એ જ કલ્મએ હક઼્ક઼ની રોશનીએ સ્ત્રીને બાપર્દા બાઈજ્જત રાખીને લોકોની બુરી નજરોથી બચાવવાનો તથા તેણીના હક઼્ક઼ો અદા કરવાનો સબક઼ શીખવાડયો, એ આ જ હિજાઝ મુક઼દ્દસની ભૂમિ છે. પરંતું અફસોસ કે જ્યારથી ૨૦મી સદીની શરૂઆત થઈ ત્યારથી અરબસ્તાન પર સુન્ની તુર્કી ઉષ્માની હુકૂમતને હટાવીને સઊદી વહાબી નજદીઓની અંગ્રેજોના જોરે હુકૂમત રચાઈ ત્યારથી ઈસ્લામી અક઼ીદાઓ વિરૂધ્ધ નજદી વહાબી અક઼ીદા એટલે નબી વલીની ગુસ્તાખી કરતા અક઼ીદાનો ફેલાવો ત્યાંથી થવા લાગ્યો અને તેની ગંદકી જગતભરના મુસ્લિમોમાં ફેલાઈ અને મુસ્લિમોમાં વિવાદ વિખવાદનો સબબ બની. આ સઊદી હુકૂમતે હમેશાં મુસ્લિમોને તોડવાનું જ કામ કર્યું. અને હવે અમલી એતબારથી પણ તદ્દન ઉઘાડે છોગે ઈસ્લામ વિરોધી પ્રવૃત્તિઓનું કેન્દ્ર સઊદી બની રહ્યું છે. *(અલ્લાહની પનાહ !)* જ્યારે કુફ્ર જ ખાનએ કા'બાથી બહાર પડે તો મુસલમાની ક્યાંથી રહી જાય ?!

ઈસ્લામે સ્ત્રીઓને પર્દામાં રાખીને તેના સ્ત્રીમય વક઼ારને જે ઉચ્ચતાએ પહોંચાડયો હતો તેને સઊદી અરબ પોતાના કહેવાતા પ્રગતિ પસંદ ક઼ાનૂનના થકી સતત પાયમાલ કરવામાં વ્યસ્ત છે. હાલનો સઊદી સત્તાધારી રાજવી મુહમ્મદ બિન સલ્માન જે તેના સઊદી બાપદાદાઓના આક઼ાઓ યૂરોપ અમેરિકાના દેશોમાં રહીને યહૂદી ઈસાઈને ત્યાં તાલીમ પામેલો અને અય્યાશ પ્રકૃતિનો, ઈસ્લામી વિચારધારા વિરોધી માનસવાળો છે. તેના આદેશ હેઠળ ઓગસ્ટ ૨૦૨૧માં સઊદી અરબના ''પ્યોર બીચ'' સાહિલનું ઉદ્‌ઘાટન થયું તો આસ્માની રંગના પાણી અને સફેદ રેતીના આ કિનારા પર લોકો વિના કોઈ રોક ટોક, ઈસ્લામી તથા ઈન્સાની બંધનોથી આઝાદ થઈને પોતાની મનમાની રીતો વડે મજા માણવા લાગ્યા. ''પ્યોર બીચ'' સિવાય સઊદી અરબના આર્થિક લેહાઝથી મહત્વના કિનારાના શહેર ''મલિક અબ્દુલ્લાહ''માં પણ સ્ત્રીઓને બિકિની પહેરીને ફરવાની, હુક્કો પીવાની અને પોતાની સાથે ઘરેલુ જાનવર રાખવાની ઈજાઝત આપવામાં આવી ચૂકી છે. આ રીતે રૂઢીચુસ્ત દેશના નામથી ઓળખાનાર મુલ્ક સઊદી અરબ હવે આઝાદીના નામ પર નગ્નતા પસંદોના માટે એક નવો તથા અનોખો અફસોસનાક મામલો પેશ કરી રહ્યો છે.

ફ્રાંસ પ્રેસના મુજબ પ્યોર બીચ સાહિલના જિમ્મેદાર લોકોને બીચ પર આવનાર પુરૂષો તથા સ્ત્રીઓના વચ્ચે જાઈઝ કે નાજાઈઝ સંબંધો સાથે કોઈ લેવા દેવા નથી. અને આ ઈલાક઼ામાં સાથે રહેનારાઓને માટે આપસમાં શરઈ લેહાઝથી (જે હુકમ છે તેના વિરૂધ્ધ અહીં) મેહરમ હોવું પણ જરૂરી નથી. અલ્લાહના હક઼્ક઼ોને પાયમાલ કરનારા આ બીચ પર માનવ અધિકાર અને તેમની પ્રાઈવસીને નિશ્ચિત બનાવવા માટે ત્યાં જનારાઓ

પાસેથી તેમના મોબાઈલ ફોન રખાવી દેવામાં આવે છે જેથી કોઈ સૈર કરનાર પોતાની પ્રાઈવસીને ખતરામાં પડતી જોઈને રંજ ન અનુભવે.

એક સઊદી ખાતૂને મિડલ ઈસ્ટ ન્યૂઝને ઈન્ટરવ્યુ આપતાં કહ્યું કે, "તેણીને એ વાત પર ખુશી છે કે બીચ પર જઈને પોતાના મન માન્યા તરીક઼ાથી ત્યાંની સહૂલતોથી ફાયદો ઉઠાવી શકે છે." ખાતૂનની આ વાતથી સ્પષ્ટ જાહેર છે કે બેહયાઈનું આ ઝહેર ખૂબ જ તીવ્ર ગતિએ સમાજની રગોમાં ફેલાય રહ્યું છે અને જો સત્તાવાળાઓના તંત્રની આ જ રવિશ રહી તો તે દિવસો દૂર નથી જ્યારે પૂરો સઊદી અરબનો સમાજ ઝહેર નિશ્રિત થઈ જશે.

સઊદી અરબે તા. ૨૭–૯–૨૦૧૯ના રોજ પહેલીવાર સર્વ વિદેશી સહેલાણીઓના માટે વિઝિટિંગ વિઝાની સહૂલત પૂરી પાડી અને સાથોસાથ વિદેશી યુવતીઓ માટે ચાદર કે બુર્ખો પહેરવાની શર્ત પણ હટાવી દીધી. નોંધપાત્ર વાત છે કે આલે સઊદ હુકૂમતે "ખિદમતે હરમૈન શરીફૈન"ના પોતાના ગર્વમય શરફને નઝર અંદાઝ કરીને "વિઝન–૨૦૩૦" મન્સૂબા હેઠળ ગૈર શરઈ, વિવાદાસ્પદ અને ઈસ્લામના રોશન ક઼ાનૂનોથી વિરોધી ક઼દમો ઉઠાવવાનો ક્રમ ઘણો જ તેજ કરી આપ્યો છે, જેનો હેતુ સહેલાણીઓને વધારવાનો છે. સહેલાણી (વિઝિટર્સ)માં વૃધ્ધિ લાવવાની આ કોશિશ અસલમાં સત્તાધારી વર્ગના દિલો દિમાગમાં વસી ગયેલ આર્થિક પડતીના ડરના કારણે છે. દુનિયા જાણે છે કે આજે અરબ દેશોમાં તેલના નીકળવાના કારણે જે આર્થિક ખુશહાલી છે તે લાંબો સમય ચાલે એવી નથી. જમીનની અંદર મૌજૂદ આ કુદરતી વસીલો હમેશાં માટે મળી શકશે નહીં. તેલ કદી ન કદી ખત્મ થઈ જશે. આજે જે રીતે ખનીજ તેલની ખપત પૂરી દુનિયામાં છે, એનાથી લાગે છે કે એ દિવસો દૂર નથી જ્યારે સર્વ મધ્યપૂર્વની જમીન તેલથી ખાલી થઈને ખોખલી થઈ ચૂકી હશે. હુકૂમતો પણ એ વાતથી સારી રીતે વાકેફ છે. એ જ કારણે ખનીજ તેલનો ખજાનો ખત્મ થતા પહેલાં પહેલાં તે એવા આયોજનમાં વ્યસ્ત છે જે તેને આર્થિક પડતીનો શિકાર થવાથી બચાવી લે. પણ આર્થિક પડતીને રોકવા માટે ઈસ્લામ ધર્મની તાલીમાતની વિરૂધ્ધ જે તરીક઼ા ત્યાંની હુકૂમત અપનાવી રહી છે તે પણ તેમને છેવટે તબાહીની તરફ જ લઈ જશે.

હમણા હાલમાં જ સઊદી પાટનગર રિયાધમાં બેહયાઈને હવા આપતાં સ્ત્રીઓના જબ્બાઓના ફેશન શોનું આયોજન કરવામાં આવ્યું જેમાં સઊદી રિવાજ પામેલ જબ્બાઓની સાથોસાથ મોડર્ન ડિઝાઈનના જબ્બાઓને પણ રેમ્પ પર રજૂ કરવામાં આવ્યા. જેને જોવા માટે સઊદી સ્ત્રીઓ ઉપરાંત અન્ય દેશોની સ્ત્રીઓએ પણ ભાગ લીધો. આ ફેશન શોમાં સઊદી પુરૂષોએ પણ ઘણી દિલચસ્પી દેખાડી અને નોંધપાત્ર સંખ્યામાં હાજર થયા. અહીં એ વાત પણ ઉલ્લેખનીય છે કે પુરૂષો તથા સ્ત્રીઓની બેઠક વ્યવસ્થા અલગ અલગ ન હતી. વિવિધ ક્ષેત્રોથી સંબંધ ધરાવનારી સઊદી તથા અન્ય દેશોની સ્ત્રીઓએ મોડર્ન તથા આકર્ષક જબ્બા પહેરીને રેમ્પ પર મોડલની જેમ કેડવોક કર્યો. એમાં અધિકતર પોશાકો શરીરનાં અંગો તથા સાંધાઓ અને વળાંકોને પ્રદર્શિત કરતા જોવા મળ્યા.

એ દરમિયાન ઈસ્લામી સમાજને બગાડનાર એક અધિક કાળુ કરતૂત સઊદી અરબના સત્તાધીશોએ અંજામ આપ્યું અને પ્રાઈવેટ થિયેટરો અને સિનેમા હોલો પર લાગેલી પાબંદીઓ હટાવી દીધી. સૌ પ્રથમ એક પ્રાઈવેટ થિયેટરમાં બોલીવુડની મશહૂર ફિલ્મ "બ્લેક પેન્થર"ને પ્રદર્શિત કરવામાં આવી. આ પ્રદર્શન કેપિટલ રિયાઝના એક કન્સર્ટ હોલમાં થયું જેને સિનેમા કોમ્પલેક્ષમાં તબદીલ કરી દેવામાં આવ્યુ હતું. ફિલ્મ જોનારાઓમાં સ્ત્રી

તથા પુરૂષો ભેળસેળ સાથે સામેલ હતાં. ફિલ્મના પ્રદર્શન પહેલાં સઊદી કલ્ચરલ તથા માહિતી પ્રસારણ મંત્રીએ પોતાના એક નિવેદનમાં કહ્યું કે, આ એક ઐતિહાસિક ઘડી છે જ્યારે સઊદી અરબમાં તબદીલી આવી રહી છે અને દેશ ગતિશીલ ઈકોનોમી અને પ્રગતિમય સમાજના તરફ (અસલમાં જાહિલિયત તરફ) ડગ ભરી રહેલ છે.

સઊદી અરબના ઘણા ધાર્મિક વડાઓએ હુકૂમતની આ ઈસ્લામ વિરોધી પોલીસીઓની વિરૂધ્ધ નિવેદનો બહાર પાડયાં અને આ રીતે ફિલ્મ જોવાને ગુનાહિત કૃત્ય ઠરાવ્યું જેના લીધે મોટાભાગના ધાર્મિક વડાઓને જેલના સળીયા પાછળ પહોંચાડી દેવામાં આવ્યા અને અમુકનાં તો માથાં વાઢી નાખવામાં આવ્યાં.

સઊદી હુકૂમતના મુજબ ઈ.સ. ૨૦૩૦ સુધીમાં દેશભરમાં ૩૦૦ સિનેમા ઘરો બંધાશે અને ૨૦૦ સ્ક્રિનો ખડા કરવામાં આવશે જેમાં પબ્લિક કન્સર્ટસ્ પણ સામેલ છે. સાથોસાથ જ હુકૂમતે સ્ત્રીઓને ડ્રાઈવિંગની રજા પણ આપી છે જેથી તેણીઓ વિના મેહરમે વિવિધ પ્રોગ્રામોમાં આઝાદીભેર હાજરી આપી શકે.

સઊદી અરબમાં ભારતી કલાકાર સલ્માન ખાન અને જસ્ટીન બીબરના પરફોર્મન્સ પ્રોગ્રામના હવાલાથી બી.બી.સી. તથા અન્ય ઈન્ટરનેશનલ મીડિયાએ દુનિયાભરના મુસલમાનોને ટોણો મારતાં કહ્યું કે, ''સઊદી જેને એક રૂઢીચુસ્ત દેશ ખયાલ કરવામાં આવતો રહ્યો છે તે હવે ઝડપભેર તબદીલ થઈ રહ્યો છે અને તેનુ ઉઘાડુ દ્રષ્ટાંત બોલીવુડ સ્ટાર સલમાન ખાન અને આંતર રાષ્ટ્રીય પ્રખ્યાત ગાયક જસ્ટીન બીબરના કન્સર્ટ છે. કલાકાર સલમાન ખાન સઊદી રાજવી મુહમ્મદ બિન સલ્માનની દાવત પર સઊદી અરબના પાટનગર રિયાઝમાં પરફોર્મ કરવા પહોંચેલ. તેના આ દૌરાને ''દબંગ ટૂર''નું નામ આપવામાં આવ્યું છે. સલમાન ખાનની સાથે ફિલ્મી એક્ટ્રેસ શિલ્પા શેટ્ટી, જેકલીન ફર્નાન્ડિસ તથા અન્ય કલાકારો પણ હતા. સઊદી હુકૂમતે પ્રથમ વાર આ મોટા પાયા પર બોલીવુડ ઈવન્ટનું આયોજન ''રોશન ખયાલ'' (આઝાદ ખયાલ) સઊદી અરબ હેઠળ કર્યું હતું. આ મેગા ઈવન્ટમાં ખબરોના મુજબ ૮૦ હજાર લોકોએ ભાગ લીધો અને સલમાન ખાન તથા સાથી એક્ટ્રેસોએ એ કન્સર્ટમાં બેહયાઈ તથા અર્ધનગ્નતા સાથે એન્ટ્રી કરીને સઊદી અરબમાં પોતાની બેહયાઈના પરફોર્મન્સનો જાદૂ ચલાવ્યો. એનાથી પહેલાં પ્રખ્યાત આંતર રાષ્ટ્રીય ગાયક જસ્ટીન બીબરે પણ રિયાઝમાં એક કન્સર્ટ કર્યો હતો જેમાં લગભગ ૭૦ હજાર લોકોએ ભાગ લીધો હતો. સલમાન ખાનના રિયાઝમાં કન્સર્ટ પહેલાં તેને સન્માન આપવાના માટે તેના હાથોનો નકશ પણ લેવામાં આવ્યો જે રિયાઝના સૌથી પ્રખ્યાત મુખ્ય માર્ગ પર જડવામાં આવશે. સઊદી અરબ હવે બોલીવુડ તથા હોલીવુડ સ્ટારોના ઈવન્ટ આયોજીત કરીને એ પ્રદર્શિત કરવા ચાહે છે કે તે રોશન ખયાલીની પ્રતિ પ્રગતિ કરી રહ્યું છે, જ્યારે કે અમારો ખયાલ એ છે કે તે જેહાલતની તરફ સક્રિયપણે સફર કરી રહેલ છે.

સઊદી અરબને ઈ.સ. ૨૦૩૦ સુધીમાં આર્થિક તથા વ્યાપારી કેન્દ્ર બનાવી દેવાની યોજના માટે શાહઝાદા મુહમ્મદ બિન સલમાને ઈસ્લામ વિરૂધ્ધ બેહયાઈનો માર્ગ પસંદ કર્યો છે અને આર્થિક ઉચ્ચતા પામવા માટે સ્ત્રીઓની ઈજ્જત, માન મર્યાદા તથા વકારનો ભોગ લઈ રહેલ છે. આ પરિસ્થિતિ જોતાં સઊદી હુકૂમતથી જે ઉલમાએ મતભેદ કર્યો અને તેને હરામ ઠરાવ્યું તેમાંના મોટાભાગનાની ગરદનો સઊદી હુકૂમતે મારી દીધી અને ભવિષ્યમાં પણ કોઈ એવું કરશે તેની સાથે આવું જ થશે !

આ ક્રમ ઈ.સ. ૨૦૧૯થી શરૂ થયો. આ પહેલાં સઊદી અરબે દેશના ઈતિહાસમાં પ્રથમવાર કાર રેસીંગના

પ્રોગ્રામનું આયોજન કર્યું હતું. લોકડાઉનના દિવસોમાં જ્યારે કે સઊદી અરબમાં હરમ શરીફ ખાલી, હજ લગભગ સ્ટોપ, મુક઼દસ સ્થળો પર જવા પર દસ હજાર રિયાલ દંડ રાખેલો અને ઉમરા પણ બંધ હતા, મસ્જિદે નબવી જવા પર પાબંદી હતી, એ જ વખતે આ હુકૂમતે સીનેમા હોલ ફુલ, ફિલ્મ ફેસ્ટિવલ ચાલુ, નવા સિનેમા ઘરોનાં ઉદ્‌ઘાટનનો થવાં ચાલુ હતાં. એ સૌ બેહૂદગીઓ પર કોઈ પ્રતિબંધ ન હતો ! સઊદી મેટા સિનેમા (META) મુજબ ૪૦ અઠવાડિયાઓમાં ૭૩ મિલિયન ડોલરનો સિનેમા ટેક્ષ કમાવાનો રેકોર્ડ સ્થપાયો હતો. ઈ.સ. ૨૦૨૦માં પૂરી દુનિયાનુ ફિલ્મી જગત નુકસાનમાં પડી ગયું પરંતું "વહી"ની પવિત્ર ભૂમિ અને હિજાઝ મુક઼દસમાં તેને પ્રગતિ મળતી રહી ! જિદ્દામાં ૧૫–૧૫ દિવસના અંતરમાં બે મોટા મ્યુઝિકલ કન્સર્ટ થયા જેમાં સઊદી પુરૂષો સ્ત્રીઓ કોઈ રોકટોક વિના નાચગાનના પ્રોગ્રામમાં શરીક રહ્યાં.

આજે પશ્ચિમી દેશોને ખુશ કરવા માટે મુહમ્મદ બિન સલમાને હિજાઝ મુક઼દસની પવિત્રતાની પાયમાલીનો જે બેડો ઉઠાવ્યો છે તે વખોડી કાઢવાને પાત્ર છે. જુગારખાનાં, સિનેમા હોલ, પુરૂષ સ્ત્રીઓના ભેગાં નાચગાનની મેહફિલો, કલબો અને પશ્ચિમી અંદાઝમાં પુરૂષ સ્ત્રીઓનું એકબીજાને ગળે મળવું, શિક્ષણ સંસ્થાઓમાં જબ્બો તથા હિજાબ વિના નોકરી કરવી, હોટલો, મોલો તથા દુકાનોમાં હિજાબ વિના વ્યાપારિક ચહલ પહેલો... સારાંશ કે એવાં ઘણા કામો ત્યાં થઈ રહ્યાં છે જેનાથી સ્ત્રીઓની ઈજ્જત ખતમ થઈ રહી છે અને ઈસ્લામી કાનૂનોની ધજ્જીઓ ઉડી રહી છે.

એ તો ઠીક પણ હાલના દિવસોમાં એક એવી ખબર સામે આવી છે જેણે કલેજુ ઝખ્મી કરી આપ્યું છે. સાંભળ્યું છે કે મસ્જિદે હરામમાં મોટી સંખ્યામાં એવી સ્ત્રીઓને રાખવામાં આવશે જેઓ બેનકાબ રહીને ઉમરા કરનારા તથા હાજીઓની ખિદમત કરશે ! મદીના પાકમાં ૧૦ સિનેમા હોલ ખોલવાનું એલાન પણ સામે આવ્યું છે ! અલ્લાહ રહમ ફર્માવે ! તે શહેર કે જેની માટીને ઈમાનવાળાઓ ખાકે શિફા સમજે છે, જ્યાંની હવાઓમાં આજે પણ સરવરે દો આલમ ﷺના જિસ્મે પાકની ખુશ્બુ મેહસૂસ થઈ રહી છે, જ્યાંની જમીન પર અદબે રસૂલના કારણે ઈમામ માલિક બુટ પહેરીને ચાલતા ન હતા કે માલૂમ નહીં ક્યાં આપણા સરકાર ﷺના કદમ મુબારક પડયા હોય ! એ પવિત્ર જમીન પર સિનેમા હોલ બનાવવાનો મનસૂબો દિલો દિમાગને બેચૈન કરી મૂકે છે.

અહીં એક વાત પણ નોંધનીય છે કે સઊદી રાજાઓ પોતે પણ અય્યાશ હતા. શાહ ફહદના હરમમાં ૩૬૦ પત્નીઓ હતી અને એના ૨૫ પુત્રો થયા હતા અને કેટલી પુત્રીઓ પેદા થઈ હતી એની નોંધ નથી. જેમના બાપદાદા આવા અય્યાશ હોય તેમના પુત્રો પાસેથી શું ઈસ્લામની ભલાઈ કે મુસ્લિમોની ભલાઈની આશા રાખી શકાય. તેમની જ નાલાયક ઔલાદ આ મુહમ્મદ બિન સલમાન છે, જેનાં આ કરતૂતો છે જે દુનિયાભરમાં ઈસ્લામ તથા મુસલમાનોને બેઈજ્જત કરી રહેલ છે.

આ બેહયાઈઓનો અંજામ શું થશે, અલ્લાહ જ બેહતર જાણે છે. અલ્બત્ત આંતર રાષ્ટ્રીય ઓળખ ધરાવતા ઉલમાએ કિરામ તથા અન્ય બાઅષર મુસ્લિમ શખ્સિયતોથી વિનંતિ છે કે સઊદી અરબના આ હયાસોઝ કામો વિરૂધ્ધ પ્રતિક્રિયા દર્શાવે અને વિરોધ જાહેર કરે તેમજ ઈસ્લામી તાલીમાતને યથા શક્તિ સમાજની દરેક વ્યક્તિ સુધી પહોંચાડવાની કોશિશ કરે અને સાથોસાથ દુઆ પણ કરે કે અલ્લાહ તઆલા આપણને આ નુકસાનકર્તા વબાઓ તથા બલાઓથી જીવનપર્યંત મેહફૂઝ તથા સલામત રાખે. (આમીન)

*(અશ્રફિયા મંથલી, મુબારકપુર, જુલાઈ–૨૦૨૨ના આધારે)*



કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

આ સૂરહમાં ૧૨૦ આયતો અને ૧૨૪૬૪ અક્ષરો છે.

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوا الْيَهُوْدَ وَ النَّصٰرٰۤى اَوْلِيَآءَ ۘؔ
بَعْضُهُمْ اَوْلِيَآءُ بَعْضٍ ؕ وَ مَنْ يَّتَوَلَّهُمْ مِّنْكُمْ فَاِنَّهٗ
مِنْهُمْ ؕ اِنَّ اللّٰهَ لَا يَهْدِی الْقَوْمَ الظّٰلِمِيْنَ ﴿۵۱﴾ فَتَرَى
الَّذِيْنَ فِیْ قُلُوْبِهِمْ مَّرَضٌ يُّسَارِعُوْنَ فِيْهِمْ يَقُوْلُوْنَ
نَخْشٰۤى اَنْ تُصِيْبَنَا دَآىِٕرَةٌ ؕ فَعَسَى اللّٰهُ اَنْ يَّاْتِیَ بِالْفَتْحِ اَوْ
اَمْرٍ مِّنْ عِنْدِهٖ فَيُصْبِحُوْا عَلٰى مَاۤ اَسَرُّوْا فِیْۤ اَنْفُسِهِمْ
نٰدِمِيْنَ ﴿۵۲﴾ وَ يَقُوْلُ الَّذِيْنَ اٰمَنُوْۤا اَهٰۤؤُلَآءِ الَّذِيْنَ اَقْسَمُوْا
بِاللّٰهِ جَهْدَ اَيْمَانِهِمْ ۙ اِنَّهُمْ لَمَعَكُمْ ؕ حَبِطَتْ اَعْمَالُهُمْ
فَاَصْبَحُوْا خٰسِرِيْنَ ﴿۵۳﴾ يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا مَنْ يَّرْتَدَّ
مِنْكُمْ عَنْ دِيْنِهٖ فَسَوْفَ يَاْتِی اللّٰهُ بِقَوْمٍ يُّحِبُّهُمْ وَ
يُحِبُّوْنَهٗۤ ۙ اَذِلَّةٍ عَلَى الْمُؤْمِنِيْنَ اَعِزَّةٍ عَلَى الْكٰفِرِيْنَ ۫
يُجَاهِدُوْنَ فِیْ سَبِيْلِ اللّٰهِ وَ لَا يَخَافُوْنَ لَوْمَةَ لَآىِٕمٍ ؕ ذٰلِكَ
فَضْلُ اللّٰهِ يُؤْتِيْهِ مَنْ يَّشَآءُ ؕ وَ اللّٰهُ وَاسِعٌ عَلِيْمٌ ﴿۵۴﴾

## સૂરએ માઈદાની તફસીર

હે ઈમાનવાળાઓ ! યહૂદીઓ અને નસરાનીઓને મિત્ર ન બનાવો.[૧૯૪] તેઓ અંદરો અંદર એકબીજાના મિત્રો છે.[૧૯૫] અને તમારામાં જે કોઈ તેમની સાથે મિત્રતા રાખશે તે તેમનામાંથી જ છે[૧૯૬] બેશક ! અલ્લાહ અન્યાય કરનારાઓને માર્ગ આપતો નથી[૧૯૭] (૫૧) હવે તમે તેમને જોશો જેમના દિલોમાં રોગ છે[૧૯૮] કે (તેઓ) યહૂદીઓ અને નસરાનીઓ તરફ દોડે છે. કહે છે કે, અમે ડરીએ છીએ કે (ક્યાંક) અમારા પર કોઈ આફત આવી પડે[૧૯૯] તો નજીક છે કે અલ્લાહ ફતેહ લાવે,[૨૦૦] અથવા પોતાના તરફથી કોઈ હુકમ.[૨૦૧] પછી (તેમણે) પોતાના હૃદયોમાં જે સંતાડયું હતું[૨૦૨] તેના પર પસ્તાતા રહી જાય (૫૨) અને[૨૦૩] ઈમાનવાળાઓ કહે છે કે, શું આ તે જ (લોકો) છે જેમણે પોતાના સોગંદમાં પૂરા પ્રયત્નથી અલ્લાહની કસમ ખાધી હતી કે તેઓ તમારા સાથે છે ? તેમનું કર્યું કારવ્યું બધું બેકાર ગયું. તો નુકસાનમાં રહી ગયા[૨૦૪] (૫૩) હે ઈમાનવાળાઓ ! તમારામાંથી જે કોઈ પોતાના ધર્મથી ફરી જશે[૨૦૫] તો નજીકમાં જ અલ્લાહ એવા લોકો લાવશે કે જે અલ્લાહને પ્રિય અને અલ્લાહ તેમને વહાલો (હશે), મુસલમાનો

*પર નરમ અને કાફિરો પર સખત, અલ્લાહના માર્ગમાં લડશે, અને કોઈ બુરુ ભલુ બોલનારની બકવાસને ધ્યાનમાં નહીં લાવે[૨૦૬] આ અલ્લાહનો ફઝલ છે, જેને ઈચ્છે તેને આપે, અને અલ્લાહ વિશાળતાવાળો જ્ઞાનવાળો છે. (૫૪)*

## :: સમજૂતી ::

**૧૯૪. મસ્અલો** : આ આયતમાં યહૂદીઓ અને નસરાનીઓ સાથે મિત્રતા અને કોલકરાર અર્થાત તેમને મદદ કરવી કે તેમની મદદ લેવી અને તેમની સાથે મહોબ્બતના સંબંધો રાખવાની મનાઈ કરવામાં આવી. આ હુકમ આમ (દરેક સમય લાગુ પડતો) છે. જો કે આયત એક ખાસ બનાવ સમયે ઉતરી હતી.

**શાને નુઝૂલ** : આ આયત હઝરત ઉબાદા બિન સામિત સહાબી અને અબ્દુલ્લાહ બિન ઉબૈ બિન સલુલ વિશે ઉતરી, જે મુનાફિકોનો સરદાર હતો.

હઝરત ઉબૈદા رضی اللہ عنہએ કહ્યું કે, યહૂદીઓમાં મારા ઘણા મિત્રો છે જેઓ ખૂબ શક્તિશાળી અને દબદબાવાળા છે, પણ હવે હું તેમની મિત્રતાથી બેઝાર છું અને અલ્લાહ તથા રસૂલની મહોબ્બત સિવાય હવે મારા દિલમાં કોઈની મહોબ્બતની ગુંજાઈશ નથી.

ત્યારે અબ્દુલ્લાહ બિન ઉબૈએ કહ્યું કે, હું તો યહૂદીની મિત્રતા છોડી શકતો નથી, મને આગળ આવનાર તાંડવોની બ્હીક છે, જેથી મારે તેમની સાથે સંબંધો રાખવા અનિવાર્ય છે.

હુઝૂર ﷺએ તેને ફર્માવ્યું, 'યહૂદીઓ સાથે મિત્રતા રાખવી એ તારું જ કામ છે, ઉબેદાનું એ કામ નથી' ત્યારે આ આયત ઉતરી. *(ખાઝિન)*

**૧૯૫** : આથી ફલિત થયું કે કાફિર કોઈ પણ હોય તેમને અંદર અંદર ગમે તેટલા મતભેદ હોય, પણ મુસ્લિમો સામે તો બધા એક જ છે. اَلْكُفْرُ مِلَّةٌ وَّاحِدَةٌ (કુફ્ર એક જ ટોળુ છે). *(મદારિક)*

**૧૯૬** : આમાં એ વાત અતિ ભારપૂર્વક જણાવવામાં આવી છે કે મુસલમાનો પર યહૂદીઓ, નસરાનીઓ અને દીનના દરેક વિરોધીથી અલગ રહેવું વાજિબ છે. *(મદારિક, ખાઝિન)*

**૧૯૭** : જેઓ કાફિરો સાથે મિત્રતા કેળવીને પોતાના પ્રાણો પર અત્યાચાર કરે છે.

હઝરત અબૂ મૂસા અશ્અરી (બસરાના ગવર્નર) رضی اللہ عنہનો સેક્રેટરી નસરાની હતો. અમીરૂલ મોમિનીન ફારૂકે આઝમ رضی اللہ عنہએ તેમને કહ્યું, 'નસરાની સાથે શું લેવા દેવા ? તમે આ આયત નથી સાંભળી, يَآيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوا الْيَهُوْدَ

તેમણે જવાબ આપ્યો, એનો ધર્મ એની સાથે મને તો એના કામ સાથે સંબંધ છે.

અમિરૂલ મો'મિનીને કહ્યું, અલ્લાહે એમને અપમાનિત કર્યા છે, તમે એમને ઈજ્જત ન આપો, અલ્લાહે એમને દૂર કર્યા, તમે એમને નજીક ન લાવો.

હઝરત અબૂ મૂસાએ જણાવ્યું, 'એના વગર બસરાના રાજયનું કામ ચલાવવું કપરૂ છે' અર્થાત એ કારણસર લાચારીથી એને રાખ્યો છે. કારણ કે એવી લાયકાતનો બીજો માણસ મુસ્લિમોમાં મળતો નથી.

ત્યારે અમીરૂલ મો'મિનીને કહ્યું કે, નસરાની મરી ગયો. વસ્સલામ એટલે ધારી લો કે તે મરી ગયો, એવા સમયે જે વ્યવસ્થા કરવાની હોય તે હમણા કરો. અને એનાથી કદાપિ કામ ન લો. આ અંતિમ વાત છે. *(ખાઝિન)*

**૧૯૮** : અર્થાત નિફાક.

**૧૯૯** : જેવું કે અબ્દુલ્લાહ બિન ઉબૈ મુનાફિકે કહ્યું.

**૨૦૦** : અને પોતાના રસૂલ મુહમ્મદ મુસ્તફા ﷺને વિજયી બનાવે. અને તેમના દીનને બધા ધર્મો કરતાં વધારે આગળ પડતો કરે. અને મુસલમાનોને એમના શત્રુઓ યહૂદીઓ અને નસરાનીઓ વિગેરે કાફિરો પર ફતેહ આપે. પછી આ ખબર સત્ય ઠરી, અને તેની કૃપાથી મક્કા શરીફ અને યહૂદીઓના શહેરો ફતેહ થયાં. *(ખાઝિન વગેરે)*

**૨૦૧** : જેવું કે હિજાઝની ધરતીને યહૂદીઓથી

પાક કરવી, અને ત્યાં તેમનું નામ નિશાન ન રહેવા દેવું. અથવા મુનાફિકોનાં રહસ્યો ખુલ્લા પાડીને તેમની ફજેતી કરવી. *(ખાઝિન વિ.)*

**૨૦૨ :** અર્થાત નિફાક અથવા મુનાફિકોનો તે ખ્યાલ કે હુઝૂર ﷺ કાફિરો સામે સફળ નહીં થઈ શકે.

**૨૦૩ :** મુનાફિકોની પોલ ખુલ્યા પછી.

**૨૦૪ :** કે દુનિયામાં બેઈજ્જત અને અપમાનિત થયા અને આખિરતમાં હમેશાંના અઝાબને લાયક ઠર્યા.

**૨૦૫ :** કાફિરો સાથે મિત્રાચારી અને સંબંધ અધર્મ અને ઈસ્લામ બેઝારી તરફ ઘસડી જનાર છે. એના વર્ણન પછી ઈસ્લામથી ફરી જનારાઓનું બયાન કર્યું. અને મુર્તદ બનતા પહેલાં લોકોના મુર્તદ બની જવાની ખબર આપી. જેમ કે એ ખબર સત્ય ઠરી, અને ઘણા લોકો મુર્તદ બની ગયા.

**૨૦૬ :** આ ગુણ જેના છે તે કોણ છે ? એમાં અમુક મંતવ્યો છે.

હઝરત અલી મુર્તઝા અને કતાદાએ કહ્યું, એ લોકો હઝરત અબૂબક્ર સિદીક઼ અને તેમના સાથીદારો છે, જેમણે નબીએ કરીમ ﷺ પછી ઈસ્લામથી ફરી જનારાઓ અને ઝકાતનો ઈન્કાર કરનારાઓ સામે જેહાદ કર્યો.

અયાઝ બિન ગનમ અશ્અરીએ કહ્યું છે કે, જ્યારે આ આયત ઉતરી ત્યારે સૈયદે આલમ ﷺએ હઝરત અબૂ મૂસા અશ્અરી સંબંધે ફર્માવ્યું કે, 'એ તેમની ક઼ોમ છે.'

એક કથન એવું છે કે તે લોકો યમનવાળા છે. જેમના વખાણ બુખારી અને મુસ્લિમની હદીષમાં છે. સદીનું કહેવું છે કે એ લોકો અન્સારી છે જેમણે સૈયદે આલમ ﷺની સેવા કરી હતી.

અને આ બધા કથનોમાં અંદરોઅંદર કશો વિરોધાભાસ નથી, કારણ કે એ તમામ લોકોનું એ ગુણો સાથે બંધબેસતુ હોવું તદન સત્ય છે.

## યાદે શોહદાએ કર્બલાના પ્રોગ્રામો

**દયાદરા** : ખાતે યાદે ઈમામે હુસૈન તથા શોહદાએ કર્બલા رضی اللہ عنہم اجمعین ની યાદમાં મુહર્રમુલ હરામના ચાંદ–૧ થી ચાંદ–૧૦ સુધી દરરોજ ઈશા બાદ મુખ્તારુલ મસાજિદમાં દુરૂદ શરીફની મેહફિલ બાદ યાસીન શરીફનો ખત્મ રાખવામાં આવ્યો અને ૭ મુહર્રમુલ હરામથી ૯ મુહર્રમુલ હરામ એટલે જુમ્આના રોજથી રવિવાર સુધી ઈશા બાદ હઝરત મૌલાના તૌસીફ રઝા હલદરવી સાહબે યાદે કર્બલામાં શાનદાર બયાનો કર્યાં. ૧૦ મુહર્રમ–સોમવારની રાતે ઈશા બાદ તેમજ મંગળવાર ૧૦ મુહર્રમની સવારમાં સાડા સાત વાગ્યે હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર) સાહેબે "શાને અહલે બયત" વિશે તેમજ "મક઼સદે શહાદતે હુસૈન" વિશે ઈમાન અફરોઝ બયાનો કર્યાં હતાં. ૧૦ મુહર્રમની સવારે બયાન બાદ મસ્જિદમાં મોટી સંખ્યામાં હાજર સુન્ની હઝરાતે પોત પોતે ૨ રકાત નફલ પઢી બાદમાં પેશ ઈમામ જનાબ ક઼ારી મકસૂદ અશરફી સાહબે સાડા આઠ વાગે દુઆએ આશૂરા પઢાવી ફાતિહા, દુઆ સલાતો સલામ બાદ પ્રોગ્રામ ખત્મ થયો હતો. ન્યાઝ કમિટી તરફથી દૂધની ફાતિહા રાખવામાં આવેલ જે આમ લોકોમાં વહેંચવામાં આવ્યું હતું.

એ જ પ્રમાણે ૧૦ મુહર્રમની સવારે સાડા નવ વાગ્યે **ખોજબલ** મુક઼ામે મસ્જિદમાં મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામ–જંબુસર)એ યાદે કર્બલામાં શાનદાર ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. તેમજ તા. ૨–૮–૨૦૨૨ ઈશા બાદ **દહેગામ** (જંબુસર) ખાતે તથા તા. ૭–૮–૨૦૨૨ રવિવારે અસર બાદ **આંકલવ** તેમજ એ જ દિવસે ઈશા બાદ **નાપા તળપદ** જૂની મસ્જિદ પાસે "યાદે ઈમામે હુસૈન"માં મૌલાનાએ બયાન કર્યું હતું. **બોડેલી** ખાતે પણ મસ્જિદે રઝામાં ઈશા બાદ તા. ૪–૮–૨૦૨૨ના રોજ "ફઝાઈલે અહલે બયત" પર બયાન કર્યું હતું. મૌલાના જાબિર રયહાનીએ તા. ૩–૮–૨૦૨૨ના રોજ મસ્જિદે આયશા (મેહફૂઝ નગર–જંબુસર) ખાતે ઈશા બાદ બયાન કરેલ.

## દર્સે હદીષે પાક એટલે
## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ
## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી **અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)*

**(વિભાગ : ૩)** *"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબી ﷺ જ્યારે નમાઝ શરૂ કરતા તો તકબીર કહેતા પછી કહેતા કે, મારી નમાઝ મારી કુર્બાની, મારી જિંદગી મારું મૌત અલ્લાહ રબ્બુલ આલમીનના માટે છે, એનો કોઈ શરીક નથી. હું એનો હુકમ આપવામાં આવેલ પ્રથમ મુસલમાન છું[1]. હે અલ્લાહ ! મને સારા અમલો અને અખ્લાક઼ની હિદાયત આપ. આ સારી ચીજોની હિદાયત તારા સિવાય કોઈ નથી આપી શકતું. મને બુરા અમલો તથા બુરી આદતોથી બચાવી લે, એ બુરાઈઓથી તારા સિવાય કોઈ નથી બચાવી શકતું[2]." (નિસાઈ)*

**૧.** જાહેર એ છે કે હુઝૂર ﷺની આ દુઆમાં اَلْمُسْلِمِیْنَ (અલ્મુસ્લિમીન)માં અલિફ લામ ઈસ્તગરાક઼ી છે. એટલે કે સર્વ મખ્લૂક઼માં પ્રથમ મુસ્લિમ છું, જેવું કે પહેલાં વર્ણન થઈ ચૂક્યું છે. અને જ્યારે આપણે એ દુઆ પઢીશું તો અલિફ લામ અહદી થશે એટલે કે આપણી ઔલાદમાં તથા આપણા હેઠળનાઓમાં પ્રથમ મુસ્લિમ છું, બલ્કે મિર્ક઼ાતે ફર્માવ્યું કે અવ્વલ મુસ્લિમીન કહેવું હુઝૂર ﷺના માટે ખાસ છે, આપણે લોકોએ આ પ્રમાણે કહેવું وَاَنَا مِنَ الْمُسْلِمِیْنَ. અને જો આપણે اوّل المسلمین કહીએ પણ તો ક્યાં તો આયતે કુર્આની અથવા હુઝૂરની દુઆ તિલાવત કરતાં કરતાં કહીએ.

**૨.** અમલોથી મુરાદ જાહેરી અમલો છે અને અખ્લાક઼થી મુરાદ બાતિની અમલો છે. એની પૂરી શરહ (સ્પષ્ટતા) અગાઉ વર્ણન થઈ ચૂકી છે. યાદ રાખશો કે અંબિયાએ કિરામ તથા અવલિયાએ એઝામના થકી હિદાયત મળે છે, અખ્લાક઼ નસીબ થાય છે, પરંતુ એ હિદાયતો રબ્બુલ આલમીનની તરફથી જ છે. જેથી આ હદીષ પર કોઈ વાંધો નથી.

*"હઝરત મુહમ્મદ ઈબ્ને મુસ્લિમથી[1] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે નફલ પઢવા ઉભા થતા[2] તો કહેતા, અલ્લાહ ઘણો જ મહાન છે. મેં મારો ચહેરો એની તરફ કર્યો જેણે આસ્માન તથા જમીન બનાવ્યાં. તમામ બુરાઈઓથી દૂર છું અને હું મુશ્રિકોમાંથી નથી[3]. અને બાકીની હદીષ હઝરત જાબિરની હદીષ જેમ વર્ણવી, પણ એવું કહ્યું કે હું મુસલમાનોમાંથી છું. પછી કહ્યું, ઈલાહી ! તું બાદશાહ છે તારા સિવાય કોઈ મઅબૂદ નથી તું પાક છે, હું તારી હમ્દ (વખાણ) કરું છું, પછી ક઼િરાઅત કરતા[1]." (નિસાઈ)*

**૧.** આપ અન્સારી છે. અવસી છે. ગઝવએ તબૂક઼ સિવાય બાકી સર્વ ગઝવાઓમાં હુઝૂર ﷺની સાથે રહ્યા. હઝરત મુસ્અબ બિન ઉમૈર رضی اللہ عنہના હાથ શરીફ પર મદીના પાકમાં ઈમાન ક઼બૂલ કર્યું. મુસલમાનોના ઈખ્તેલાફ પર આપ ગોશાનશીન રહ્યા. હિ.સ. ૪૦માં વફાત પામ્યા. આપ ફાઝિલ સહાબીઓમાંથી છે.

**૨.** આ હદીષ અગાઉ વર્ણન પામેલી સર્વ હદીષોની શરહ છે જેણે બતાવી આપ્યું કે નમાઝની આ સર્વ દુઆઓ તથા અઝકાર (ઝિક્રો) નવાફિલમાં છે. હનફીઓ એ જ કહે છે કે ફર્ઝો તથા વાજિબોમાં કેવળ سُبۡحَانَکَ اللّٰھُمَّ પઢે, નફ્લમાં જે ચાહે પઢે. આ હદીષ હનફીઓની મજબૂત દલીલ છે.

**૩.** એની શરહ (સ્પષ્ટતા) વર્ણન થઈ ચૂકી. એનાથી જાણવા મળ્યું કે **મક્બૂલ મો'મિન તે છે જેનું દિલ દરેક બેદીન અને દરેક બેદીનીથી નફરત કરતુ હોય.** કોઈ બુરાઈની તરફ ન ઝુકે. એ જ હનીફનો અર્થ છે. અલ્લાહ તઆલાએ ઈબ્રાહીમ علیہ السلامની તારીફમાં હનીફ ફર્માવ્યું.

**૪.** એટલે કે અઊઝુ બિલ્લાહ તથા બિસ્મિલ્લાહ પઢીને, જેવું કે અન્ય હદીષોમાં છે.

## બાબુલ્ ક઼િર્અતિ ફીસ્સલાત[1] بابُ القراءۃِ فی الصلوٰۃ
## (નમાઝમાં ક઼િરાઅત વિશે બયાન)

**(વિભાગ : ૧) : ૧.** નમાઝમાં કુર્આને કરીમની એક લાંબી આયત અથવા ત્રણ નાની આયતો પઢવી ફર્ઝ છે. સૂરએ ફાતિહા અને તેની સાથે અન્ય સૂરત મિલાવવી વાજિબ છે. ફર્ઝ નમાઝની પ્રથમ બે રકાતોમાં કુર્આનની તિલાવત ફર્ઝ છે, બાકી રકાતોમાં નફલ. અન્ય નમાઝોની દરેક રકાતમાં તિલાવત ફર્ઝ છે. એના વિસ્તારપૂર્વક મસાઈલ ફિક઼હની કિતાબોમાં જુઓ. યાદ રાખશો કે નમાઝનો પાયો ફેઅલો (કામો) પર છે, અક઼વાલ (ક઼ૌલો) પર નથી, એટલા માટે ગુંગા પર નમાઝ ફર્ઝ છે ભલે તે તિલાવત નથી કરી શકતો. પરંતું જે નમાઝના અરકાન અદા ન કરી શકે તેના પર નમાઝ માફ થઈ જાય છે.

*"હઝરત ઓબાદા બિન સામિત رضی اللہ عنہથી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે જે સૂરએ ફાતિહા ન પઢે તેની નમાઝ નથી." (મુસ્લિમ, બુખારી) મુસ્લિમની રિવાયતમાં છે કે તેની નમાઝ નથી જે સૂરએ ફાતિહા અને કાંઈક વિશેષ ન પઢે[2]."*

**૧.** હનફીઓની નજીક સૂરએ ફાતિહા વાજિબ છે ફર્ઝ નથી. અમુક ઈમામોની નજીક ફર્ઝ છે, તે હઝરાત હદીષનો એ અર્થ કરે છે કે જે ફાતિહા ન પઢે તેની નમાઝ કામિલ નથી. એટલે 'લા'એ નફી (નકાર માટેનો 'લા') જિન્સની ખબર તેમને ત્યાં સહીહ છે આપણે ત્યાં કામિલ. પણ હનફી મઝહબ ખૂબ જ ક઼વી (મજબૂત) છે અને તેમનો આ તર્જુમો ખૂબ જ યોગ્ય છે, કેટલાક કારણે : પ્રથમ એ કે હનફી તર્જુમા પ્રમાણે આ હદીષ કુર્આનની આ આયત વિરૂધ્ધ ન થશે, فَاقۡرَءُوۡا مَا تَیَسَّرَ مِنَ الۡقُرۡاٰنِ "હવે કુર્આનમાંથી જેટલુ તમારા પર આસાન હોય એટલુ પઢો." *(૭૩/૨૦, કન્ઝુલ ઈમાન)* અને એ બુઝુર્ગોના તર્જુમા પર આ હદીષ આ આયતની સખત વિરૂધ્ધ જશે. કેમ કે કુર્આનથી માલૂમ થઈ રહ્યું છે કે મુત્લક઼ન (વિના શર્ત ગમે તે આયતો)ની તિલાવત પૂરતી છે અને હદીષ કહી રહી છે કે વિના ફાતિહાએ નમાઝ થતી નથી. બીજુ એ કે એ જ હદીષના છેવટમાં આવી રહ્યું છે કે જે સૂરએ ફાતિહા અને સાથે કાંઈક અધિક ન પઢે તેની નમાઝ નથી. અને એ બુઝુર્ગોને ત્યાં સૂરત મિલાવવી ફર્ઝ નથી, જેથી એક જ શબ્દ વડે સૂરએ ફાતિહા ફર્ઝ માનવું અને સાથે જોડવાની સૂરતને ફર્ઝ ન માનવું એ કાંઈ વિચિત્ર વાત છે ! ત્રીજુ એ કે આગલી અબૂ હુરૈરહ رضی اللہ عنہની હદીષમાં હનફી અર્થ સ્પષ્ટપણે આવી રહ્યો છે કે જે નમાઝમાં અલ્હમ્દુ ન પઢે તેની નમાઝ અપૂર્ણ છે. અને હદીષની શરહ હદીષથી

હોય તો ક઼વી (મજબૂત) છે. તેમજ હનફીઓની નજીક ફાતિહા મુત્લક઼ન પઢવાથી મુરાદ મુત્લક઼ન પઢવું છે. એકલો ઈમામ હક઼ીક઼તન ફાતિહા પઢશે અને મુક઼તદી હુકમન પઢશે, કે ઈમામનું પઢવું એનું પઢવું માનવામાં આવે છે. પણ અમુકની નજીક અહીં હક઼ીક઼તન પઢવું જ મુરાદ છે. તેમને ત્યાં મુક઼તદી પર પણ ફાતિહા પઢવું ફર્ઝ છે. પરંતું હનફીઓની સ્પષ્ટતા કેટલાક કારણોસર અતિશય મજબૂત છે. એક એ કે એ સ્થિતિમાં આ હદીષ આ આયતની વિરૂધ્ધ ન જશે : وَاِذَا قُرِئَ الْقُرْاٰنُ فَاسْتَمِعُوْا لَهٗ وَاَنْصِتُوْا لَعَلَّكُمْ تُرْحَمُوْنَ "અને જ્યારે કુર્આન પઢવામાં આવે તો એને કાન લગાડીને સાંભળો અને ખામોશ રહો કે તમારા પર રહમ થાય." *(૭/૨૦૪, કન્ઝુલ ઈમાન)* એ લોકોની તફસીરના પ્રમાણે આયત તથા હદીષ વચ્ચે સખત ટકરાવ થશે. બીજુ એ કે આ સ્થિતિમાં એ હદીષ મુસ્લિમ શરીફની આ રિવાયતની ખિલાફ ન થશે. وَاِذَا قَرَءَ فَاَنْصِتُوْا ત્રીજુ એ કે હનફી તર્જુમાના પ્રમાણે રૂકૂઅમાં જોડાનારો વિના સંકોચે રકાત મેળવી લેશે પણ એ લોકોને આ મસ્અલામાં ખૂબ જ તકલીફ ઉભી થશે કે ફાતિહા પઢયા વિના રકાત કેવી રીતે મેળવી લીધી ?! ચોથુ એ કે અમુક સ્થિતિઓમાં એ લોકો આ હદીષ પર અમલ નથી કરી શકતા. દા.ત. મુક઼તદી ફાતિહાની વચ્ચે હતો એવામાં ઈમામે રુકૂઅ કરી દીધો. તેના માટે આ હદીષ જાન માટે વબાલ બની જશે ! જેથી હનફી મઝહબ અતિશય ક઼વી (મજબૂત) છે અને આ હદીષ એમની તદન વિરૂધ્ધ નથી. એની સંપૂર્ણ તેહક઼ીક઼ અમારી કિતાબ 'જાઅલ હક઼્ક઼' ભાગ–૨માં જુઓ.

**૨.** એટલે કે નમાઝી પર સૂરએ ફાતિહા પઢવી પણ વાજિબ છે અને એની સાથે કાંઈક અધિક તિલાવત પણ વાજિબ છે કે જો એમનામાંથી એક પર પણ અમલ ન કરવામાં આવ્યો તો નમાઝ અપૂર્ણ થશે. આ હદીષ હનફીઓની મજબૂત દલીલ છે. જે લોકો આ હદીષના આધારે દરેક નમાઝી પર સૂરએ ફાતિહા પઢવાનું ફર્ઝ કહે છે તેઓ فصاعدًا (ફસાઈ઼દા)ના બારામાં શું કહેશે, કેમ કે એમના ત્યાં સૂરત મિલાવવી ફર્ઝ નથી.

---

પેજ 19 નુ ચાલુ કરવા માટે જમા કર્યા હતા. આવું ફર્માવીને કલમો પઢયો અને દુનિયાથી વિદાય થઈ ગયા.

બુખારામાં એક એવો શખ્સ મૃત્યુ પામ્યો જેનો વારસો શરીઅતની રૂએ આપને પહોંચ્યો હતો. જેથી ક઼ાઝીએ વારસાના માલને અમાનત રૂપે જમા કરીને આપને ખબર મોકલી આપી. એ વખતે આપની ઉમર ૧૮ વરસની હતી. અને જ્યારે આપ બુખારા પહોંચ્યા તો વસ્તીની નજીક લોકોએ સ્વાગત કરીને અમાનત આપને સોંપી દીધી, અને એ જ રકમ આપની પાસે જમા હતી જેને મરતી વખતે સદક઼ો કરી આપ્યો. અને એ પણ મશહૂર છે કે જે રાત્રે આપ મૃત્યુ પામ્યા તો લોકોએ ગયબથી એ અવાજ સાંભળ્યો કે આજે તક઼વો મરી ગયો.

કોઈએ ખ્વાબમાં જોઈને આપને પૂછયું કે ક઼બ્રની ગભરામણ તથા એકાંતમાં આપે સબ્ર કેવી રીતે કરી ? ફર્માવ્યું કે મારા મઝારને અલ્લાહે જન્નતના બાગોમાં ફેરવી દીધુ. પછી કોઈ બીજાએ ખ્વાબ જોયો કે આપ જન્નતમાં એક ઝાડથી બીજા ઝાડ પર ઉડી રહ્યા છે. અને જ્યારે તેણે પૂછયું કે આ મર્તબો આપને કેવી રીતે હાંસલ થયો ? તો ફર્માવ્યું કે ઝોહદ તથા તક઼વાથી.

આપ ખુદાની મખ્લૂક઼ સાથે ખૂબ પ્રેમભાવ સાથે મળતા હતા. જેમ કે એકવાર એક પક્ષી પિંજરામાં બેચેનીપૂર્વક હતું તો આપે તેને આઝાદ કરી આપ્યું અને તે જ પક્ષી આપને ત્યાં પહોંચીને આપની ઈબાદતને જોતુ રહેતુ હતું, અને આપની વફાત બાદ જનાઝા પરથી ક્યારેક રડતુ રડતુ પસાર થઈ જતુ અને ક્યારેક જનાઝા પર આળોટતુ તથા તડપતુ હતું અને જ્યારે આપ દફન થઈ ચૂક્યા તો તે પક્ષી મોટાભાગે આપના મઝાર પર રડતુ રહેતું હતું, ત્યાં સુધી કે એક દિવસે કબરમાંથી અવાજ આવ્યો કે મખ્લૂક઼ પર પ્રેમભાવના કારણે ખુદાએ તેમની મગફિરત કરી દીધી.

# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

# અસ્રારુલ અવલિયા

મલ્ફૂઝાતે ઝાહિદુલ અલ્કિયા, સિરાજુલ અવલિયા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર મસઊદ અજોધની (પાકપટ્ટની) ચિશ્તી رحمۃ اللہ علیہ

**સંપાદક** : હઝરત ખ્વાજા બદર ઈસ્હાક્ رحمۃ اللہ علیہ

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

### ★ શબે ફાકા દુરવેશની મેઅરાજ છે ! ★

ફર્માવ્યું, શબે ફાકા (જે રાતે ખાવાનુ ન મયસ્સર થાય તે રાત) દુરવેશના માટે મેઅરાજ હોય છે. જેમ કે કહેવામાં આવે છે કે معراج الفقرا ٔ لیلتہ الفاقہ એટલે કે, "ફકીરોની મેઅરાજ શબે ફાકા છે." અને લોકોની નજરથી છુપાયને સૂઈ જાય છે. જો શહેરો તથા કસ્બાઓમાં દુરવેશોની બરકત ન હોત તો આ શહેર તથા સ્થળો અત્યાર સુધીમાં ખંડેરોમાં તબદીલ થઈ ચૂક્યાં હોત. દુનિયામાં આબાદી એ મુક઼દ્દસ લોકોના મુબારક ક઼દમોના સબબથી છે.

સૈયદના મૂસા علیہ السلامને હુકમ થયો, હે મૂસા ! (علیہ السلام) **જો આ દુરવેશોની દુઆઓ માર્ગમાં આડ ન બનત તો દુનિયાદારો તથા ગુનેહગારોના જુર્મોના સબબે અત્યાર સુધીમાં અમે આ દુનિયાને તળે ઉપર કરી ચૂક્યા હોત. આ એ નુફૂસે કુદસિયા (પવિત્ર જીવો)ના ક઼દમોની બરકત છે કે દુનિયા હજી સુધી ક઼ાયમ (સલામત) છે.**

### ★ દુરવેશોથી અદાવતની સજા ★

કોઈ દુરવેશ કોઈ શહેરથી દિલગીર તથા ગમગીન થઈને ન જવો જોઈએ, નહીં તો એ શહેરની તબાહી નિશ્ચિત છે. ફર્માવ્યું, મુલતાનનો વાલી શેરખાન મારા બારામાં સારો ખયાલ ધરાવતો ન હતો. મેં કેટલીય વાર તેને સારી રીતે સમજાવ્યો કે દુરવેશોથી કીનો રાખવો ઠીક નથી, કે એમાં તારી હુકૂમતનું નુકસાન છે. તેણે મારી વાત પર ધ્યાન ન ધર્યુ. જેથી જ્યારે ઓચ સ્થળે લશ્કરનો હુમલો થયો, તો એ શેરખાન સિવાય અન્ય કોઈ વ્યક્તિ ક઼ત્લ ન થઈ.

درویش را شہر نبودے اگر مقام گشتے سراسر ایں ہمہ عالم خراب حال

"દુરવેશ શહેરોમાં ન વસે તો આ હર્યા ભર્યા શહેર ખંડેર બની જાય."

ત્યાર બાદ હઝરત શયખુલ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, હે દુરવેશ ! ખુદાવંદે તઆલા ﷻ જ્યારે કોઈ સ્થળને વિરાન કરવા ચાહે છે, અથવા દુકાળ તથા વબાની અજમાઈશમાં સપડાવવા ચાહે છે અથવા ત્યાંની આબાદીને પરેશાન હાલ અને ખરાબ તથા પડતીમાં નાખવાનો હેતુ હોય છે તો પહેલાં જ એ સ્થળના મશાઈખ તથા ઉલમાને પરત બોલાવી લેવામાં આવે છે. લાહોર શહેરની વિરાનીનો પણ એ જ સબબ થયો. એ શહેરમાં એક દુરવેશ હતા. બુઢન તેમનું નામ હતું. ઘણા તારિક, શાગિલ, ઝાકિર હતા. જ્યારે મોગલોનો હુમ્લો થવાનો હતો તો તેનાથી પહેલાં એક જુમ્આના મસ્જિદમાં તશરીફ લાવ્યા. નમાઝ અદા કરી, અને શહેરવાસીઓને કહ્યું, શહેરવાસીઓ ! હું આપના શહેરથી ચાલ્યો જનાર છું. તો શહેરવાસીઓમાંથી કોઈએ તેમને ન કહ્યું કે હઝરત ! આપ શા માટે જાવ

છો ?! બલ્કે તેમણે ખયાલ કર્યો કે, સારું ! ચાલ્યા જાય તો ! જ્યારે એ બુઝુર્ગ લાહોર શહેરથી વિદાય થયા તો મોગલોએ થોડાક જ દિવસોમાં હુમ્લો કરી દીધો. એ શહેરના સર્વ લોકોને કેદી બનાવવામાં આવ્યા અને લાહોર તબાહ તથા બર્બાદ થઈ ગયું.

હે દુરવેશ ! તમને ખબર છે કે જે શહેરમાં મશાઈખ તથા ઉલમામાંથી કોઈ ઈન્તેકાલ કરી જાય છે તો ફરિશ્તા તેના મૌત પર રડે છે. આ હકીકત છે કે જે સ્થળે દુરવેશનો વસવાટ નથી તે સ્થળ ખૈર તથા ભલાઈની જગા નથી.

## ★ દુનિયાનો ત્યાગ એ સૌથી મોટી ઈબાદત છે. ★

ફર્માવ્યું, એકવાર સૈયદના ઈસા علیہ السلام એક દુરવેશ પાસેથી પસાર થયા. તે સૂતેલા હતા. આપે તેમને જગાડયા અને ફર્માવ્યું, ઉઠો ! ખુદાની ઈબાદત કરો ! એ દુરવેશે જવાબ આપ્યો, મેં ખુદાની ઈબાદત કરી છે જે સર્વ ઈબાદતોથી સારી છે. હઝરત ઈસા علیہ السلامએ પૂછયું, એ કઈ ઈબાદત છે ?! કહ્યું, દુનિયા અને દુનિયાવાળાઓને છોડી આપ્યા. અને કુર્આની આયત قلیل من عملનો ઉલ્લેખ છે.

હે દુરવેશ ! જે શખ્સ આ દુનિયાથી એવી રીતે વિદાય થાય કે તેની મિસ્કીની એવી સ્થિતિ બતાવે કે ન દીનાર હોય ન દિરહમ, તે જન્નતમાં જશે. દોઝખની આગથી આઝાદ થશે.

હઝરત રસૂલે કરીમ ﷺની પવિત્ર બારગાહમાં એક સાઈલ હાજર થયો. એ વખતે આપની પાસે કોઈ ચીજ મૌજૂદ ન હતી. સાઈલ મેહરૂમ પલટયો. તો હુઝૂરે અન્વર ﷺના દિલ મુબારકમાં ખયાલ ગુજર્યો કે દુનિયા પણ એક ચીજ છે. કાશ ! એવું થાત કે કોઈ સાઈલ અમારા દરવાજેથી મેહરૂમ ન જાત. જેવો કે આ ખયાલ આવ્યો તો સૈયદના જિબ્રઈલ હાજર થયા. દુનિયાભરના ખજાનાઓની ચાવીઓ સરકાર ﷺની બારગાહે કુદસિયામાં પેશ કરી આપી, અને અર્ઝ કરી : હુઝૂર ! આપના પરવાદિગારનું ફર્માન છે કે એને વાપરો, આપનાથી કોઈ હિસાબ કિતાબ ન થશે. રસૂલુલ્લાહ ﷺ મુસ્કુરાયા અને ફર્માવ્યું, મારા ભાઈ જિબ્રઈલ ! જેણે પોતાના ઈખ્તિયાર તથા રાજીખુશીથી દુરવેશી સ્વીકારી હોય તેણે દુનિયાને શું કરવી છે.

સૈયદે કાઈનાત ફખ્રે દો આલમ ﷺએ જે આ હદીષ મુબારક વર્ણવી છે, الدنیا مزرعۃ الاخر "દુનિયા આખેરતની ખેતી છે" એનો હેતુ એ છે કે સખાવતનું બીજ જમીનમાં વાવે. એટલે સદકા તથા ખૈરાત કરો, કેમ કે કયામતમાં જે કાંઈ તમે વાવશો તેવુ જ લણશો. કહેવત પણ છે કે, "જેવું વાવે તેવુ લણે".

## ★ દુરવેશોના હાલત ★

શયખુલ ઈસ્લામે ફર્માવ્યું, અઝીઝો ! દુરવેશી તો કરી ગયા શયખ શહાબુદ્દીન સુહરવર્દી رحمۃ اللہ علیہ ! એ હાલ હતો કે સવારથી લઈને સાંજ સુધી ખાનકાહે મુઅલ્લામાં દરેક આવનારને જ્યાં સુધી કાંઈ ખવડાવી પીવડાવી ન લેતા ત્યાં સુધી જવા ન દેતા.

એક દુરવેશ હતા જેમનું નામ શયખ સઈદ તબરેઝી, જલાલુદ્દીન તબરેઝી رحمۃ اللہ علیہની નિસ્બતથી હતું. અધિકતર ફાકાકશીના આલમમાં જિંદગી ગુજારતા, અને કોઈની પાસેથી કોઈ ચીજ સ્વીકારતા ન હતા, ત્યાં સુધી કે એકવાર ત્રણ દિવસનો ફાકો થઈ રહ્યો હતો. ખાવા પીવાની ચીજોમાં કાંઈ પણ પાસે ન હતું. શયખ અને તેમના સાથીઓ હિંદી ખરબૂઝાથી ઈફતાર કરતા. અને આ રીતે દિવસો વ્યતીત કરી રહ્યા હતા. જેથી શહેરના હાકિમને તેમના હાલની ખબર મળી તો તેણે અમુક રોકડ રકમ રવાના કરી કે શયખના ખાદિમને આપી દે કે થોડો ખર્ચ કરતો રહે જેથી શયખને ખબર ન પડે કે શહેરના હાકિમની

તરફથી નઝરાણુ આવેલ છે. હાકિમના દરવાને શયખના ખાદિમને ખાસ નસીહત કરી કે એને મસ્લેહત પ્રમાણે ખર્ચ કરે, જેથી રાઝ ખુલી ન જાય અને શયખને ખબર ન થઈ શકે. તે દરવાન જતો રહ્યો. શયખનો ખાદિમ (દરવેશી જલાલ)ની સામે એ રાઝને છુપુ ન રાખી શક્યો જેથી શયખને એ નઝરાણાનો ઈલ્મ થઈ ગયો. આપે ફર્માવ્યું, તે શખ્સ જે આ રકમ લાવ્યો તે મારી નાખકાહમાં ક્યાં સુધી આવ્યો ? તો ખાદિમે નિશાન બતાવ્યું. આપે ત્યાં સુધીની જમીન ખોદાવી અને માટી બહાર ફેંકી દીધી. ખાદિમને તે રૂપિયાની સાથે ખાનકાહથી બહાર કાઢી મૂક્યો.

અમીરુલ મો'મિનીન હઝરત અલી کرم اللہ وجہہ الکریم છ દિવસ સુધી ખાવાથી મેહરૂમ રહ્યા. તેમના પૂરા ઘરમાં ફાકાની સ્થિતિ હતી. છ દિવસ બાદ થોડુ સરખુ ખાણુ, મયસ્સર થયું. ખાવા જ ચાહતા હતા એવામાં સાઈલે દરવાજા પર અવાજ આપ્યો, આજે સાત દિવસ થયા મેં કાંઈ ખાધુ નથી, તો ખુદાને ખાતર મને કોઈ ચીજ આપો. અમીરુલ મો'મિનીન رضی اللہ عنہ એ તરત જ ખાવા સાહબઝાદાઓ સામેથી ઉઠાવ્યું અને સાઈલને આપી દીધું. અને ફર્માવ્યું કે તમે અધિક મુસ્તહિક્ છો, કેમ કે તમે સાઈઠ દિવસના ભૂખ્યા છો. આપે ખાવા ન ખાધુ. હે દુરવેશ ! દુરવેશી તો આનુ નામ છે.

દુરવેશ જ્યારે માથુ મુરાકબામાં ઝુકાવે છે તો અઢાર હજાર આલિમ તેની સામે હોય છે. અને જ્યારે ક઼દમ રાખે છે તો અર્શથી તહતુષ્ષરા સુધી પસાર થઈ જાય છે. અને આ દુરવેશીની અવ્વલ મંઝિલ છે. પછી હઝરતે આ બે શેઅરો કહ્યા :–

چو درویش در عشق گز دو فرود     بیکدم سراز عرش بالا کند

''હે અઝીઝ ! આશિક઼ોના દિલ દરેક સમયે હિજાબે અઝમતનો તવાફ કરતા રહે છે. એક ક્ષણના માટે આશિક઼ દુરવેશ આ નેઅમતથી ખાલી થઈ જાય તો ફના થઈ જાય, કેમ કે અન્વારે તજલ્લી અને અસ્રારે ઈલાહી હમેશાં તેમનાં દિલો પર જલ્વારેઝ રહે છે. અને આ લોકો આ હાલતોમાં ડૂબેલા હોય છે.''

આ લાભદાયી ફવાઈદ વર્ણન કર્યા બાદ મજલિસ બરખાસ્ત થઈ, હઝરત ઘરની અંદર તશરીફ લઈ ગયા અને અમે ખાદિમો બારગાહેથી પરત અમારા ઘરોએ પલટી આવ્યા. الحمدللہ علیٰ ذالك

## દયાદરામાં જશ્ને મુફ્તીયે આ'ઝમે હિંદ મનાવાયો

આરિફ બિલ્લાહ, કુત્બે ઝમાં, હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ મુસ્તફા રઝાખાં બરેલ્વી رحمۃ اللہ علیہના ૧૪ મુહર્રમ ઉર્સ નિમિત્તે દયાદરા મુખ્તારુલ મસાજિદમાં તા. ૧૩–૮–૨૦૨૨ શનિવાર અસર બાદ યાસીન શરીફનો ખત્મ રાખવામાં આવેલ અને ૧૪–૮–૨૦૨૨ રવિવારે અસર બાદ સુન્ની દા'વતે ઈસ્લામીના સુન્ની ઈજતેમામાં હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની શાનમાં આપના તક઼વા, આપની કરામતો સંબંધે ઈમાન અફરોઝ બયાન હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી સાહબ (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ કર્યું હતું.


આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે...

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** (ગુજરાતી તર્જુમા સાથે)

સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

હદિયો : રૂા. ૫૦૦/– (ટપાલ ખર્ચ રૂા. ૧૦૦ અલગ)

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

Phonepay/Googlepay/Paytm Mo. 94274 64411

WhatsApp No. Mo.9664521477

# તઝકેરતુલ અવલિયા
## હઝરત رحمۃ اللہ علیہ સુફયાન સૌરી
## હાલાત તથા ખૂબીઓ
### હપ્તો ૪૫

**હિકમત ભરી હકીકતો :** આપ ફર્માવ્યા કરતા હતા કે આરિફોને મઅરેફત, આબિદોને કુર્બત અને હકીમોને હિકમત અલ્લાહ તઆલા જ અતા ફર્માવે છે. પછી ફર્માવ્યું કે ગિર્યાઓ ઝારી (રૂદન સાથે આજીજી)ના દસ પ્રકારો છે જેમાં નવ હિસ્સા રિયાથી ભરપુર હોય છે અને એક હિસ્સો ખશિય્યત (ખૌફ)થી લબરેઝ હોય છે. પછી ફર્માવ્યું કે જો ખુદાના ડરથી એક આંસુ પણ નીકળી પડે તો તે જીવનભરના તે રૂદનથી બેહતર છે જેમાં ખૌફે ઈલાહી સામેલ ન હોય. પછી ફર્માવ્યું કે નેક અમલો કરનારાના અમલોને ફરિશ્તા નેક અમલના રજીસ્ટરમાં નોંધી લે છે અને જ્યારે કોઈ એ અમલો પર ફખ્ર કરવા લાગે છે તો પછી તે જ અમલોને રિયાના (દેખાવના અમલોના) રજીસ્ટરમાં તબદીલ કરી દેવામાં આવે છે. પછી ફર્માવ્યું કે સુલ્તાનો તથા અમીર ઉમરાવોથી સંબંધ ધરાવનારો આબિદ પણ રિયાકાર હોય છે. અને ઝાહિદની ઓળખ એ છે કે નેક કામ અંજામ આપીને ન તો તેમના પર ગર્વ કરે અને ન પોતાના ઝોહદનો ઢંઢેરો પીટે. અને ઝોહદનો હકીકી ભાવાર્થ એ છે કે મોટુ (બારીક નહીં) અનાજ અને ફાટેલો લિબાસ ઉપયોગ કરતો રહે અને દુનિયાથી ન તો દિલ લગાડે અને ન ઉમ્મીદોમાં વધારો કરે.

પછી ફર્માવ્યું કે ગોશાનશીનને આખેરતમાં નજાત મળી જાય છે. પછી કોઈને સવાલ કર્યો કે ગોશાનશીની કરીને જીવન કેવી રીતે વ્યતીત કરે ? ફર્માવ્યું કે ખુદાથી ડરેલા રહેનારાઓને જીવન વ્યતીત કરવાનો ગમ નથી રહેતો. પછી ફર્માવ્યું કે લોકોની નજરથી છુપો રહેનાર એટલા માટે બેહતર હોય છે કે પૂર્વજ બુઝુર્ગો (અસ્લાફ)નો તરીકો એ જ હતો કે અઝમતને બદલે ઝિલ્લતને પસંદ કરતા હતા. પછી ફર્માવ્યું કે દુનિયાવાળાઓનું સૂવુ જાગૃતાવસ્થા કરતાં એટલા માટે અફઝલ છે કે તે ઊંઘની હાલતમાં દુનિયાથી દૂર રહે છે. પછી ફર્માવ્યું કે ઝાહિદની સોહબત અપનાવનાર બાદશાહ એ ઝાહિદ કરતાં બેહતર છે જેને બાદશાહની નિકટતા હાંસલ હોય. પછી ફર્માવ્યું કે મખ્લૂકમાં પાંચ પ્રકારના લોકો અધિક હરદિલ અઝીઝ (સૌમાં પ્રિય) હોય છે : પ્રથમ ઝાહિદ આલિમ, બીજો ફકીહ સૂફી, ત્રીજો તવાઝોઅ (આજીજી)વાળો માલદાર, ચોથો શાકિર દુરવેશ, પાંચમો શરીફ સુન્ની. પછી ફર્માવ્યું કે યકીનવાળાઓ તકલીફોને યોગ્ય જાણી સ્વીકારીને કદી નાશુક્રી નથી કરતા. પછી ફર્માવ્યું કે અમે તેમને મેહબૂબ ખયાલ કરીએ છીએ જેઓ ઝખ્મ પહોંચાડે છે અને અમારી દોલત પર કબજેદાર થઈ જાય છે. પછી ફર્માવ્યું કે જો તમને કોઈ સારો કહે તો તેને અણગમા સાથે ઠુકરાવી દો.

કોઈએ યકીનનો ભાવાર્થ પૂછયો તો ફર્માવ્યું કે દિલી અવાજનું નામ યકીન છે અને યકીનવાળા મઅરેફત સુધી પહોંચ હાંસલ કરી લે છે. અને યકીનનો આ ભાવાર્થ પણ છે કે દરેક મુસીબતને અલ્લાહ તરફથી સ્વીકારવામાં આવે. લોકોએ આપને સવાલ કર્યો કે હુઝૂરે અકરમ ﷺએ જે એવું ફર્માવ્યું કે અધિક ગોશતખોરોને અલ્લાહ તઆલા દુશ્મન ગણે છે, છેવટે એમાં શો ભેદ છે ? આપે જવાબ આપ્યો કે અહીં ગોશતથી મુરાદ ગીબત છે, કેમ કે **મુસલમાનની**

❒ **અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર* رحمۃ اللہ علیہ ❒ **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

**ગીબત કરનારાઓને અલ્લાહ તઆલા દુશ્મને જાણે છે.**

આપે હઝરત હાતિમને ફર્માવ્યું કે હું તમને આ ચાર ચીજોથી ચેતવું છું જેને લોકોએ ગફલતના કારણે ભૂલાવી દીધેલ છે : પ્રથમ, એ કે લોકો પર તોહમતો લગાડીને તેમને બુરુ ભલુ કહેવું ખુદા તઆલાના હુકમોથી ગાફેલ કરી દે છે. બીજુ, કોઈ મો'મિનની પ્રગતિ પર ઈર્ષા કરવી એ નાશુક્રીની પૂર્વ ભૂમિકા છે. ત્રીજુ **નાજાઈઝ દોલત જમા કરવાથી માણસ આખેરતને ભૂલી જાય છે.** ચોથુ ખુદા તઆલાની ચેતવણી પર ભયભીત ન થવા પર અને એ ચેતવણીઓ પર નારાઝગી પ્રદર્શિત કરવાથી કુફ્ર લાગુ થઈ જાય છે, અને આ સર્વ ચીજો અત્યંત બુરી છે.

જ્યારે આપનો કોઈ ઈરાદતમંદ (મુરીદ) સફરનો ઈરાદો કરતો તો આપ ફર્માવતા કે જો રસ્તામાં ક્યાંક મૌત નજરે ચઢે તો મારા માટે લઈ આવજો. અને મરતી વેળા રડીને ફર્માવ્યું કે હું મૌતનો ઘણો જ ખ્વાહિશમંદ રહેતો હતો પરંતુ આજે જણાયું કે મોત લાઠી ટેકવીને દુનિયામાં સફર કરવા કરતાં કેટલાક અંશે અધિક મુશ્કેલ છે. એટલે ખુદાની રૂબરૂ હાજર થવું આસાન કામ નથી. અને મૌતનો ઉલ્લેખ સાંભળીને ડરના માર્યા બેહોશ થઈ જયા કરતા હતા અને લોકોને નસીહત કરતા કે મૌતથી પહેલાં તેનો સામાન તૈયાર કરી લો. અને જ્યારે મૌતના સમયે લોકોએ અર્ઝ કરી કે આપને જન્નત મુબારક થાય ! તો ફર્માવ્યું કે જન્નતવાળાઓ તો અન્ય લોકો હોય છે, મારી ત્યાં સુધી પહોંચ ક્યાંથી થઈ શકે છે !

જે સમયે બસરામાં આપ બીમાર પડયા તો બસરાના હાકિમ આપને તલાશ કરવાનો હુકમ આપ્યો અને જ્યારે લોકો તલાશ કરતા કરતા પહોંચ્યા તો આપને પાલતુ પ્રાણીઓને બાંધવાની જગાએ પામ્યા, અને એ વખતે પેટના દર્દ તથા ચૂંકના કારણે ખૂબ જ બેચેનીમાં હતા. પરંતુ એવી હાલતમાં પણ ઝિક્રે ઈલાહીથી એક પળ માટે પણ ગાફિલ ન થયા. અને એ જ રાત્રે લોકોએ જોયું કે આપ રાતભરમાં સાઈઠ વાર જાજરૂ ગયા, અને દરેક વખતે વુઝૂ કરીને નમાઝમાં મશગૂલ થઈ જતા. અને જ્યારે લોકોએ અર્ઝ કર્યું કે આવી હાલતમાં તમો વારંવાર વુઝૂ ન કરો. તો ફર્માવ્યું કે હું એટલા માટે બાવુઝૂ મરવા ચાહું છું કે ખુદાની સમક્ષ નાપાક હાલતમાં ન પહોંચું.

હઝરત અબ્દુલ્લાહ મહેંદી વર્ણવે છે કે હું મૌતના સમયે આપની પાસે જ હતો અને આપે ફર્માવ્યું કે મારો ચહેરો જમીન પર રાખી દો, કેમ કે હવે સમય તદન નજીક છે. જેથી હું હુકમનું પાલન કરીને લોકોને ખબર આપવાના હેતુથી બહાર નીકળ્યો અને બહાર નીકળીને જોયું કે એક મોટી ભીડ છે. અને જ્યારે મેં એ લોકોને પૂછયું કે તમને આપની ગંભીર હાલતની જાણ કેવી રીતે થઈ ? તો એ લોકોએ કહ્યું કે, અમને ખ્વાબમાં એ હુકમ આપવામાં આવ્યો છે કે સુફયાન થૌરીની મૈયત પર પહોંચી જાવ. જેથી જે વખતે લોકો અંદર પ્રવેશ્યા તો આપની હાલત ખૂબ જ ગંભીર હતી. અને આપે તકીયાની નીચેથી એક હજારની થેલી કાઢીને ફર્માવ્યું કે આને ફકીરોમાં વહેંચી દો. એ વખતે લોકોના દિલમાં એ વસવલો પેદા થયો કે આપ અન્ય લોકોને તો દોલત જમા કરવાથી મના કરતા રહ્યા અને પોતે એક હજાર દીનાર જમા કરી લીધા. પરંતુ આપે લોકોની નિય્યતને ભાંપી લેતાં ફર્માવ્યું કે આ દીનારોથી મેં ઈમાનની રક્ષા કરી છે, કેમ કે જ્યારે ઈબ્લીસ મને પૂછતો હતો કે હવે તમે ક્યાંથી ખાશો ? તો હું જવાબ આપતો કે મારી પાસે આ દીનાર મૌજૂદ છે. અને જ્યારે એ સવાલ કરતો કે તમને કફન ક્યાંથી નસીબ થશે ? એ વખતે એ જ જવાબ આપતો. જ્યારે કે મને એ દીનારોની રજમાત્ર જરૂરત ન હતી, પણ શૈતાની વસવસાઓને દૂર વધુ પેજ 14 પર..

'ઈમામ' તથા 'આ'લા હઝરત' તથા 'રદ્દિયલ્લાહુ અન્હૂ' વિશે

# દેવબંદીઓના વાંધાઓના ખુલાસાવાર જવાબો

**અઝ : હઝરત મૌલાના યાસીન અખ્તર મિસ્બાહી**
*(દારુલ ક઼લમ–દિલ્હી)*
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

*અમુક દેવબંદી વગેરે ફિર્ક઼ાવાળા તરફથી આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત, ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ને આ'લા હઝરત તથા ઈમામ તથા رضی اللہ عنہ (રદિયલ્લાહુ અન્હૂ) લખવા વિશે વાંધા ઉઠાવવામાં આવે છે તો પ્રસ્તુત લેખમાં એના રદિયામાં સંતોષકારક ખુલાસો આપવામાં આવ્યો છે. –તંત્રી*

ફક઼ીહે ઈસ્લામ ઈમામ અહમદ રઝા હનફી, ક઼ાદરી, બરકાતી, બરેલ્વીને અન્ય સેંકડો ઉલમાએ મિલ્લત તથા અહલે સુન્નતના અકાબિર (પેશવાઓ)ની જેમ કદી ઈમામ, કદી આ'લા હઝરતના લક઼બ વડે યાદ કરવામાં આવે છે, અને તેમના માટે દુઆના શબ્દો 'રદ્દિયલ્લાહુ અન્હૂ' (رضی اللہ عنہ) તથા 'રહ્‌મતુલ્લાહિ અલૈહ' (رحمۃ اللہ علیہ) કહેવામાં તથા લખવામાં આવે છે. અરબ તથા અજમ (અરબસ્તાન સિવાયની દુનિયા)માં પોતાના અગ્રગણ્ય પેશવાઓ તથા રહનુમાઓને આ પ્રમાણે લખવાનો એટલા પ્રમાણમાં રિવાજ તથા નિયમ છે કે કોઈ પઢેલા લખેલા મુસલમાન માટે એના હવાલાની કે નિર્દેશની રજમાત્ર જરૂર મહેસૂસ નથી કરવામાં આવતી.

## ★ ઈમામ કહેવા વિશે સ્પષ્ટતા ★

અરબી, ફારસી તથા ઉર્દૂની અસંખ્ય કિતાબો તથા પુસ્તિકાઓમાં જલીલુલક઼દર ઉલમાની તરફથી તેમનો નિઃસંકોચ તથા કશાય ખચકાટ વિના ઉપયોગ તેના જાઈઝ હોવાનો તથા રિવાજ હોવાનો સબૂત છે. "ઈમામ" શબ્દ ક્યારેક અંબિયા, ક્યારેક સહાબા, ક્યારેક મુજતહિદો, ક્યારેક સાલેહ લોકો તથા તક઼વાવાળાઓ, ક્યારેક ઉલમા તથા ફાઝિલો, ક્યારેક ખલીફાઓ તથા સુલ્તાનો અને ક્યારેક અમીરો તથા હાકિમોના માટે બોલવામાં આવે છે. દા.ત. ઈમામુલ અંબિયા, ઈમામુલ ક઼ૌમ, ઈમામુન્નાસ, ઈમામુલ અઈમ્મા, ઈમામુલ મો'મિનીન...વગેરે.

ખુલફાએ રાશિદીન પણ ઈમાનવાળાઓના ઈમામ છે. એ જ પ્રમાણે કહેવામાં આવે છે કે, ઈમામ હસન, ઈમામ હુસૈન, ઈમામ જઅફર સાદિક઼, ઈમામ અબુલ હસન અશ્અરી, ઈમામ અબૂ મન્સૂર માતુરીદી, ઈમામ નખઈ, ઈમામ મુજાહિદ ઈમામ શઅબી, ઈમામ અવઝાઈ, ઈમામ અબૂ હનીફા, ઈમામ શાફઈ, ઈમામ માલિક, ઈમામ અહમદ ઈબ્ને હંબલ, ઈમામ મુહ઼મ્મદ, ઈમામ અબૂ યૂસુફ, ઈમામ ગિઝાલી, ઈમામ રાઝી, ઈમામ સિયૂતી, ઈમામ બુખારી, ઈમામ મુસ્લિમ, ઈમામ નવવી વગેરે رضوان اللہ تعالیٰ علیہم اجمعین.

ઈબ્ને હઝમ ઝાહિરી તથા ઈબ્ને તૈમિયહ હર્રાની તથા ઈબ્ને ક઼ૈયિમ અને ઈબ્ને અબ્દુલવહાબ નજદી વગેરે (બાતિલ પરસ્તો)ને પણ તેમના મસ્લકના ઉલમા બેધડક ઈમામ કહે તથા લખે છે. કદી કદી સૈયદ અહમદ રાયબરેલ્વી તથા ઈસ્માઈલ દહેલ્વીને પણ તેમના માનનારાઓ પોતાના ઉર્દૂ તથા અરબી લખાણોમાં કિતાબોમાં "ઈમામ" લખે છે. સવાનેહે ક઼ાસમીમાં મૌલાના મનાઝિર અહસન ગીલાનીએ મૌલાના મુહમ્મદ ક઼ાસિમ નાનોત્વીને ન જાણે કેટલી જગાએ "સૈયદના ઈમામુલ કબીર" લખ્યું છે. ★હમણા કેટલાક દિવસો પહેલાં દેવબંદના ફાઝિલોએ "અલ્ ઈમામ મુહમ્મદ ક઼ાસિમ નાનોત્વી"

સેમીનાર કર્યો અને તેને ખૂબ પ્રસિદ્ધિ આપી. ★ લખનૌના (દેવબંદીઓના) ''ઈમામે અહલે સુન્નત અબ્દુશ્શકૂર કાકોરવી''ની દેવબંદ તથા નદવાના આલિમો એ રીતે પ્રશંસા કરતા રહે છે.

રહી ગયા મસ્જિદના ઈમામ, તો એમની સંખ્યા દુનિયામાં અમુક હજાર નહીં બલ્કે કેટલાય લાખો સુધી પહોંચી ચૂકી છે.

## ★ આ'લા હઝરત કહેવા વિશે સ્પષ્ટતા ★

''આ'લા હઝરત'' શબ્દ તા'ઝીમ તથા તકરીમ (સન્માન તથા ઈજ્જત દર્શાવવા)નો શબ્દ છે. ધાર્મિક પેશવા તથા દુનિયવી સત્તાધારી બંને પર એ શબ્દ બોલાય છે. આ શબ્દ બુલંદ પાયા, સરકારે વાલા જાહ, આ઼લી મક઼ામ, જનાબે આ઼લી તથા આ઼લી જનાબના સમાન અર્થી છે. સૌમાં વિશિષ્ટ શખ્સિયતોને ''આ'લા હઝરત'' કહેવામાં આવે છે.

આપણા હિંદુસ્તાનમાં એનો અધિક ઉપયોગ શાહજહાં તથા ઔરંગઝેબ અને હેદ્રાબાદના નિઝામ તથા દક્કનના નવાબ માટે થતો રહ્યો. અગ્રગણ્ય તથા ઈલ્મી હસ્તીઓથી અક઼ીદત તથા મહોબ્બત ધરાવનારાઓ પણ પોતાના મમદૂહ તથા મખ્દૂમને ''આ'લા હઝરત'' કહેતા તથા લખતા આવ્યા છે. દા.ત.:

★ આ'લા હઝરત હાજી ઈમદાદુલ્લાહ મુહાજિરે મક્કી (વિસાલ : હિ.સ. ૧૩૧૭, ઈ.સ. ૧૮૯૯)

★ આ'લા હઝરત મુફ્તી ઈર્શાદ હુસૈન મુજદ્દિદી રામપૂરી (વિસાલ : હિ.સ. ૧૩૧૧, ઈ.સ. ૧૮૯૩)

★ આ'લા હઝરત તાજુલ ફુહૂલ મૌલાના અબ્દુલક઼ાદિર બદાયૂની (વિસાલ : હિ.સ. ૧૩૧૯, ઈ.સ. ૧૯૦૧)

★ આ'લા હઝરત સૈયદ શાહ અલીહુસૈન અશરફી કછોછવી (વિસાલ : હિ.સ. ૧૩૫૫, ઈ.સ. ૧૯૩૬) رضوان اللہ تعالیٰ علیہم اجمعین વગેરે.

મશહૂર દેવબંદી આલિમ મૌલાના આશિક઼ ઈલાહી મેરઠીએ દેવબંદીઓના કુતબુલ અક઼તાબ મોલ્વી રશીદ અહમદ ગંગોહીના અહવાલ તથા કૈફિયતો પર લખવામાં આવેલી પોતાની કિતાબ ''તઝકેરતુર્રશીદ''ના પેજ નં. ૪૬ તથા ૪૮ પર હાજી ઈમદાદુલ્લાહ મુહાજિર મક્કીને દસ પંદર જગાએ, અને આખી કિતાબમાં ૪૧ જગાએ ''આ'લા હઝરત'' લખ્યું છે.

એ જ પ્રમાણે દેવબંદી મોલ્વીઓની કેટલીય અન્ય કિતાબોમાં, દા.ત. તઝકેરતુલ ખલીલ તથા અશરફુસ્સવાનેહ વગેરેમાં પણ હાજી સાહબને ઠેક ઠેકાણે ''આ'લા હઝરત'' લખ્યું છે.

તબ્લીગી જમાઅતવાળાના શૈખુલ હદીષ મૌલાના ઝકરિયા સહારનપુરીએ હાજી ઈમ્દાદુલ્લાહ સાહબ તથા શાહ અબ્દુર્રહીમ રાયપૂરી તથા રશીદ અહમદ ગંગોહી તથા અશરફ અલી થાનવી વગેરે દેવબંદી મોલ્વીઓને પોતાની ''આપબીતી'' (પ્રેસ સહારનપુર)માં ૧૮૯ જગાએ ''આ'લા હઝરત'' લખ્યું છે.

## ★ ''રદિયલ્લાહુ તઆલા અન્હૂ'' કહેવા વિશે સ્પષ્ટતા ★

રદિયલ્લાહુ અન્હૂ (رضی اللہ عنہ) કહેવું કેવળ સહાબાએ કિરામની સાથે ખાસ નથી, ગૈર સહાબા, અવલિયા, ઉમ્મતના સાલેહ લોકોના માટે આ દુઆઓના શબ્દો સદીઓથી કહેવાતો તથા લખાતો આવ્યો છે.

અલ્બત્ત ! સ઼લ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ (صلی اللہ علیہ وسلم) આપણા હુઝૂરે અકરમ માટે અને અલૈહિસ્સલામ (علیہ السلام) નબીઓ તથા રસૂલો માટે ખાસ છે. ઉમ્મતે મુહમ્મદિયાના કોઈપણ દીની બુઝુર્ગને જે મર્હૂમ થઈ ચૂકેલ છે તેના માટે રહ્મતુલ્લાહિ અલૈહ (رحمۃ اللہ علیہ) કહેવું સામાન્ય છે. ઈમામ ક઼ાઝી અયાઝ માલિકી ઉન્દુલુસી (વિસાલ : હિ.સ. ૫૪૪) જણાવે છે :

يَجِبُ تَخْصِيْصُ النَّبِيِّ وَسَائِرِ الْاَنْبِيَاءِ بِالصَّلٰوةِ وَالتَّسْلِيْم وَلَا يُشَارِكُ فِيْهِ سِوَاهُمْ كَمَا اَمَرَ اللّٰهُ بِقَوْلِهٖ (صَلُّوْا عَلَيْهِ وَسَلِّمُوْا تَسْلِيْماً) وَيُذْكَرُ مَنْ سِوَاهُمْ مِنَ الْاَئِمَّةِ وَغَيْرِهِمْ بِالْغُفْرَانِ وَالرِّضٰى

''ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે : અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلم અને સર્વ અંબિયાએ કિરામ علیہم السلام ના માટે علیہ الصلوٰۃ والسلام (અલૈહિસ્સલાતુ વસ્સલમ) ખાસ છે. એમના સિવાય કોઈપણ એમાં શરીક નથી. જેવું કે અલ્લાહ તઆલાનું ફર્માન છે : صَلُّوْا عَلَيْهِ وَسَلِّمُوْا تَسْلِيْماً ''અને અંબિયા સિવાય, ઈમામો વગેરેના માટે رضی اللہ عنہ તથા رحمۃ اللہ علیہ નો ઉપયોગ કરવામાં આવે.

*(અશ્શફા બિ તઅરીફિ હુકૂકિલ્ મુસ્તફા, ૨/૮૨)*

મુફતીયે આ'ઝમ મુલ્કે શામ શયખ અલાઉદ્દીન મુહમ્મદ બિન હસ્કફી દમિશ્કી (વિસાલ : હિ.સ. ૧૦૮૮, ઈ.સ. ૧૬૭૭)માં છે :

وَيستحبُّ التَّرَضِّى لِلصَّحَابَةِ وَالتَّرَحُّم لِلتَّابِعِيْن وَمَنْ بَعدَهُمْ مِنَ الْعُلَمَاءِ وَالْعِبَادِ وَسَائِرِ الْخِيَار ۔ وَكَذَا يَجُوْزُ عَكْسُهٗ ۔ وَهُوَ التَّرَحُّمُ لِلصَّحَابَةِ وَالتَّرَضِّى لِلتَّابِعِيْنَ وَمَنْ بَعْدَهُمْ ۔ عَلَى الرَّاجِحِ

''સહાબીઓ માટે રદ્દિયલ્લાહુ અન્હૂ (رضی اللہ عنہ) અને તાબઈન તથા તેમના સિવાયના ઉલમા, અખ્યાર અને નેક બંદાઓ માટે રહ્મતુલ્લાહિ અલૈહ (رحمۃ اللہ علیہ) બોલવું મુસ્તહબ છે. અને **એનાથી ઉલ્ટુ પણ જાઈઝ** છે. એટલે કે સહાબીઓને رحمۃ اللہ علیہ (રહમતુલ્લાહિ અલૈહ) અને તાબઈન તથા તેમના સિવાયના (ઔલિયા, ઉલમા, સાલેહીન) માટે રદ્દિયલ્લાહુ અન્હૂ (رضی اللہ عنہ) કહેવામાં આવે એ રાજેહ (પસંદીદા) મઝહબ છે.'' *(શામી, જિલ્દ–૫)*

ખુદ વર્ણવેલ સવાનેહી (દેવબંદીની) કિતાબ ''તઝકેરતુર્રશીદ''ના પેજ ૨૮ પર છે : ''મૌલાના મુહમ્મદ કાસિમ નાનોત્વી તથા મૌલાના રશીદ અહમદ ગંગોહી رضی اللہ عنہ.....છેવટ સુધી.''

મુતકદ્દેમીન (અગાઉના બુઝુર્ગો) તથા અસ્લાફે કિરામ (પૂર્વજ બુઝુર્ગો) સદીઓથી પોતાની કિતાબોમાં તાબઈન તથા ઈમામો તથા ફકીહો તથા ઉલમાએ કિરામને નિ:સંકોચ અને કશાય ખચકાટ વિના رضی اللہ عنہ (રદિયલ્લાહુ અન્હૂ) લખતા આવ્યા છે. એટલા માટે પાછલા બુઝુર્ગો તથા વર્તમાન અહલે સુન્નતના ઉલમાએ પણ ગૈર સહાબાને, ચાહે તે તાબઈ હોય કે તબેઅ તાબઈ કે બાદના ઉલમા તથા ફકીહો કે બુઝુર્ગાને દીન હોય તેમના માટે رحمۃ اللہ علیہ (રહ્મતુલ્લાહિ અલૈહ)ની સાથે رضی اللہ عنہ (રદ્દિયલ્લાહુ અન્હૂ) કહેવા તથા લખવાનો નિયમ બનાવેલ છે.

દા.ત. શયખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ એ ''અશિઅતુલ લમ્આત'' ભાગ–૪માં હઝરત ઉવૈસ કરનીને અને ''અખ્બારુલ અખ્યાર''માં હઝરત સૈયદના અબ્દુલ કાદિર જીલાની رحمۃ اللہ علیہ ને, અલ્લામા ઈબ્ને આબિદીન શામીએ રદુલ મુહતાર, ભાગ–૧માં ઈમામે આ'ઝમ અબૂ હનીફાને, અલ્લામા શહાબુદીન ખફ્ફાજીએ ''નસીમુર્રિયાઝ'' ભાગ–૧માં કાઝી અયાઝ માલિકીને رضی اللہ عنہ (રદિયલ્લાહુ અન્હૂ) લખ્યું છે.

ઉપરોક્ત તેહકીક તથા તફસીલથી સ્પષ્ટ થઈ ગયું કે : ''આ'લા હઝરત, ઈમામ અહમદ રઝા, رضی اللہ عنہ'' કહેવું અને લખવું આપણા ઉલમા, ફકીહો તથા ઈમામો તથા અસ્લાફે કિરામની રવિશ અને તેમના તરીકાના તદન મુજબ છે. અને કેમ કે ઉલમાએ હરમૈન મોહતરમૈન (મક્કા : મદીના શરીફૈન)એ પણ આપને (આ'લા હઝરતને) આયતુમ્ મિન્ આયાતિ રબ્બલ આલમીન વ મુઅજિઝતુલ મિમ્મોઅજિઝાતે સૈયદિલ મુરસલીન વ શયખુલ ઈસ્લામ વલ્મુસ્લિમીન માન્યા, એટલા માટે યોગ્ય છે કે આપ આ પ્રકારની ઈજ્જત તથા તા'ઝીમ તથા સન્માન તથા દુઆઓના પાત્ર છે.

*તુમ્હેં અહલે હરમને માના અપના કિબ્લા વ કા'બા*
*તુમ્હારી શાનમેં જો કુછ કહૂં ઉસસે સિવા તુમ હો*

# ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ

લેખક : સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદઅલી આઝમી رحمۃ اللہ علیہ

કાર્યાલય — હપ્તો : ૦૧

''બહારે શરીઅત'' (લેખક : હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہ)ના કુલ ૨૦ ભાગ છે. ગુજરાતીમાં કેવળ ૧૦ ભાગો છપાયેલા છે જે અમારે ત્યાં મળે છે. **''ઈસ્લામી અખ્લાક઼ો આદાબ''** એ ''બહારે શરીઅત''નો ૧૬મો ભાગ છે જે ખૂબ જ ઉમદા હદીષો તથા મસાઈલ ધરાવે છે. મૌલાના મુહમ્મદ નઈમ અમજદી (બાકરોલ) સાહબે એનો લગભગ ૧/૨ ભાગ ગુજરાતી કરીને આપેલ હતો જેને અત્યારે પ્રકાશિત કરવાનું નસીબ થયું છે. ઈન્શાઅલ્લાહ ! પૂરો ૧૬મો ભાગ અનુવાદ કરીને પ્રસિધ્ધ કરીશું જે ઈસ્લામી જિંદગી જીવવા ચાહનાર માટે દીવાદાંડી સમાન છે જે ઈન્સાનને બાઅખ્લાક઼ તથા સભ્ય ઈન્સાન બનાવવા મદદરૂપ થશે. *–તંત્રી*

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

## ★ મના તથા મુબાહ ચીજોનું વર્ણન ★

આ કિતાબમાં એ વસ્તુઓનું બયાન છે જે શરીઅતમાં મમનૂઅ (એટલે જેની મનાઈ કરવામાં આવી હોય) અથવા મુબાહ છે.

શરીઅતની પરિભાષામાં મુબાહ તેને કહેવાય જેનું કરવું અથવા છોડી દેવું બંનેવની છૂટ હોય છે. ન તેમાં સવાબ છે ન તેમાં અઝાબ. મકરૂહના બંનેવ પ્રકારોની વ્યાખ્યા બહારે શરીઅત ભાગ–૨ માં વર્ણવામાં આવી છે ત્યાંથી માલૂમ કરશો.

આ કિતાબના મસાઈલ કેટલાક ભાગોમાં વહેંચાયેલા છે. સૌથી પહેલાં ખાવા પીવાથી જે મસાઈલ સંબંધિત છે તે બયાન કરવામાં આવે છે કે, ઈન્સાનની જિંદગીનું જોડાણ ખાવ પીવાથી છે.

## ★ ખાવા પીવા વિશે કુર્આની હુકમો ★

કુર્આન મજીદમાં ઈર્શાદ થાય છે, ''હે ઈમાનવાળાઓ ! જે તમારા માટે હલાલ કર્યું છે તેને હરામ ન કરો અને હદથી આગળ ન વધો. બેશક ! અલ્લાહ તઆલા હદથી વધનારા લોકોને દોસ્ત નથી રાખતો. અને અલ્લાહે જે તમને (સાફ સુથરી) રોજી આપી છે તેમાંથી ખાવ અને અલ્લાહથી ડરો જેના પર તમે ઈમાન લાવ્યા છો'' *(સૂ. માઈદા, ૫/૬૭,૬૮)* (પારા–૭, રુકૂઅ–૨) અને ફર્માવે છે : ''ખાવ તેમાંથી જે અલ્લાહ તઆલાએ તમને રોજી આપી અને શયતાનના માર્ગ પર ન ચાલો, બેશક ! તે તમારો ખુલ્લો દુશ્મન છે.'' *(સૂ. અન્આમ–૬/૧૪૨)*

અને ફર્માવે છે : હે આદમની ઔલાદ ! પોતાને સજાવો જ્યારે મસ્જિદમાં જાવ. ખાવ પીઓ અને નકામો ખર્ચ (વધારે પડતો) ન કરો. બેશક ! તે નકામો (ફઝૂલ) ખર્ચ કરનારને દોસ્ત નથી રાખતો. હે મહેબૂબ ! તમે ફર્માવી દો ! કોણે હરામ કરી અલ્લાહની તે ઝીનત જે તેણે પોતાના બંદાઓ માટે કાઢી અને સાફ સુથરી રોજી. તમે ફર્માવી દો કે, તે ઈમાનવાળાઓ માટે છે દુનિયવી જિંદગીમાં અને ક઼યામતના દિવસે તો ખાસ એમના જ માટે છે. આ જ રીતે અમે વિગતવાર પોતાની આયતોને વર્ણવીએ છીએ ઈલ્મવાળાઓ માટે. તમે ફર્માવી દો કે મારા રબે તો બેહયાઈઓને

હરામ ફર્માવી છે જે તેમનામાં જાહેર છે અને જે છુપાયેલી છે. અને ગુનોહ અને નાહક્ક઼ ઝિયાદતી અને એ કે અલ્લાહ ﷻનો ભાગીદાર કરો કે જેની તેણે કોઈ દલીલ નથી ઉતારી અને અલ્લાહ ﷻ પર તે વાત કહો છો જેની તમને જાણકારી નથી.

*(પારા–૮, સૂ. અઅ્રાફ, આ. ૩૧ થી ૩૩)*

અને ફર્માવે છે : "ન આંધળાઓ પર તકલીફ છે, ન લંગડાને વાંધો છે અને ન બીમાર પર વાંધો છે. અને ન તમારામાં કોઈના ઉપર એવું નથી કે ખાવ પોતાની ઔલાદના ઘરોમાં અથવા પોતાના બાપના ઘરે અથવા પોતાની માનાં ઘરે કે પોતાના ભાઈઓને ત્યાં કે પોતાના બહેનોને ત્યાં અથવા પોતાના કાકાઓને ત્યાં કે પોતાની ફોઈઓના ઘરે, ન તમારા મામાઓને ત્યાં અથવા તમારી માસીઓને ત્યાં અથવા જે ઘરની ચાવીઓ તમારા કબ્ઝામાં છે. અથવા પોતાના દોસ્તને ત્યાં. તમારા પર એમાં કોઈ ગુનોહ નથી કે તમે ભેગા મળીને ખાવ અથવા જુદા જુદા.

*(સૂ. નૂર, ૨૪/૬૧)*

## ★ ખાવા સંબંધી હદીષો ★

પહેલાં ખાવાની સંબંધે કેટલીક હદીષો રજૂ કરવામાં આવે છે :–

**હદીષ–૧** : સહીહ મુસ્લિમ શરીફમાં હુઝૈફા رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કે જે ખાવા પર બિસ્મિલ્લાહ ન પઢવામાં આવે તો શૈતાન માટે તે ખાવાનું હલાલ થઈ જાય છે. એટલે કે બિસ્મિલ્લાહ ન પઢવાના કારણે શૈતાન ખાવામાં સાથે થઈ જાય છે. *(સહીહ મુસ્લિમ, કિતાબુલ અશ્રબા, હ–૧૦૨)*

**હદીષ–૨** : સહીહ મુસ્લિમમાં જાબિર رضی اللہ عنہથી મરવી છે કે, રસૂલે કરીમ ﷺએ ફર્માવ્યું, જ્યારે કોઈ શખ્સ મકાનમાં આવ્યો અને પ્રવેશ કરતાં સમયે અને ખાવાના સમયે બિસ્મિલ્લાહ પઢી લીધી તો શૈતાન પોતાના સંતાનોને કહે છે કે ન ઘરમાં તમને રહેવાનું મળશે નહીં ન ખાવાનું મળશે. અને પ્રવેશ કરવાના આ સમયે બિસ્મિલ્લાહ ન પઢી તો કહે છે કે હવે તમને રહેવાની જગ્યા મળી ગઈ અને ખાવાના સમયે પણ બિસ્મિલ્લાહ ન પઢી તો કહે છે કે રહેઠાણ માટે જગ્યા પણ મળી ગઈ અને ખાવાનું પણ મળી ગયું.

*(સહીહ મુસ્લિમ, કિતાબુલ અશ્રબા, હ–૧૦૩)*

**હદીષ–૩** : સહીહ બુખારી અને સહીહ મુસ્લિમમાં ઉમર બિન અબી સલમા رضی اللہ عنہماથી મરવી છે કે હું બાળક હતો. રસૂલુલ્લાહ ﷺના પાલન પોષણમાં હતો. (એટલે કે હુઝૂર ﷺનો સાવકો દીકરો અને ઉમ્મુલ મોઅમિનીન ઉમ્મે સલમા رضی اللہ عنہاનાં છોકરા હતા.) ખાવાના સમયે વાસણની દરેક બાજુએથી હાથ નાખતો. હુઝૂરે ઈર્શાદ ફર્માવ્યું, બિસ્મિલ્લાહ પઢો અને સીધો એટલે કે જમણા હાથથી ખાવ અને વાસણની તે બાજુથી ખાવ જે તમારી નજીક છે. *(સહીહ મુસ્લિમ, કિતાબુલ અશ્રબા, હ–૧૦૮)*

**હદીષ–૪** : અબૂ દાઊદ વ તિર્મિઝી વ હાકિમ હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاથી રાવી કે હુઝૂરે ફર્માવ્યું, જ્યારે કોઈ શખ્સ ખાવાનું ખાય તો અલ્લાહનું નામ લે એટલે કે બિસ્મિલ્લાહ પઢે. અને શરૂઆતમાં બિસ્મિલ્લાહ પઢવાનું ભૂલી જાય તો આ પ્રમાણે કહે : بِسْمِ اللّٰهِ اَوَّلَهٗ وَاٰخِرَهٗ *(સૂનને અબૂ દાઊદ)*

અને ઈમામ અહમદ અને ઈબ્ને માજહ અને ઈબ્ને હિબ્બાન વ બયહક઼ી રિવાયતોમાં એવું છે કે, بِسْمِ اللّٰهِ فِیْ اَوَّلِهٖ وَاٰخِرِهٖ

**હદીષ–૫** : ઈમામ અહમદ વ અબૂ દાઊદ વ ઈબ્ને માજહ વ હાકિમ વ હશી વ બિન હરબ رضی اللہ عنہથી રાવી કે ઈર્શાદ ફર્માવ્યું, ભેગા મળીને ખાવાનું ખાવ અને બિસ્મિલ્લાહ પઢો તમારા માટે તેમાં બરકત થશે. ઈબ્ને માજહની રિવાયતમાં આ પણ છે

કે લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમે ખાઈએ છીએ અને પેટ નથી ભરાતું. ઈર્શાદ ફર્માવ્યું કે, તમે લગભગ જુદા જુદા ખાવ છો ! અર્ઝ કરી, હા ! ફર્માવ્યું, ભેગા મળીને ખાવ અને બિસ્મિલ્લાહ પઢો, બરકત થશે.

**હદીષ–૬** : શર્હે સુન્નામાં અબૂ ઐયૂબ رضی اللہ عنہથી રિવાયત છે કહે છે કે, અમે નબીએ કરીમ ﷺની ખિદમતમાં હતા. ખાવાનું લાવવામાં આવ્યું. શરૂઆતમાં આટલી બરકત અમે કોઈ ખાવામાં નથી જોઈ પરંતુ છેલ્લે ઘણી બે બરકતી જોઈ. અમે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આવું કેમ થયું ? ઈર્શાદ ફર્માવ્યું, આપણે સૌએ ખાવાના સમયે બિસ્મિલ્લાહ પઢી હતી પછી એક શખ્સ આવ્યો, વગર બિસ્મિલ્લાહ પઢે ખાવા બેસી ગયો તેની સાથે શૈતાને ખાવાનું ખાય લીધું.

**હદીષ–૭** : અબૂ દાઊદમાં ઉમૈયા બિન મખશી رضی اللہ عنہથી રિવાયત છે કે, કહે છે કે એક વ્યક્તિ બિસ્મિલ્લાહ વગર ખાવાનું ખાય રહ્યો હતો. જ્યારે ખાય ચૂક્યો અને કેવળ એક કોળીયો બાકી રહ્યો હતો, એ કોળીયો ઉઠાવ્યો અને કહ્યું **બિસ્મિલ્લાહિ અવ્વલિહી વ આખિરિહી.** રસૂલુલ્લાહ ﷺ મુસ્કુરાયા અને ફર્માવ્યું કે, શૈતાન તેની સાથે ખાઈ રહ્યો હતો. જ્યારે તેણે અલ્લાહનું નામ લીધું તો જે કાંઈ તેના પેટમાં હતું બહાર કાઢી નાખ્યું. આનો એવો મતલબ પણ થઈ શકે છે કે બિસ્મિલ્લાહ ન પઢવાથી જે બરકત ચાલી ગઈ હતી તે પાછી આવી ગઈ.

**હદીષ–૮** : સહીહ મુસ્લિમમાં હુઝૈફા رضی اللہ عنہથી રિવાયત છે કહે છે, જ્યારે અમે લોકો હુઝૂરે અક્દસ ﷺની સાથે ખાવામાં હાજર હતા. તો જ્યાં સુધી હુઝૂર શરૂ ન કરતા ત્યાં સુધી ખાવામાં અમે હાથ ન નાખતા. એક વખતનો બનાવ છે કે અમે હુઝૂરની સાથે હતા. એક છોકરી દોડતી દોડતી આવી જે રીતે કે કોઈ તેને ધકેલી રહ્યું હોય, તેણે ખાવામાં હાથ નાખવાનો ઈરાદો કર્યો. હુઝૂરે તેનો હાથ પકડી લીધો પછી એક એઅ્‌રાબી (ગામડાવાસી) દોડતો દોડતો આવ્યો જે રીતે કે કોઈ તેને ધકેલી રહ્યું હોય. હુઝૂરે તેનો પણ હાથ પકડી લીધો અને ફર્માવ્યું, કે જ્યારે ખાવા પર અલ્લાહનું નામ ન લેવામાં આવે તે ખાવાનું શૈતાન માટે હલાલ થઈ જાય છે. શૈતાન તે છોકરીની સાથે આવ્યો કે તેની સાથ ખાય, મેં તેનો હાથ પકડી લીધો. પછી આ એઅ્‌રાબી (ગામડાવાસી) આવ્યો કે તેની સાથે ખાય પરંતુ મેં તેનો હાથ પકડી લીધો. ક઼સમ છે તેની જેના દસ્તે કુદરતમાં મારી જાન છે ! તેનો હાથ આ હાથની સાથે મારા હાથમાં છે. તે પછી હુઝૂર ﷺએ અલ્લાહ عزوجلનું નામ લીધું એટલે કે બિસ્મિલ્લાહ પઢી અને ખાવા ખાધું. આ જ રીતે ઈમામ અહમદ અને અબૂ દાઊદ અને નિસાઈ વ હાકિમે પણ રિવાયત કરી છે.

**હદીષ–૯** : ઈબ્ને અસાકરે ઉક઼બા બિન આમિર رضی اللہ عنہથી રિવાયત કરી છે કે હુઝૂરે ફર્માવ્યું, કે જેણે ખાવા પર અલ્લાહનું નામ ન લીધું તો તે બીમારી છે અને તેમાં બરકત નથી અને તેનો કફ્ફારો એ છે કે હજી તેણે દસ્તરખાન ઉઠાવ્યું ન હોય તો બિસ્મિલ્લાહ પઢીને કાંઈક ખાય લે અને દસ્તરખાન ઉઠાવી લીધું હોય તો બિસ્મિલ્લાહ પઢીને આંગળીઓ ચાટી લે.

**હદીષ–૧૦** : દયલમીએ અનસ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે ખાવ અથવા પીઓ તો કહો કે

بِسْمِ اللّٰهِ وَبِاللّٰهِ الَّذِیْ لَا یَضُرُّ مَعَ اسْمِهٖ شَیْءٌ فِی الْاَرْضِ وَلَا فِی السَّمَآءِ یَا حَیُّ یَا قَیُّوْمُ۔

"(અલ્લાહના નામથી શરૂ કરું છું, જેના નામની બરકતથી જમીન તથા આસ્માનની કોઈ ચીજ નુકસાન નથી પહોંચાડી શકતી. હે હમેશાં ઝિંદા તથા ક઼ાયમ રહેનાર !)" ત્યાર પછી તેનાથી કોઈ બીમારી નહીં

થાય ભલે એમાં ઝહેર હોય.

**હદીષ–૧૧** : સહીહ મુસ્લિમમાં ઈબ્ને ઉમર رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જ્યારે ખાવાનું ખાવ તો જમણા હાથથી ખાવ અને પાણી પીઓ તો જમણા હાથથી પીઓ.

**હદીષ–૧૨** : સહીહ મુસ્લિમમાં આમનાથી જ મરવી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, કોઈ શખ્સ ડાબા હાથથી ન ખાવાનું ખાય, ન પાણી પીએ કે **ડાબા હાથથી ખાવું પીવું શૈતાનનો તરીક઼ો છે.**

**હદીષ–૧૩** : ઈબ્ને માજહએ અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે નબીએ કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે, જમણા હાથથી ખાય અને જમણા હાથથી પીએ અને જમણા હાથથી લે અને જમણા હાથથી આપે, કારણ કે શૈતાન ડાબાથી ખાય છે ડાબા હાથથી પીએ છે અને ડાબા હાથથી લે છે, ડાબા હાથથી આપે છે.

**હદીષ–૧૪** : ઈબ્ને નજ્જારે અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત કરી કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, ત્રણ આંગળીઓથી ખાવું અંબિયાનો علیہم السلام તરીક઼ો છે. અને હકીમે ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, ત્રણ આંગળીઓથી ખાવ કે સુન્નત છે. અને પાંચેવ આંગળીઓથી ન ખાવ કે આ ગંવારોનો તરીક઼ો છે.

**હદીષ–૧૫** : સહીહ મુસ્લિમમાં હઝરત કઅબ બિન માલિક رضی اللہ عنہથી મરવી છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ત્રણ આંગળીઓથી ખાવાનું ખાતા હતા અને હાથ સાફ કરતા પહેલા ચાટી લેતા.

**હદીષ–૧૬** : સહીહ મુસ્લિમમાં હઝરત જાબિર رضی اللہ عنہથી મરવી છે. નબીએ કરીમ صلی اللہ علیہ وسلمએ આંગળીઓ અને વાસણોને ચાટવાનો હુકમ આપ્યો અને ફર્માવ્યું કે તમને ખબર નથી કે ખાવાના કયા ભાગમાં બરકત છે !

**હદીષ–૧૭** : સહીહ બુખારી વ મુસ્લિમમાં હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہماથી મરવી છે. નબીએ કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, ખાવા ખાધા પછી હાથ ન લૂછો જ્યાં સુધી ચાટી ન લો ! અથવા બીજાને ચટાડી ન દો !

એટલે કે એવા વ્યક્તિને ચટાડે જે ઘૃણા અને નફરત ન કરતો હોય. દા.ત. તલબા, મુરીદો કે આ લોકો ઉસ્તાદ અને પીરોના એઠાને બરકતવાળુ માને છે અને ઘણી ખુશીથી વાપરે છે.

**હદીષ–૧૮** : ઈમામ અહમદ વ તિર્મિઝી વ ઈબ્ને માજાએ નુબૈશા رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જે ખાધા પછી વાસણને ચાટી લે છે તે વાસણ તેના માટે મગફેરતની દુઆ કરે છે.

રઝીનની રિવાયત છે કે એ વાસણ કહે છે કે અલ્લાહ તબારક વ તઆલા તને જહન્નમથી આઝાદ કરે જે રીતે તેં મને શૈતાનથી નજાત આપી.

**હદીષ–૧૯** : તિબ્રાનીએ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ખાવા અને પીવામાં ફૂંક મારવાની મનાઈ ફર્માવી.

**હદીષ–૨૦** : સહીહ મુસ્લિમમાં હઝરત જાબિર رضی اللہ عنہથી મરવી છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, શૈતાન તમારા દરેક કામમાં હાજર થઈ જાય છે, ખાવાના સમયે પણ હાજર થઈ જાય છે. એટલા માટે જો કોળિયો પડી જાય અને કાંઈ ચોંટી જાય તો સાફ કરીને તેને ખાઈ લે અને શૈતાન માટે છોડી ન દે, અને ખાવાથી ફારિગ થઈ જાય તો આંગળીઓ ચાટી લે, કારણ કે ખબર નથી કે ખાવાના કયા ભાગમાં બરકત છે.

**હદીષ–૨૧** : ઈબ્ને માજાએ હઝરત હસન બસરી رضی اللہ عنہથી રિવાયત કરી કે મઅકિલ બિન યસાર رضی اللہ عنہ જમવાનું ખાઈ રહ્યા હતા, તેમના હાથમાંથી કોળિયો પડી ગયો તો તેમણે ઉઠાવી લીધો અને સાફ

કરીને ખાઈ લીધો. આ જોઈને ગંવારોએ આંખોથી ઈશારો કર્યો (કે આ કેટલી તુચ્છ અને હલકી વાત છે કે પડી ગયેલ કોળિયો તેમણે ખાઈ લીધો). કોઈએ કહ્યું, ખુદા અમીરનું ભલુ કરે ! (મઅકિલ બિન યસાર ત્યાંના અમીર તથા સરદારની હૈસિયતથી હતા) કે ગંવારો આંખનાં ભવાંથી ઈશારો કરે છે કે તમે પડી ગયેલો કોળીયો ખાધો અને તમારી સામે આ ખાવાનુ હાજર છે. તેમણે ફર્માવ્યું, આ અજમીઓ (બિન અરબ)ના લીધે હું એ વસ્તુને છોડી નથી શકતો જે મેં રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું છે. અમને હુકમ હતો કે જ્યારે લુકમો પડી જાય તો તેને સાફ કરીને ખાઈ લે ! શૈતાન માટે છોડી ન દે !

**હદીષ-૨૨** : ઈબ્ને માજાએ ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત કરી કે નબીએ કરીમ ﷺ મકાનમાં તશરીફ લાવ્યા અને રોટલીનો ટુકડો પડેલો જોયો. આપે તેને લઈને સાફ કર્યો અને ખાઈ લીધો અને ફર્માવ્યું, હે આઈશા ! સારી વસ્તુનો એહતેરામ કરો કે આ વસ્તુ (રોટલી) જ્યારે કોઈ કૌમમાંથી જતી રહી છે તો પાછી આવી નથી. એટલે કે નાશુક્રીના કારણે કોઈ કૌમથી રોજી જતી રહે છે તો તે પાછી આવતી નથી.

**હદીષ-૨૩** : તિબ્રાનીએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમ્મે હરામ رضی اللہ عنہથી રિવાયત કરે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, રોટલીનો એહતેરામ કરો કે તે આસમાન તથા જમીનની બરકતોથી છે અને જે માણસ દસ્તરખાન પર પડી ગયેલી રોટલી ખાઈ લેશે તેની મગફેરત થઈ જશે.

**હદીષ-૨૪** : દારમીએ હઝરત અસ્મા رضی اللہ عنہاથી રિવાયત કરી કે જ્યારે એમની પાસે ષરીદ (શાકના રસમાં બોળેલી રોટલી) લાવવામાં આવતુ તો હુકમ કરતા કે તેને ઢાંકવામાં આવે કે તેની વરાળનો જોશ ખત્મ થઈ જાય. અને ફર્માવે છે કે મેં રસૂલલ્લાહ ﷺથી સાંભળ્યું છે કે આનાથી બરકત વધારે થાય છે.

**હદીષ-૨૫** : હાકિમ હઝરત જાબિર رضی اللہ عنہથી અને અબૂ દાઊદ અસ્મા رضی اللہ عنہاથી રિવાયત કરે છે કે ઈર્શાદ ફર્માવ્યું, ખાવાનું ઠંડુ કરી લો, ગરમ ખાવામાં બરકત નથી.

**હદીષ-૨૬** : સહીહ બુખારી શરીફમાં અબૂ ઉમામા رضی اللہ عنہથી મરવી છે કે જ્યારે દસ્તારખાન ઉઠાવવામાં આવતુ તે સમયે નબીએ કરીમ ﷺ

اَلْحَمْدُ لِلّٰهِ حَمْدًا كَثِيْرًا طَيِّبًا مُّبَارَكًا فِيْهِ غَيْرَ مَكْفِيٍّ وَلَا مُوَدَّعٍ وَلَا مُسْتَغْنًى عَنْهُ رَبَّنَا

(અલ્લાહ તઆલાના માટે અગણિત તારીફો ખૂબ જ પાકીઝા તથા બાબરકત, કિફાયત કરવામાં આવી ન છોડવામાં આવી, અને ન એનાથી લાપરવાહી વર્તવામાં આવી. હે અમારા રબ ! કૂબૂલ ફર્માવ) પઢતા .

**હદીષ-૨૭** : સહીહ મુસ્લિમમાં હઝરત અનસ رضی اللہ عنہથી મરવી છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, અલ્લાહ તબારક વ તઆલા એ બંદાથી ખુશ થાય છે કે જ્યારે તે કોળિયો ખાય છે અને તેના પર અલ્લાહ તબારક વ તઆલાની હમ્દ એટલે કે તારીફ કરે છે અને પાણી પીએ છે તો તેના પર તેની હમ્દ કરે છે.

**હદીષ-૨૮** : તિર્મિઝી તથા અબૂ દાઊદ તથા ઈબ્ને માજા, અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રાવી છે કે રસૂલુલ્લાહ ﷺ ખાવાથી ફારિગ થઈને આ દુઆ

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِىْ اَطْعَمَنَا وَسَقَانَا وَجَعَلَنَا مِنَ الْمُسْلِمِيْنَ (અલ્લાહ તઆલાનો શુક્ર છે જેણે અમને ખવડાવ્યું અને અમને મુસલમાન બનાવ્યા) પઢતા.

**હદીષ-૨૯** : તિર્મિઝી હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રાવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ખાવાવાળો શુક્રગુઝાર એવો જ છે જેવો કે રોઝદાર સબ્ર કરવાવાળો.

**હદીષ-૩૦** : અબૂ દાઊદે હઝરત ઐયૂબ رضی اللہ عنہથી રિવાયત કરી, રસૂલુલ્લાહ ﷺ જ્યારે

ખાતા અથવા પીતા તો આ દુઆ પઢતા :

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ اَطْعَمَ وَسَقٰی وَسَوَّغَهٗ وَجَعَلَ لَهٗ مَخْرَجًا۔

(સર્વ વખાણો અલ્લાહ તઆલાના માટે છે જેણે ખવડાવ્યું પીવડાવ્યું અને આસાનીપૂર્વક ઉતાર્યું અને તેને નીકળવાનો માર્ગ બનાવ્યો)

**હદીષ-૩૧** : ઝિયાએ હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત કરી. ઈર્શાદ ફર્માવ્યું, માણસના સામે ખાવાનું મૂકવામાં આવે અને તેને ઉઠાવતાં પહેલાં તેની મગફિરત થઈ જાય છે, તે સ્થિતિમાં જ્યારે કે ખાવાનું મૂકવામાં આવે તો "બિસ્મિલ્લાહ" કહે અને જ્યારે ઉઠાવવામાં આવે તો "અલ્હમ્દુલિલ્લાહ" કહે.

**હદીષ-૩૨** : નિસાઈ વગેરેમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે જમ્યા પછીની દુઆ પઢે : (સર્વ વખાણો અલ્લાહ તઆલાના માટે છે, જે ખવડાવે છે અને ખુદ નથી ખાતો, તેણે આપણા પર એહસાન કર્યું કે આપણને હિદાયત આપી અને આપણને ખવડાવ્યું પીવડાવ્યું અને આપણ દરેક નેઅમત ખૂબ અતા કરી. સર્વ વખાણો અલ્લાહ તઆલાના માટે છે એ હાલમાં કે ન તો તે નેઅમત છોડવામાં આવી ન એનો બદલો આપવામાં આવ્યો અને ન નાશુક્રી કરવામાં આવી અને ન એનાથી લાપરવાહી વર્તવામાં આવી. સર્વ વખાણો અલ્લાહ તઆલાના માટે જેણે ખાવા ખવડાવ્યું અને પાણી પીવડાવ્યું અને નગ્નતામાં કપડુ પહેરાવ્યું અને ગુમરાહીથી હિદાયત આપી અને અંધાપાથી દેખતા કર્યા અને પોતાની ઘણી બધી મખ્લૂક પર આપણને ફઝીલત આપી. સર્વ વખાણો અલ્લાહ તઆલાના માટે છે જે સર્વ જહાનોનો પાલનહાર છે.)

**હદીષ-૩૩** : ઈમામ અહમદ વ અબૂ દાઊદ વ તિર્મિઝી વ ઈબ્ને માજાએ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જ્યારે કોઈ શખ્સ ખાવાનું ખાય તો કહે, اَللّٰهُمَّ بَارِکْ لَنَا فِيْهِ وَاَبْدِلْنَا خَيْرًا مِّنْهُ (હે અલ્લાહ ! عزوجل અમારા માટે આ ખાવામાં બરકત અતા ફર્માવ. અને અમને એનાથી બેહતર બદલ અતા કર) અને જ્યારે દૂધ પીએ તો આ પળ્હે, اَللّٰهُمَّ بَارِکْ لَنَا فِيْهِ وَزِدْنَا مِنْهُ (હે અલ્લાહ ! અમારા માટે એમાં બરકત અતા કર અને અમને અધિક અતા કર) કેમ કે દૂધ સિવાય કોઈ વસ્તુ એવી નથી કે જે ખાવા અને પાણી બંનેવ માટેની જગ્યા પૂરી કરે.

**હદીષ-૩૪** : ઈબ્ને માજાએ હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત કરી કે, રસૂલુલ્લાહ ﷺએ ખાવા પરથી ઊભુ થવાથી મના ફર્માવ્યું જ્યાં સુધી જમવાનું ઉઠાવી લેવામાં ન આવે.

**હદીષ-૩૫** : ઈબ્ને માજાએ હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہماથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે દસ્તરખાન ગોઠવી દેવામાં આવે તો કોઈ શખ્સ દસ્તરખાનથી ન ઉઠે જ્યાં સુધી દસ્તરખાન ઉઠાવવામાં ન આવે અને ખાવાથી હાથ પાછો ન ખેંચે જ્યાં સુધી તમામ લોકો ફારિગ થઈ જાય, જો તે ખાઈ ચૂક્યો હોય અને જો હાથ રોકી જ લેવો હોય તો કોઈ લાચારી બતાવે કારણ કે કોઈ લાચારી વગર હાથ રોકી લેશે તો તેની સાથે બીજો વ્યક્તિ જમવાનું ખાય રહ્યો છે શરમિંદા થઈને તે પણ હાથ ખેંચી લેશે અને બની શકે છે કે હજુ તેને ખાવાની જરૂરત બાકી હોય.

આ હદીષ પરથી ઉલમાએ કિરામ ફર્માવે છે, જો કોઈ શખ્સનો ખોરાક ઓછો હોય તો ધીરે ધીરે, થોડુ થોડુ ખાય અને તેમ છતાંય પોતાના સાથીદારને સાથ ન આપી શકે તો કોઈ બહાનું બનાવી લે જેથી કરીને બીજાને શરમિંદગી ન થાય.

**હદીષ-૩૬** : તિર્મિઝી વ અબૂ દાઊદે હઝરત સલમાન ફારસી رضی اللہ عنہથી રિવાયત કરી કે, મેં તૌરાતમાં પઢયું હતું કે જમ્યા પછી વુઝૂ કરવું એટલે કે હાથ ધોવા અને કુલ્લી કરવી બરકત છે. તેના પહેલાં

વુઝૂ કરવું અને તેના પછી વુઝૂ કરવું (આ હદીષમાં વુઝૂ કરવું એટલે હાથ ધોવા).

**હદીષ-૩૭** : તિબ્રાનીએ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રાવી છે કે ઈર્શાદ ફર્માવ્યું, જમ્યા પહેલાં અને પછી વુઝૂ કરવું (હાથ અને મોઢુ ધોવું) મોહતાજીને દૂર કરે છે અને આ રસૂલોની સુન્નતોમાંથી છે.

**હદીષ-૩૮** : ઈબ્ને માજાએ હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત કરી કે ફર્માવ્યું, **જે પસંદ કરે કે અલ્લાહ તબારક વ તઆલા તેના ઘરમાં ભલાઈમાં વધારો કરે તો જ્યારે ખાવા હાજર કરે તો વુઝૂ કરે અને જ્યારે ઉઠાવવામાં આવે તે સમયે વુઝૂ કરે એટલે હાથ મોઢું ધોઈ લે.**

**હદીષ-૩૯** : ઈબ્ને માજાએ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત કરી કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, **ભેગા મળીને ખાવ અને અલગ અલગ ન ખાવ કે બરકત ભેગા મળીને ખાવામાં છે.**

**હદીષ-૪૦** : તિર્મિઝીએ ઈકરાશ બિન ઝુવયબ رضی اللہ عنہથી રિવાયત છે કે કહે છે કે અમારી પાસે એક વાસણમાં ઘણી બધી ષરીદ (શાકમાં બોળેલી રોટલી) અને બોટીઓ લાવવામાં આવી. મારો હાથ વાસણમાં દરેક બાજુ જવા લાગ્યો અને રસૂલુલ્લાહ ﷺએ પોતાના સામેથી ખાવાનું ચાલુ કર્યું. પછી હુઝૂર ﷺએ ડાબા હાથથી મારો જમણો હાથ પકડી લીધો અને ફર્માવ્યું, ઈકરાશ ! એક જગાએથી ખાવ કે આ એક જ જાતનું ખાવાનું છે. તેના પછી મોટી થાળીમાં જુદી જુદી ખજૂરો લાવવામાં આવી અને મેં પોતાની સામેથી ખાધી તો ફર્માવ્યું, ઈકરાશ ! જ્યાંથી ઈચ્છો ત્યાંથી ખાવ કે આ એક જાતની વસ્તુ નથી. પછી પાણી લાવવામાં આવ્યું, અને **હુઝૂર ﷺએ હાથ ધોયા અને હાથની તરીથી મોઢું અને કલાઈઓ અને માથા પર મસહ કર્યો અને ફર્માવ્યું કે ઈકરાશ ! જે વસ્તુને આગ અડી એટલે કે જે આગથી બનાવવામાં આવી હોય તેના ખાધા પછી આ વુઝૂ છે.**

**હદીષ-૪૧** : તિર્મિઝી વ અબૂ દાઊદ વ ઈબ્ને માજાએ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, કોઈના હાથમાં ચીકાશની ગંધ હોય અને હાથ ધોયા વગર સૂઈ જાય અને તેને કોઈ તકલીફ પહોંચે તો તે ખુદ પોતાને જ મલામત કરે (ભલુ બુરૂ કહે). આજ વસ્તુ હઝરત ફાતિમુઝ્ ઝહરા رضی اللہ عنہاથી પણ મરવી છે.

**હદીષ-૪૨** : હાકિમે અબૂ અબસ બિન જબર رضی اللہ عنہથી રિવાયત કરી. ઈર્શાદ ફર્માવ્યું, **ખાવાના સમયે ચંપલ (જોડા) ઉતારી લો** આ સુન્નતે જમીલા (એટલે કે સારો તરીક઼ો) છે અને હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે ખાવાનું મૂકવામાં આવે તો ચંપલ (જોડા) ઉતારી લો આનાથી તમારા પગને રાહત છે.

**હદીષ-૪૩** : અબૂ દાઉદ હઝરત આઈશા رضی اللہ عنہاથી રાવી છે કે હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, (ખાવાના સમયે) ગોશતને છરીથી ન કાપો કારણ કે આ અજમીઓનો તરીક઼ો છે. પણ તેને દાંતથી ખેંચીને ખાવ કે એ ખાવાની મજા (ટેસ્ટી) છે અને જલ્દી હજમ થઈ જાય છે.

આ તે સમયે છે જયારે ગોશ્ત સારી રીતે રંધાય ગયો અને હાથ અથવા દાંતથી ખેંચીને ખાય શકાતો હોય.

આજકાલ યૂરોપના અનુકરણમાં ઘણા મુસલમાનો પણ છરી કાંટાથી ખાય છે અને આ બુરો તરીક઼ો છે અને જો જરૂરતના કારણે છરીથી ગોશ્ત કાપીને ખાવામાં આવે કે ગોશ્ત એટલો શેકાયેલો ન હોય કે હાથથી તોડવામાં આવે તો દાંતોથી ખેંચી શકાય અથવા તો દા.ત. મુસલ્લમ (આખી) જાંગ શેકેલી છે કે દાંતથી ખેંચવામાં તકલીફ પડશે તો છરીથી કાપીને ખાવમાં વાંધો નથી. આ જાતના ઘણા અવસર પર

હુઝૂરે અક઼દસ ﷺનું છરીથી ગોશ્ત કાપી ખાવાનું વર્ણવવામાં આવેલ છે અને તેનાથી આજકાલના છરી કાંટા વડે ખાવાની દલીલ લાવવી દુરુસ્ત નથી.

**હદીષ-૪૪** : સહીહ બુખારીમાં હઝરત હુઝૈફા رضی اللہ عنہથી રિવાયત છે કે નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું કે, **હું તકિયો (ટેક) લગાડીને ખાવાનું ખાતો નથી.**

**હદીષ-૪૫** : સહીહ બુખારીમાં હઝરત અનસ رضی اللہ عنہથી મરવી છે કે નબીએ કરીમ ﷺ ખ્વાન (થાળ) પર ખાવાનું નથી ખાધું. નાની નાની પ્યાલીઓમાં પણ ખાધુ નથી અને ન હુઝૂર માટે પાતળી રોટલી બનાવવામાં આવી. બીજી રિવાયતમાં છે કે હુઝૂર ﷺએ પાતળી રોટલી જોઈ પણ નથી. કતાદહ્‌થી પૂછવામાં આવ્યું કે કઈ વસ્તુ પર તે લોકો ખાવાનું ખાતા હતા ? તો તેમણે કહ્યું, દસ્તરખાન પર.

**ખ્વાન** : એટલે ત્રિપાઈ જેવી ઊંચી વસ્તુ હોય છે કે માલદારોને ત્યાં તેની ઉપર ખાવાનું ખાવામાં આવે છે એટલા માટે કે ખાવા માટે ઝુકવુ ન પડે અને એવા પર ખાવુ તકબ્બુરનો તરીક઼ો છે. જે રીતે કે આ જમાનામાં કેટલાક લોકો મેજ પર ખાવાનું ખાય છે અને નાની નાની પ્યાલીઓમાં ખાવાનું ખાવુ એ માલદારનો તરીક઼ો છે એમને ત્યાં જુદી જુદી વાનગીઓ હોય છે જે નાના વાસણોમાં મૂકવામાં આવે છે.

**હદીષ-૪૬** : સહીહ બુખારીમાં હઝરત અબૂ હુરૈરહ્‌ رضی اللہ عنہથી મરવી છે. નબીએ કરીમ ﷺ ખાવામાં ક્યારેય પણ ખામી ન કાઢતા જો ઈચ્છા થતી તો ખાઈ લીધુ નહીંતર છોડી દીધુ.

**હદીષ-૪૭** : સહીહ મુસ્લિમમાં હઝરત જાબિર رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે કે એક માણસનું ખાવુ બે માટે પૂરતુ છે અને બેનું ખાવુ ચાર માટે પૂરતુ છે અને ચારેવનું ખાવુ આઠ જણને માટે પૂરતુ છે.

**હદીષ-૪૮** : સહીહ બુખારીમાં હઝરત મિક઼દામ બિન મઅદીકરબ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવ્યું, પોત પોતાના ખાવાને માપી લીધા કરો, તમારા માટે એમાં બરકત થશે.

**હદીષ-૪૯** : ઈબ્ને માજા વ તિર્મિઝી વ દારમીએ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી છે કે નબીએ કરીમ ﷺની ખિદમતમાં એક વાસણમાં ષરીદ (શાકના રસામાં બોળેલી રોટલી) મૂકવામાં આવ્યું. ઈર્શાદ ફર્માવ્યો, કિનારાથી ખાવ વચ્ચેથી ન ખાવ કે વચમાં બરકત ઉતરે છે. ષરીદ એક જાતનું ખાવાનું છે જે રોટલી તોડીને શોરવામાં ચૂરી નાખે છે. હુઝૂર ﷺને આ ખાવાનું પસંદ હતું.

**હદીષ-૫૦** : તિબ્રાનીએ હઝરત અબ્દુર્રહમાન બિન મવક઼અથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, વાસણ જેને ભરવામાં આવે પેટથી વધારે ખરાબ નથી. જો તમારે કોઈ વસ્તુ પેટમાં નાખવી જ હોય તો ૧/૩માં ખાવાનું નાખો અને ૧/૩ માં પાણી અને ૧/૩ હવા અને શ્વાસ માટે રાખો.

**હદીષ-૫૧** : તિર્મિઝી વ ઈબ્ને માજાએ મિકદામ બિન મઅદીકરબ رضی اللہ عنہથી રિવાયત કરી કે મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યું કે માણસે પેટથી વધારુ બુરું કોઈ વાસણ નથી ભર્યું. ઈબ્ને આદમ (માનવી) માટે થોડાક કોળિયા પૂરતા છે જે તેની પીઠને સીધી રાખે, અને વધારે ખાવાની જરૂર પડે તો ૧/૩ પેટ ખાવા માટે, ૧/૩ પાણી માટે અને ૧/૩ શ્વાસ માટે.

**હદીષ-૫૨** : તિર્મિઝીએ ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺએ એક માણસની ઓડકારનો અવાજ સાંભળ્યો, તો ફર્માવ્યું, ઓડકાર ઓછી કર એટલા માટે કે **ક઼યામતના દિવસે સૌથી ભૂખ્યો તે હશે જે દુનિયામાં વધારે પેટ ભરે છે.**

**હદીષ–૫૩** : સહીહ મુસ્લિમમાં હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. કહે છે કે મેં નબીએ કરીમ صلی اللہ علیہ وسلمને ખજૂરો ખાતા જોયા અને હુઝૂર સુરીન (થાપા) પર એવા બેઠા હતા કે બંનેવ ઘૂંટણ ઉભા હતા.

**હદીષ–૫૪** : સહીહ બુખારી વ મુસ્લિમમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ બે ખજૂર ભેગી કરીને ખાવાની મનાઈ ફર્માવી જ્યાં સુધી સાથવાળાથી ઈજાઝત ન લઈ લે.

**હદીષ–૫૫** : સહીહ મુસ્લિમમાં હઝરત આઈશા رضی اللہ عنہاથી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જેમને ત્યાં ખજૂરો છે તે ઘરવાળા ભૂખ્યા નથી. અને બીજી રિવાયતમાં છે કે જે ઘરમાં ખજૂરો ન હોય તે ઘરવાળા ભૂખ્યા છે.

આ તે જમાનામાં અને મુલ્કના લેહાઝથી છે કે ત્યાં ખજૂરો વધારે પ્રમાણમાં થાય છે અને જ્યારે ઘરમાં ખજૂરો હોય છે તો બાળકો અને ઘરવાળાઓ માટે આરામની પરિસ્થિતિ છે કે ભૂખ લાગે તો તેને ખાઈ લે, ભૂખ્યા નહીં રહે.

**હદીષ–૫૬** : સહીહ મુસ્લિમમાં હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની પાસે જ્યારે ખાવાનું હાજર કરવામાં આવતું તો ખાધા પછી બચી ગયેલુ મારી પાસે મોકલી દેતા. એકવાર ખાવાનું વાસણ મારી પાસે મોકલી દીધું, તેમાંથી કાંઈ પણ ખાધુ ન હતું કારણ કે તેમાં લસણ પડયું હતું. મેં પૂછયું, શું આ હરામ છે ! ફર્માવ્યું, નહીં ! પરંતુ દુર્ગંધના કારણે તેને નાપસંદ કરું છું. મેં અર્ઝ કરી, જેને હુઝૂર صلی اللہ علیہ وسلم નાપસંદ ફર્માવે છે, તેને હું પણ નાપસંદ કરું છું.

**હદીષ–૫૭** : સહીહ બુખારી વ મુસ્લિમમાં હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે કે નબીએ કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જે માણસ લસણ અથવા પ્યાજ ખાય તે અમારાથી જુદો રહે. અથવા ફર્માવ્યું, તે અમારી મસ્જિદથી દૂર રહે અથવા પોતાના ઘરે બસી જાય. અને હુઝૂર صلی اللہ علیہ وسلمની ખિદમતમાં એક હાંડલી મૂકવામાં આવી જેમાં લાલી તરકારી હતી. હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, કેટલાક સહાબાઓ સમક્ષ મૂકી દો અને તેમને ફર્માવ્યું, તમે ખાઈ લો, એટલા માટે કે હું તેમનાથી વાતો કરું છું કે જેમનાથી તમે વાતો નથી કરતા, એટલે કે ફરિશ્તાઓ.

**હદીષ–૫૮** : તિર્મિઝી વ અબૂ દાઊદમાં હઝરત અલી کرم اللہ وجہہ الکریم થી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ લસણ ખાવાથી મના ફર્માવ્યું, પરંતુ એ કે પાકેલુ (રાંધેલુ) હોય.

**હદીષ–૫૯** : તિર્મિઝીએ હઝરત ઉમ્મે હાની رضی اللہ عنہاથી રિવાયત કરી. કહે છે કે મારે ત્યાં હુઝૂર صلی اللہ علیہ وسلم તશરીફ લાવ્યા અને ફર્માવ્યું, તમારે ત્યાં કાંઈક છે ? મેં અર્ઝ કરી, સૂકાયેલી રોટલી અને સિરકા સિવાય કશું જ નથી. ફર્માવ્યું, લાવો જે ઘરમાં સિરકો છે તે ઘરવાળાં શાકના મોહતાજ નથી.

**હદીષ–૬૦** : સહીહ મુસ્લિમમાં હઝરત જાબિર رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ઘરવાળાઓથી શાક માગ્યું. લોકોએ કહ્યું, અમારે ત્યાં સિરકા સિવાય કાંઈ નથી. હુઝૂર صلی اللہ علیہ وسلمએ તેને મંગાવ્યું અને તેનાથી ખાવાનું શરૂ કર્યું અને વારંવાર ફર્માવતા સિરકો સારુ સાલન (શાક) છે.

**હદીષ–૬૧** : ઈબ્ને માજાએ હઝરત અસ્મા બિન્તે યઝીદ رضی اللہ عنہاથી રિવાયત કરી છે કે નબીએ કરીમ صلی اللہ علیہ وسلمની ખિદમતમાં ખાવાનું લાવવામાં આવ્યું. હુઝૂર صلی اللہ علیہ وسلمએ અમને આપ્યું. અમે કહ્યું, અમારી ઈચ્છા નથી. ફર્માવ્યું, **ભૂખ અને જૂઠ બંનેવને એક ન કરો !**

એટલે કે ભૂખના સમયે ખાવાનું ખવડાવે તો ખાવ, એવું ન કહો કે ભૂખ નથી કે ખાવાનું પણ ન ખાવ અને જૂઠ પણ બોલી દેવું દુનિયા અને આખેરત બંનેવ માટે

નુકસાનકારક છે. કેટલાક સંકોચ કરનારા લોકો આવું કરે છે અને ઘણા ગામડાવાસી લોકો એવી આદત રાખે છે કે જ્યાં સુધી તેમને વારંવાર ન કહેવામાં આવે ત્યાં સુધી ખાવાની ના પાડે છે અને કહે છે કે અમને ખાવાનો ઈરાદો નથી ! જૂઠુ બોલવાથી બચવું જરૂરી છે.

**હદીષ–૬૨** : સહીહ મુસ્લિમમાં અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. કહે છે કે એક દિવસ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم બહાર તશરીફ લાવ્યા અને હઝરત અબૂબક્ર તથા હઝરત ઉમર رضی اللہ عنہما મળ્યા. ઈર્શાદ ફર્માવ્યું, કઈ વસ્તુ તમને આ સમયે ઘરની બહાર લાવી ? અર્ઝ કરી, ભૂખ ! ફર્માવ્યું, કસમ છે તેની જેની કુદરતમાં મારી જાન છે ! જે વસ્તુ તમને ઘરેથી બહાર લાવી તે મને પણ લાવી. ઈર્શાદ ફર્માવ્યું, ઊભા થાવ ! એ લોકો હુઝૂર صلی اللہ علیہ وسلم ની સાથે ઊભા થયા અને એક અન્સારીને ત્યાં તશરીફ લઈ ગયા. જોયું તો એ ઘરમાં ન હતા. અન્સારની બીવીએ જેવા જ આ હઝરાતોને જોયા, મર્હબા ! મર્હબા ! કહ્યું. હુઝૂર صلی اللہ علیہ وسلم એ દર્યાફ્ત ફર્માવ્યું, ફલાણો માણસ ક્યાં છે ? કહ્યું, મીઠુ પાણી લેવા ગયા છે. એટલામાં અન્સારી આવી ગયા. હુઝૂર صلی اللہ علیہ وسلم ને અને શૈખૈનને જોઈને કહ્યું, અલ્હમ્દુલિલ્લાહ ! આજે મારાથી વધીને કોઈ નથી જેને ત્યાં આવા મોઅઝ્ઝઝ્ મહેમાન આવ્યા છે. પછી તે ખજૂરનો લૂમ લાવ્યા જેમાં અડધી પાકી અને અડધી સૂકાયેલી ખજૂર હતી અને તરીવાળી પણ હતી. અને એ હઝરાતને કહ્યું, ખાવ ! અને જાતે છરી કાઢી (એટલે કે બકરી ઝબહ કરવાનો ઈરાદો કર્યો). હુઝૂર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, દૂધવાળીને ઝબહ ન કરશો ! અન્સારીએ બકરીને ઝબહ કરી. એ હઝરાતે બકરીનો ગોશ્ત ખાધો અને ખજૂરો ખાધી, પાણી પીધુ. જ્યારે ખાય પીને પરવારી ગયા તો હઝરત અબૂબક્ર رضی اللہ عنہ થી ફર્માવ્યું, કસમ છે જેના હાથમાં મારી જાન છે ! કયામતના દિવસે આ નેઅમતનો સવાલ થશે તમને ભૂખ ઘરેથી લાવી અને પાછા જતાં પહેલાં આ નેઅમત તમને મળી.

**હદીષ–૬૩** : મુસ્લિમ વ હઝરત અબૂ દાઊદમાં ઉમ્મે સલ્મા رضی اللہ عنہا થી રિવાયત કરી કે હુઝૂર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, **જે માણસ ચાંદી અથવા સોનાના વાસણોમાં ખાય અથવા પીએ છે તે પોતાના પેટમાં જહન્નમની આગ ઉતારે છે.**

**હદીષ–૬૪** : અબૂ દાઊદ વગેરેએ હઝરત અબૂ હૂરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરી છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જ્યારે ખાણામાં માખી પડી જાય તો તેને ડૂબકી મરાવી દો (અને ફેંકી દો). કેમ કે તેની એક પાંખમાં બીમારી છે અને બીજી પાંખમાં શિફા છે અને તે જ પાંખથી પોતાને બચાવે છે જેમાં બીમારી છે. એટલે કે તે જ પાંખ પહેલાં નાખે છે જેમાં બીમારી છે માટે આખીને ડૂબકી મારવી દો !

**હદીષ–૬૫** : અબૂ દાઊદે ઈબ્ને માજા વ દારમી હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જે માણસ ખાવાનુ ખાય (અને દાંતોમાં થોડુક રહી જાય) તેને જો ખિલાલ કરીને કાઢે તો થૂકી દે, અને જીભથી નીકળે તો ખાય જાય. જેણે આવુ કર્યું સારુ કર્યું અને ન કર્યું તો પણ કાંઈ વાંધો નથી.


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૫૦૦/–** (ટપાલ ખર્ચ રૂા. ૧૦૦/–) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہ

**લેખક : હઝરત મૌલાના મુફતી શફીક અહમદ શરીફી** *(દારુલ ઉલૂમ ગરીબ નવાઝ, ઈલાહાબાદ)*

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

ઘણા જ અફસોસની વાત છે કે વર્તમાનકાળમાં મુસલમાનોનું સર્વે કરી જુઓ તો મોટાભાગના યુવાનો બલ્કે કેટલાયે મોટેરાઓ પોતાના દીન તથા મઝહબ વિશે તદ્દન અજ્ઞાન જોવા મળે છે. ટી.વી. ચેનલોની રંગબેરંગી તાલીમ હવે સર્વવ્યાપી થઈ ચૂકી છે. તેમાં આવતા ફાસિક, ફાજિર, કાફિર હિરો, હિરોઈનો, ક્રિકેટરો, રમતવીરો...વગેરેને પોતાના જીવનના આઈડિયલ (આદર્શ) તરીકે કહેવાતી મુસ્લિમ કૌમ અપનાવવા માંડી છે ! અને એ તો સ્વભાવિક જ છે કે જે ૨૪ કલાક ટી.વી. સામે રહે કે મોબાઈલ પર નાચગાનનાં દશ્યો જોતા રહે, તો તેની ગંદકી તથા નિરર્થક બાબતો જ દિલો દિમાગ પર છવાતી જવાની અને ભૂલે ચૂકે ક્યાંક બે દીનની સારી વાતો સંભળાવનારો કોઈ મળે તો તેનાથી તેને પોતાની આઝાદી છીનવાતી હોય તેવો એહસાસ થતાં એવી જગાએ તે અકળામણ જ અનુભવશે ! મા બાપો પોતાની ફરજ ચૂકી રહ્યાં છે કે ઔલાદને દીની તાલીમ, દીની માહોલથી સંબંધિત રાખી નામનો નહીં પણ કામનો મુસલમાન બનાવે ! અરે ! મા બાપો જ એટલે સુધી કે આખી જિંદગી જેમણે ફિલ્મનો પડદો જોયો ન હતો તેઓ હવે જતી ઉંમરે ઘરમાં ટી.વી. લાવીને બેહયા સ્ત્રી પુરૂષોના સ્વચ્છંદતાભર્યા પ્રોગ્રામો તથા નાચો સહકુટુંબ જોવાના રસિયા બની ગયા છે ! (અને હવે સ્માર્ટ મોબાઈલના આ દૌરમાં તો દરેક હાથમાં જાણે તલ્વાર આવી ગઈ છે ! કે જે દિલમાં રહેલ નેકીની રહી સહી તડપને પણ કત્લ કરી રહેલ છે ! મોબાઈલના દુરુપયોગથી સમાજમાં ઝડપભેર ખરાબીઓ તથા બર્બાદીઓ આમ થઈ રહી છે.

લોકોને હિરો, હિરોઈનો, ક્રિકેટરોના જીવનની ઝીણી વાતો, તેમની કારકિર્દી, તેમનો કલંકિત ઈતિહાસ યાદ છે અને તેને રસપૂર્વક વાંચે છે, પણ પૂછો કે કેટલા મુસલમાન છે જેમણે અલ્લાહના પ્યારા રસૂલે પાક ﷺના જીવન મુબારકનો એકવાર પણ અભ્યાસ કર્યો હોય ? ઈસ્લામના મહાન ખલીફા કેટલા ? કયા કયા ? મહાન સહાબીઓ કોણ થઈ ગયા ? ઈસ્લામ માટે શું કુર્બાનીઓ તેમણે આપી ? ગૌષે આ'ઝમ તથા ખ્વાજા ગરીબ નવાઝ તથા અન્ય મહાન બુઝુર્ગો رضی اللہ عنہمની નિયાઝ ધરાઈને આરોગી જનારાઓને પૂછો કે આ બુઝુર્ગોનું પૂરું નામ, તેમની ખૂબીઓ શું હતી ? મુજદ્દિદ એટલે શું ? કોણ કોણ મુજદ્દિદ થઈ ગયા ? ઈમામ અહમદ રઝા કોણ છે ? દીન તથા સુન્નિયત માટે તેમણે શું કર્યું ? તેમણે શું તાલીમ આપી છે ? ખબર છે ?! તો શાયદ લુખ્ખા હાસ્ય સિવાય કોઈ જવાબ તેમની પાસેથી મળશે નહીં ! ઈલ્લા માશાઅલ્લાહ ! કેટલી કંગાળ તથા કફોડી હાલત દરેક ક્ષેત્રે મુસલમાનોની થઈ રહી છે ! છતાં આજે આપણને ફિકર છે તો એ કે કોના કેટલા રન થયા ? કોણ જીતશે ? પણ કિયામતમાં પોતાનો શો અંજામ થશે એની પરવા નથી ! પોતાના સ્કોરની પરવા નથી !

કેટલાક તો એવા છે કે પોતે હનફી મઝહબથી સંબંધિત છે કે શાફઈ, માલિકી કે હંબલી એ જ ખબર

નથી ?! "હનફી" છે તો શા માટે ? હનફી કોને કહેવાય ? ઈમામે આ'ઝમ અબૂ હનીફા કોણ હતા ? કેવા હતા ? તેમણે શું કર્યું હતું... વગેરે પ્રશ્નો પૂછાતાં બાઘા બની જોયા કરે છે !

હે સુન્નીઓ ! જાગો અને સમજો ! શું આપણે દીન તથા મઝહબ વિશે કોરા રહીને તથા દુનિયવી સેંકડો ખરાબીભરી ફિલ્મો, રમતોના, પ્રપંચોના જ્ઞાનના એકસપર્ટ રહીને, તેમાં જ રચ્યા પચ્યા રહીને પોતાને આશિકે રસૂલ કહીએ એ શોભાસ્પદ છે ? હરગિઝ નહીં ! તો આવો દોસ્તો ! દીની તાલીમ હાંસલ કરો અને આ કિતાબ "ઈમામે આ'ઝમ અબૂ હનીફા" رضی اللہ عنہનો અભ્યાસ કરી ચારેવ મહાન ઈમામો વિશે જાણકારી મેળવો.

આપણા આ ચારેવ મહાન ઈમામોએ વિવિધ હદીષો એકત્ર કરતા રહીને તેના પરથી દીની (ફિકહી) મસાઈલ દર્શાવ્યા છે. જેમના સુધી જે પ્રમાણે હદીષો પહોંચી તેના જ આધારે વિવિધ મસ્અલા રચાયા, જેથી જ ચારેવ ઈમામોના મસાઈલોમાં કેટલોક મતભેદ રહેલો છે, વિવિધતા રહેલી છે. પણ એ ચારેવને હક્ક પર માનવાના છે કેમ કે તેમને જેવી હદીષો પહોંચી તે પરથી જ મસ્અલા બન્યા છે. હવે પયરવી એ ચારેવમાંથી ગમે તે એકની કરવાની છે, તેને "તક્લીદ" કહે છે. (જેની વિસ્તૃત માહિતી તો "જાઅલ હક્ક ભાગ–૧ માં જુઓ) તકલીદ કરનારને 'મુકલ્લિદ' કહે છે અને તકલીદમાં ન માનનારને ગૈર મુકલ્લિદ તથા ગુમરાહ કહેવાય છે. મૌલા તઆલા તેની, તેના પ્યારા મહબૂબ ﷺની તથા સર્વ બુઝુર્ગાને દીન તથા ઈમામોની મહોબ્બતમાં જીવાડે, ઈસ્લામ પર મરી ફિટવાની તૌફીક આપે, ઈલ્મે દીનની મહોબ્બત અતા કરે અને ઈમાન સાથે મદીનામાં મૌત નસીબ કરે. આમીન.

*(પટેલ શબ્બીર અલી રઝવી)*

## ★ ચાર ઈમામોમાંથી કોઈ એકની પયરવી વાજિબ ★

શરીઅતના તમામ એહકામના નિયમોને કુર્આન હદીષની રોશનીમાં ગોઠવણ કરી બંધારણ તૈયાર કરનાર ચાર મહાન ઈમામો : (૧) ઈમામે આ'ઝમ અબૂ હનીફા (૨) ઈમામ માલિક (૩) ઈમામ શાફઈ (૪) ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضوان اللہ تعالیٰ علیہم اجمعین છે.

આ ચારેય ઈમામોને હક માનવા લાઝિમ છે પણ પયરવી (તકલીદ) ચારમાંથી કોઈ પણ એક જ ઈમામની કરવી વાજિબ છે, જેમાં ન માનનારો ગૈરમુકલ્લિદ તથા ગુમરાહ છે.

ચારેય ઈમામોમાં મહાન ઈમામ ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ જેમના અનુયાયીઓ હનફી તરીકે ઓળખાય છે, જેમ કે આપણે સહુ 'હનફી' છીએ.

આપનુ નામ મુબારક નોઅમાન ઈબ્ને ષાબિત, કુન્નિયત હનીફા, લકબ ઈમામે આ'ઝમ છે. આપની પયદાઈશ હિ.સ. ૮૦માં કૂફા (ઈરાક)માં થઈ અને હિ.સ. ૧૫૦માં વફાત પામ્યા. બગદાદ શરીફમાં આપનો મઝારે મુકદ્દસ આવેલ છે. આપે ચાર મહાન સહાબાઓ : (૧) હઝરત સૈયદના અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہ જેઓ હુઝૂર સરવરે આલમ ﷺના ખાદિમ હતા (૨) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઔફ (૩) હઝરત સુહેલ ઈબ્ને સઅદ (૪) હઝરત સૈયદના અબૂ તુફૈલ આમિર ઈબ્ને વાસિલહથી મુલાકાત લીધી હતી, એટલા માટે આપ એક જલીલુશ્શાન તાબઈ છે. આપે શાહઝાદાએ નબી હઝરત ઈમામ જાફર સાદિક رضی اللہ عنہથી પણ મુલાકાત લીધી હતી. رحمۃ اللہ علیہم اجمعین

## ★ ઈમામે આ'ઝમના વિશે હુઝૂર સૈયદે આલમ ﷺની બશારતો ★

હુઝૂર ﷺની એ આગાહી સાચી સાબિત થઈ

કે અવલાદે ફારસ ઈલ્મ પર પ્રભુત્વ ધરાવનારી થશે. ઈમામ બુખારી તથા મુસ્લિમ અને શીરાઝી તથા તિબ્રાનીના શબ્દો આ જ પ્રમાણે છે, (અર્થ) "જો ઈલ્મ કેહકશા (આકાશગંગા) સુધી પણ પહોંચી જાય તો એહલે ફારસના કેટલાક માણસો તેને પ્રાપ્ત કરીને રહેશે." અને તિબ્રાનીના શબ્દો કૈસની રિવાયતથી આ મુજબ છે કે, "તેને અરબ નહીં લે તો કેટલાક ફારસના મર્દ જરૂર તેને લેશે."

આ સ્થળે હાફિઝ મોહક્કિક ઈમામ જલાલુદ્દીન સિયુતી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે, આ અસલ સહીહ છે. જેના પર ઈમામે આ'ઝમના અનુસંધાનમાં બશારતો અને તેમની ભરપુર ફઝીલતમાં વિશ્વાસ કરવામાં આવે છે. ઈમામ જલાલુદ્દીન સિયુતીના કેટલાક શાગિર્દોએ ફર્માવ્યું કે આ હદીષથી ઈમામે આ'ઝમ પ્રતિ ઉદ્દેશ હોવું જેમ કે અમારા ઉસ્તાદે જણાવ્યું એ ઉઘાડુ છે. તેમાં કોઈ પ્રકારનો શક નથી, કેમ કે તેમના સમયમાં એહલે ફારસથી કોઈ શખ્સ ઈલ્મમાં તેમના મર્તબા સુધી નથી પહોંચ્યો, એટલું જ નહીં તેમના શાગિર્દોના મર્તબા સુધી પણ કોઈની પહોંચ થઈ શકી નથી અને તેમાં હુઝૂર ﷺનો ખાસ એજાઝ છે કે, આપે ગયબની ખબર આપી, જે થવાનું હતું તે બતાવી દીધું.

આપ વ્યાપાર ધંધામાં મશગૂલ હતા સાથોસાથ ઉલમાથી પણ સંબંધ રાખતા હતા. કેટલાક ઉલમાએ આપનામાં બુદ્ધિ તથા ઈલ્મ અને દિમાગની ચતુરાઈના અંશો જોયા અને ઈચ્છયું કે આ બેહતરીન આવડતો ફક્ત વ્યાપારી જિંદગી માટે ન રહી જવી જોઈએ. ઈમામ સાહબ ફર્માવે છે, એક દિવસે સહાબીને ત્યાં મારે જવાનુ થયું તેમણે મને બોલાવ્યો અને કહેવા લાગ્યા, આપની આવન જાવન ક્યાં રહે છે ? મેં કહ્યું, બજાર જાઉં છું. તેમણે કહ્યું મારો આશય બજારથી નથી પણ ઉલમાને ત્યાં આવન જાવન વિશે છે ! મેં કહ્યું, મારી આવજા ઉલ્મા પાસે ખૂબ ઓછી છે. તેમણે કહ્યું, ગફલત ન કરશો, ઈલ્મનો દર્સ તથા અભ્યાસ અને ઉલમાની સોહબત આપના માટે અત્યંત જરૂરી છે કેમ કે આપનામાં હું તડપ અને જાગૃતિની અસરો જોઉં છું.

મારા દિલ પર આ વાત અસર કરી ગઈ અને મેં બજારના ફેરા છોડી દઈ ઈલ્મ પઢવાનું શરૂ કર્યું, ખુદા તઆલાએ તેમની વાતથી મને ફાયદો પહોંચાડયો.

ઈલ્મે કલામ તથા જદલ તથા મુનાઝિરામાં પરિપૂર્ણતા મેળવ્યા બાદ ફિક્હનો ઈલ્મ (શરઈ મસ્અલામાં સંશોધન) આપના કાર્યક્ષેત્રનુ કેન્દ્ર બન્યો.

ઈમામ સાહબ ફર્માવે છે, હું **ફિક્હના ઈલ્મની ખાણ** કૂફામાં સ્થાયી હતો, કૂફાવાળાઓનો હમ મજલિસ રહ્યો પછી કૂફાના ફુક્હા (ફકીહો)માંથી એક ફકીહ (હમ્માદ)ના દામન સાથે જોડાયો.

## ★ આપના ઉસ્તાદો ★

ઈમામ અબૂ હફ્સ કુબરાએ આપના ઉસ્તાદોની સંખ્યા ચાર હજાર બતાવી છે અને બીજાઓએ કહ્યું કે ફક્ત તાબઈન رضی اللہ عنہمમાં આપના ઉસ્તાદ ચાર હજાર છે તો ગૈર તાબઈનની ગણત્રી કોણ કરી શકે છે ! આપ કેટલીયવાર હજ્જે બતુલ્લાહથી મુશર્રફ થઈ ચૂક્યા હતા. મક્કા તથા મદીનાના ઉલમાથી પણ મુલાકાતનો શર્ફ હાંસલ કરી ચૂક્યા હતા. મશહૂર ઉસ્તાદો આ પ્રમાણે છે : ઈમામ, હમ્માદ, ઈમામ ઝયદ ઈબ્ને અલી ઝયનુલ આબેદીન, હઝરત જાફર સાદિક, અબ્દુલ્લાહ ઈબ્ને અલી, માલિક ઈબ્ને અનસ, ઈમામ દારુલ હિજરત, ઈમામ શઅબી, અકરમહ ઈબ્ને તિલમીઝે ઈબ્ને અબ્બાસ, નાફેઅ શાગિર્દ ઈબ્ને ઉમર, અતાઅ ઈબ્ને અબી રબાહ વગેરે.

## ★ ઈમામે આ'ઝમ અને ઈમામ બાકિરનો સંવાદ ★

ઈમામ બાકિર ખૂબ જ મોટા આલિમે દીન હતા. ઈમામ અબૂ હનીફા સાથે તેમની મુલાકાત તે સમયે થઈ જ્યારે તેમના ફિક્હ અને રાયની ચર્ચા નવી નવી શરૂ થઈ હતી. મુલાકાતનો આ પ્રસંગ મદીના પાકમાં બન્યો. ઈમામ બાકિરે આપને ઉદ્દેશીને ફર્માવ્યું, આપે તો મારા નાનાજાનના દીન અને તેમની હદીષોને કયાસમાં બદલી નાખી ! ઈમામે આઝમે કહ્યું, અલ્લાહની પનાહ ! જનાબ બાકિરે કહ્યું, આપે એવું જ કર્યુ છે !

**ઈમામે આ'ઝમ** : તશરીફ રાખો (બેસો) ! જેથી હું પણ અદબની સાથે બેસી શકું, કેમ કે મારી નજીક આપ એ પ્રકારના એહતેરામના લાયક છો જેવી રીતે સહાબાની નજરમાં આપના નાના હતા. જનાબ બાકિર બેસી ગયા અને ઈમામે આ'ઝમ પણ અદબભેર આપની સમક્ષ બેસી ગયા.

**ઈમામે આ'ઝમ** : હું આપને ત્રણ વાતો પૂછવા ઈચ્છુ છું તેના જવાબ આપશો. શું મર્દ કમઝોર છે કે ઔરત ?

**જનાબ બાકિર** : ઔરત

ઈમામે આ'ઝમ : જેહાદમાં ઔરતને શું હિસ્સો મળે છે ?

**જનાબ બાકિર** : મર્દને બે હિસ્સા ઔરતને એક.

ઈમામે આ'ઝમ : આ આપના નાનાનું ફર્માન છે. જો મેં તેમના દીનને બદલી નાખ્યો હોત તો કયાસ પ્રમાણે આદમીને એક હિસ્સો આપત અને ઔરતને બે, કેમ કે ઔરત કમજોર હોય છે.

**ઈમામે આ'ઝમ** : ઠીક, એ બતાવો કે નમાઝ બેહતર છે કે રોઝા ?

**જનાબ બાકિર** : નમાઝ.

ઈમામે આ'ઝમ : આ આપના નાનાનો ઈર્શાદ છે. જો મેં તેમનો ઈર્શાદ બદલી નાખ્યો હોત તો ઔરતથી કહેત કે હૈઝથી પાક થઈને રોઝાના બદલે તે ગયેલી નમાઝો અદા કરે. ઠીક, હવે એ બતાવો કે પેશાબ વધુ નાપાક છે કે વિર્ય ?

**જનાબ બાકિર** : પેશાબ વધારે નાપાક.

**ઈમામે આ'ઝમ** : જો હું કયાસને વધુ મહત્વ આપત તો હું ફત્વો આપત કે પેશાબ કરવાથી ગુસલ જરૂરી અને વિર્ય સ્ખલનથી વુઝૂ, અલ્લાહની પનાહ ! ભલા આ કામ હું કેવી રીતે કરી શકું ?

જનાબ બાકિર ઉઠીને ગળે લાગ્યા, ચહેરા પર બોસો દીધો અને આપની તાઝીમ કરી. આ ઈમામે આ'ઝમની ઈમામ બાકિર સાથે પહેલી મુલાકાત હતી. ઈમામ બાકિર કેવળ એટલું જ જાણતા હતા કે તેઓ કયાસ કરવામાં વધુ મશહૂર છે એટલા માટે આવો પ્રશ્ન તેમનાથી કર્યો જેમ કે કોઈ અજાણ્યાને પૂછવામાં આવે. જ્યારે તેમને ખબર પડી કે અબૂ હનીફા શરઈ દલીલ હોય તો કયાસ પર અમલ નથી કરતા તો તેમના ચેહરાને બોસો દીધો.

## ★ ઈમામ સાહબેના શાગિર્દો ★

આપના શાગિર્દો અસંખ્ય છે, જેની ગણત્રી અશક્ય છે. એટલા માટે કેટલાક ઉલમાએ કહ્યું કે ઈસ્લામના સુવિખ્યાત અઈમ્મા (ઈમામો)માં કોઈના શાગિર્દ આટલા પ્રમાણમાં જાહેર નથી થયા, જેટલા પ્રમાણમાં ઈમામ અબૂ હનીફાના, અને ઉલમા તથા અવામને કોઈનાથી એટલા પ્રમાણમાં ફાયદો નથી પહોંચ્યો જેટલો ઈમામ અને તેમના શાગિર્દોથી પહોંચ્યો. કેટલાક શાગિર્દો આપની પાસે અદબભેર રહી આપનો તરીકો ધારણ કરી ફૈઝયાબ થઈ વતન પાછા જતા હતા, કેટલાક આપના દામનથી વાબસ્તા રહેતા અને છેવટ સુધી છોડીને જતા ન હતા. એકવાર

આપે ફર્માવ્યું, આવા ત્રીસ માણસો છે જેમાંથી ૨૮ કાઝી (ઈસ્લામિક જજ) બનવાને લાયક છે, છ મુફતી બનવાને લાયક અને અબૂ યૂસુફ તથા ઝફર કાઝી અન્ય મુફતીઓની દેખરેખ તથા ઈસ્લાહની કાબેલિયત ધરાવે છે.

આ વાતમાં કોઈ શંકાને સ્થાન પણ નથી. હા ! ઈમામ મુહમ્મદ رحمۃ اللہ علیہ ઈમામે આ'ઝમની વફાતના સમયે ૧૮ વરસના હતા જેથી તેમની સમજ એટલી પુખ્ત ન હોઈ શકે કે જે કાઝીના હોદ્દા માટે યોગ્ય ઠરે. તેમ છતાં પણ એ હકીકત છે કે ફિકહે હન્ફીમાં ખાસ અને ઈરાકી ફિકહમાં ઈમામ મુહમ્મદની કિતાબોને પ્રતિનિધિત્વ છે.

## ★ ઈમામે આ'ઝમના દર્સ અને ફત્વાઓનો પ્રારંભ ★

જ્યારે કૂફાના રઈસુલ ઉલમા, ઈમામ સાહબના ઉસ્તાદે ગિરામી હઝરત હમ્માદ رحمۃ اللہ علیہનો વિસાલ થઈ ગયો તેથી મસ્નદે તદરીસ (દર્સ આપવાની જગા) ખાલી પડી તો જરૂરતનો એહસાસ થયો કે આપની જગાએ કોઈ રોનક અફરોઝ થઈને ઈલ્મ પિપાસુઓની તૃપ્તિ બુઝાવે. તો લોકોએ પહેલાં હઝરત હમ્માદના સાહબઝાદાને બેસાડયા પરંતુ આવતા જતા લોકોને સંતોષ ન થયો, કારણ કે તેમનુ વધુ ધ્યાન ઈલ્મે નહ્‌વ અને તથા ઈલ્મે કલામ પ્રત્યે હતું. ત્યાર બાદ મૂસા ઈબ્ને કખીર બેઠા પરંતુ તેઓ મોટા મોટાઓને મળ્યા કરતા હતા એટલે લોકોએ તેમને નાપસંદ કર્યા. ત્યાર બાદ સર્વ સંમતિથી ઈમામે આ'ઝમ પસંદ કરવામાં આવ્યા. આપે પણ સૌની વાત માન્ય રાખી અને ફર્માવ્યું, હું નથી ચાહતો કે ઈલ્મ મરી જાય.

ત્યાર બાદ ઈલ્મના તરસ્યાઓ આપની પાસે ટોળાબંધ આવવા લાગ્યા અને આપનો અતિ વિશાળ ઈલ્મ તથા અન્ય ગુણો જોઈને લોકો બીજાઓને છોડી અને તેમના થઈને રહી ગયા. પછી આપ પ્રગતિ કરતાં કરતાં ઉલૂમે દીનિયહના મુલાઝિમ બન્યા, ત્યાં સુધી કે આપનું દર્સી ક્ષેત્ર તમામ દર્સગાહોથી વિશાળ થઈ ગયું, લોકોનાં દિલો આપની તરફ વળી ગયાં અને ઉમરાવો આપની તાઝીમ કરતા અને ખલીફાઓ આપને યાદ કરતા.

એક દિવસે આપે ખ્વાબ જોયો કે રહમતે આલમ ﷺની કબરને ખોલીને ઉસ્તવાનહાએ શરીફને એકત્ર કરી અને છાતી પર રાખ્યાં. અને બીજી રિવાયતમાં છે કે કાઢયા બાદ કેટલાકને કેટલાકથી જોડવા લાગ્યા. તો આપે કોઈને અલ્લાહમહ ઈબ્ને સીરીંની પાસે મોકલીને ખ્વાબની તાબીર પૂછી. તેમણે બતાવ્યું કે આ ખ્વાબને જોનાર નબીએ અકરમ ﷺના તરીકાને લોકો માટે ખોલશે અને તેની બેનઝીર તાવીલ કરશે. તેથી આપ ત્યારથી મસાઈલની તરફ મુક્ત મને ધ્યાનિત થયા અને એ પ્રકારનું સંશોધન કર્યું કે બુધ્ધિ આશ્ચર્ય પામે છે.

## ★ હન્ફી મઝહબની બુનિયાદ ★

તારીખે બગદાદ, ભાગ–૧૩, પાના–૩૬૮માં ઈમામ સાહબથી નકલ થયેલ છે કે, ''હું કિતાબુલ્લાહથી સનદ લઉં છું, જો તેમાં કોઈ મસ્અલો ન મળે તો હદીષે રસૂલ ﷺથી અને જો કિતાબ તથા સુન્નત (કુર્આન તથા હદીષ) બંને થકી ન મળે તો સહાબાઓના કથનો પરથી વિશ્લેષણ કરું છું. જેનો કોલ ચાહું લઈ લઉં છું અને જેને ચાહું છોડી દઉ છું. પરંતુ જ્યારે મામલો ઈબ્રાહીમ નખઈ, શઅબી, ઈબ્ને સીરીં, હસન, અતાઅ અને સઈદ ઈબ્ને મુસૈય્યિબ સુધી પહોંચે છે, (આપે ઘણાયે અસ્હાબના નામો ગણાવ્યાં) તો તેઓ ઈજતેહાદ કરવાવાળા લોકો હતા, અમને પણ ઈજતેહાદ કરવાનો હક હાંસલ છે.''

આ પ્રમાણે ઘણી જગાએ આપના કથનો નકલ થયેલ છે. દરેકને અભ્યાસ બાદ જાણવા મળે છે કે ઈમામે આ'ઝમની રાયમાં ફિક્હી દલીલો સાત છે : (૧) કિતાબુલ્લાહ (૨) સુન્નતે રસૂલ (૩) અક્વાલે સહાબા (૪) ઈજમાએ ઉમ્મત (૫) ક્યાસ (૬) ઈસ્તેહસાન (૭) ઉર્ફ.

આ જ છે તે ફિક્હી દલીલો જેના પર આપની ફિક્હી તારવણી આધારભૂત હતી. ફુઝૈલ ઈબ્ને અયાઝે કહ્યું, જો મસ્અલામાં કોઈ હદીષ સહીહ હોય તો તેની ઈત્તેબાઅ કરતા, નહીં તો અક્વાલે સહાબા (સહાબાના કથનો) અથવા તાબઈન رضی اللہ عنہ ની તરફ રુજૂઅ ફર્માવતા, જો એ પણ ન થાય તો ક્યાસ કરતા અને ઉચિત ક્યાસ કરતા.

ઈબ્ને મુબારકે ઈમામ સાહબથી રિવાયત કરી કે જ્યારે રસૂલુલ્લાહ ﷺની હદીષ મળે તો સહર્ષ સ્વીકારે અને સહાબાએ કિરામના કથનો મળે તો તેને અપનાવે છે, તેમાં (પોતાના તરફથી) તજવીઝ કરતા નથી. જો કે તાબઈનની વાત આવે છે તો પોતે છાનબીન કરે છે. તદ્ ઉપરાંત તેમનાથી જ રિવાયત છે કે, **મને લોકો વિશે આશ્ચર્ય છે કે જેઓ કહે છે કે ઈમામ સાહબે પોતાની રાયથી ફત્વા આપ્યા ! તેઓ પોતાની રાયથી ફત્વા આપતા નથી પરંતુ સુન્નતે રસૂલ અને સહાબાએ કિરામના અક્વાલ તથા અફઆલ (કથનો તથા કાર્યો)ના આધારે હુકમ બતાવે છે.**

મુઝનીથી રિવાયત છે કે ઈમામ શાફઈથી સાંભળ્યું કે કયાસમાં લોકો ઈમામ અબૂ હનીફાની ઔલાદ છે. ઈમામ સાહબના ક્યાસો બારીક હોય છે.

## ★ આપની વિશિષ્ટ ખૂબીઓ ★

**(૧)** આપે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની એક જમાઅતને જોઈ એ વિવિધ રીતે અને સહીહ સનદ સાથે સાબિત છે. સૈયદે આલમ ﷺએ ફર્માવ્યું કે, **ખુશખબરી છે તેઓના માટે જેમણે મને જોયો અને જેણે મને જોનારને જોયો અને જેણે તેઓને જોવાવાળાને જોયો.**

**(૨)** આપ ખયરે કુરૂન અલલ ઈત્લાકે કુરૂને નબવી ﷺમાં પેદા થયા અને સહી સનદ સાથે સાબિત છે કે સૈયદે આલમ ﷺએ ફર્માવ્યું **"બેહતર જમાનો મારો જમાનો છે, પછી તેના પછીનો, પછી તેના પછીનો."**

**(૩)** આપે તાબઈનના દૌરમાં ફત્વા આપવાનુ શરૂ કર્યું. ઈમામ અઅ્મશ જેમની શાનની મહાન ખ્યાતિ છે તેઓ પણ જ્યારે હજ માટે જવા લાગ્યા તો આપણા ઈમામને કહેવડાવ્યું કે મારા માટે મનાસિકે હજ લખી આપે. અને એવું કહેતા હતા કે મનાસિક ઈમામ અબૂ હનીફા પાસેથી હાંસલ કરો, મારી જાણ પ્રમાણે ફર્ઝ તથા નફ્લનો તેમનાથી વધુ જાણકાર (માહિર) કોઈ નથી.

**(૪)** આપના અકાબિર (મહાન બુઝુર્ગો) શોયુખ જેમ કે અમ્ર ઈબ્ને દીનાર વગેરેએ આપથી રિવાયત કરી.

**(૫)** જેટલા પ્રમાણમાં શાગિર્દો આપના થયા આપના પછી કોઈના નથી થયા.

**(૬)** સૌ પ્રથમ ફિક્હનો ઈલ્મ એકત્ર કર્યો અને કિતાબો અને પ્રકરણની ગોઠવણી કરી.

## ★ ઈમામે આ'ઝમ વિશે અઈમ્માએ કિરામના ઈર્શાદો ★

ઉલમા ફર્માવે છે, જે મસાઈલ ઈમામે આ'ઝમની સમક્ષ નક્કી ન થઈ શક્યા તે ક્યામત સુધી બેચેન રહેશે. ઈમામ અબૂ યૂસુફ કેટલાક મસ્અલાઓમાં પરેશાન થઈને ફર્માવતા, જ્યાં અમારા ઉસ્તાદનો કોઈ

કૌલ નથી ત્યાં અમારો પણ એ જ હાલ છે.

ઈમામ આરિફ બિલ્લાહ સૈયદી અબ્દુલ વહાબ શઅરાની કુદ્દેસ સિર્રહૂના અકાબિર ઉલમાએ શાફઈય્યહથી 'મિઝાનુશ્શરીઅતુલ કુબરા'માં છે, "મેં મારા સરદાર હઝરત અલી ખવાસને ફર્માવતાં સાંભળ્યા કે ઈમામ અબૂ હનીફાના સંશોધનો બારિક છે, શાયદ કે લોકોમાં અકાબિરે અવલિયા અને કશ્ફથી જોનારા ઉલમા સિવાય અન્ય લોકો સમજી ન શકે."

ઉસ્તાઝુલ મુહદ્દિષીન ઈમામ અઅ્મશ, હઝરત અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہના શાગિર્દ તથા ઈમામે આ'ઝમના ઉસ્તાદે ઈમામે આ'ઝમને ફર્માવ્યું, "ફક઼ીહોના ગિરોહના તમે તબીબ છો અને અમે મુહદ્દિષો દવા વેચનારા છીએ ! અને હે અબૂ હનીફા ! તમે બંને છેડા સર કર્યા."

ઈમામ સુફયાન ષૌરીનો ઈર્શાદ છે કે, "આપને તે ઈલ્મ ઉપડે છે જેનાથી અમે બધા ગાફિલ હોય છીએ." અને ફર્માવ્યું, "અબૂ હનીફાની વિરૂધ્ધ કરનારો તેનો મોહતાજ છે કે તેમનાથી મર્તબામાં અને ઈલ્મમાં વધી શકે, અને આમ થવું અશક્ય છે."

ઈમામ શાફઈએ કહ્યું, "આખા જહાનમાં કોઈની બુધ્ધિ અબૂ હનીફાની જેમ નથી."

ઈમામ બક્ર ઈબ્ને હબ્શએ કહ્યું, "જો તેમના અરસાની તમામ અક્કલોની સાથે (આપની અક્કલને) તોલવામાં આવે તો એક અબૂ હનીફાની અક્કલ તમામ અઈમ્મા તથા મુજતહેદીન તથા મુહદ્દિષો તથા આરિફો સૌની અક્કલ પર સવાર થઈ જાય."

ઈમામે અલી ઈબ્ને આસિમે કહ્યું, "જો અબૂ હનીફાની બુધ્ધિ જમીન પરના અડધા માણસોની બુધ્ધિ સાથે તોલવામાં આવે તો અબૂ હનીફાની બુધ્ધિ વધી જાય."

ખતીબે ઈમામ શાફઈથી રિવાયત કરી કે કોઈએ ઈમામ માલિક علیہ السلامથી પૂછયું, આપે ઈમામ અબૂ હનીફાને કેવા પામ્યા ? ફર્માવ્યું, "એવા પામ્યા કે જો તમને આ થાંભલાને સોનાનો કહે તો તેને દલીલ વડે સાબિત કરી દે !"

ઈમામ શાફઈએ ફર્માવ્યું, "ફિકહમાં કમાલ પ્રાપ્ત કરે તે અબૂ હનીફાની ઔલાદ બને, અબૂ હનીફા તે લોકોમાંથી છે કે ફિક઼હ તેમના માફક કરી દેવામાં આવેલ છે."

ઈમામ અવઝાઈએ ઈબ્ને મુબારકથી ફર્માવ્યું, "ઈમામ સાહબની ઈલ્મી સમૃધ્ધતા અને બુધ્ધિની કમાલ પર રશ્ક (કાશ ! કે પોતાને પણ તેવું મળે તેવી ઈચ્છા) કરું છું."

ઈમામ અહમદ ફર્માવે છે, **"અબૂ હનીફા ખુદા સિવાય દુનિયાથી બેપરવા, દુનિયાને તર્ક કરનારા તથા આખેરતના કાજે કુરબાન થઈ જનારા લોકોમાં એવા રુત્બાવાળા છે કે કોઈ પહોંચી શકતું નથી."**

મક્કી ઈબ્ને ઈબ્રાહીમ કહે છે, "ઈમામ અબૂ હનીફા પોતાના અરસામાં સૌથી વધુ માહિર હતા."

ખારજહ ઈબ્ને મુસ્અબ ફર્માવે છે, "ફકીહોમાં ઈમામ અબૂ હનીફા ચક્કીની ખીલી સમાન છે અથવા તે વિશ્લેષણ કરનારની જેમ જે સોનાની પરખ કરે છે."

ઈબ્રાહીમ ઈબ્ને મઆવિયહ ઝરીરનું કહેવું છે કે, **"ઈમામ અબૂ હનીફાથી મહોબ્બત દીનના કામિલ હોવાની દલીલ છે."**

આ પ્રમાણે ફક્ત પૂર્વજ બુઝુર્ગોના કથનો જમા કરવામાં આવે જે તેઓએ ઈમામના વિશે ફર્માવ્યાં છે, તો એક કિતાબ તૈયાર થઈ જાય એટલા માટે આટલે જ અટકીએ છીએ.

*(ક્રમશઃ)*

# ગૈર નબી પર મુસ્તક઼િલ (એકલા પર) અલૈહિસ્સલામ દુરૂદ પઢવુ મના

**લેખક** : શૈખુલ હદીષ વત્તફસીર, મુહક્ક઼િકે દૌરાં,
**પીર અલ્લામા ગુલામરસૂલ ક઼ાસમી નકશબંદી** (સરગોધા, પાક.)

:: અનુવાદક ::
**પટેલ શબ્બીર અલી રઝવી**

*ઘણા મુક઼ર્રિરો તથા અમુક અન્ય લોકો પણ ગૈર નબી માટે "અલૈહિસ્સલામ" લખતા બોલતા હોય છે તો એવું કહેવું લખવું મના હોવું આ લેખમાં દર્શાવવામાં આવે છે, જેના સમર્થનમાં સલફે સાલેહીન (પૂર્વજ બુઝુર્ગો)ના તથા અહલે સુન્નતના મશહૂર ઈમામો તથા ફક઼ીહોની કિતાબોના હવાલા રજૂ કર્યા છે તો આ બાબતે આ લેખનો ધ્યાનથી અભ્યાસ કરી તેવું લખવા બોલવાથી બચવું જોઈએ. –તંત્રી.*

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે **કોઈ માણસની તરફથી કોઈ માણસ પર સલાત મોકલવું યોગ્ય નથી સિવાય નબી પર.** પરંતું મુસલમાન પુરૂષો અને સ્ત્રીઓના માટે મગફિરત (રહમત તથા રિઝવાન)ની દુઆ કરવી જોઈએ.

હઝરત ઈમામ નવવી رحمۃ اللہ علیہ લખે છે : (અર્થ) બાકી રહી સલામ ! તો શયખ અબૂ મુહમ્મદ જુવૈની શાફઈ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે એ પણ સલાતના અર્થમાં જ છે, જેથી ગાયબના માટે વાપરવામાં નહીં આવે અને ગૈર નબી માટે નહીં પઢવામાં આવે અને નહીં કહેવામાં આવે અલી અલૈહિસ્સલામ. એમાં જીવતાં તથા મૃત્યુ પામેલાં સરખાં છે. હા ! જે હાજર છે તેને સંબોધન કરવામાં આવશે અને કહેવામાં આવશે : અસ્સલામુ અલૈકુમ. અને એના પર ઈજમાઅ છે.

*(કિતાબુલ અઝકાર લિલનવવી, પેજ–૮૦)*

હઝરત અલ્લામા સૈયદ અબ્દુલગની નાબેલ્સી رحمۃ اللہ علیہ લખે છે : (અર્થ) **"અંબિયા (નબીઓ) સિવાય કોઈ એકલાના માટે** علیہ السلام **(અલૈહિસ્સલામ) વાપરવું ન જોઈએ જેથી અલી** علیہ السلام **(અલૈહિસ્સલામ) નહીં કહેવામાં આવે.** અને જીવતાં તથા મૃત્યુ પામેલાં એમાં સરખાં છે એના સિવાય કે હાજરને "અલૈકસ્સલામ" કહીને સંબોધવું જાઈઝ છે." *(અલ હદીક઼તુન્નદિય્યા, ૧/૯)*

હઝરત અલ્લામા સૈયદ ઈબ્ને આબિદીન શામી رحمۃ اللہ علیہ લખે છે : (અર્થ) : સલામ મોકલવાનો મસ્અલો એ રીતે છે કે લુક઼ાનીએ જૌહરતુત્તૌહીદની શરહ (સમજૂતી)માં ઈમામ જુવૈનીથી નકલ કર્યું છે કે, એ સલાતના અર્થમાં છે, જેથી કોઈ ગાઈબના માટે વાપરવામાં નહીં આવે, અને ન તો નબીઓ સિવાય કોઈ એકલાના માટે વપરાશે જેથી અલી علیہ السلام કહેવામાં નહીં આવે. અને એમાં ઝિંદા તથા મૃત્યુ પામેલ સરખાં છે. હા ! પણ હાજરને "અસ્સલામુ અલૈકુમ" કહેવું જાઈઝ છે અને એના પર ઈજમાઅ છે.

**હું કહું છું** : કે હાજરના તરફથી السَّلَامُ عَلَيْنَا وَعَلٰى عِبَادِ اللّٰهِ الصّٰلِحِيْنَ (અસ્સલામુ અલૈના વઅલા ઈ઼બાદિલ્લાહિસ્સ઼ાલિહીન) કહેવું પણ જાઈઝ છે. અને જાહેર છે કે સલામને મના કરવાનુ કારણ અને સબબ એ જ છે જે ઈમામ નવવીએ સલાત મના કરવાની ઈલ્લત (કારણ) વર્ણન કરી છે કે એ એહલે બિદઅતની ઓળખ તથા નિશાની છે : અને એટલા માટે પણ કે એ **અસ્લાફ (પૂર્વજ બુઝુર્ગો)ની ઝબાનમાં અંબિયા** علیہم السلام **ની સાથે ખાસ છે. જેવી રીતે કે આપણે** عزوجل **(અઝ્ઝ વ જલ્લ)ના શબ્દોને અલ્લાહ તઆલા સાથે ખાસ સમજીએ છીએ, અને કોઈ નથી કહેતું કે મુહમ્મદ** عزوجل **(અઝ્ઝ વ જલ્લ) જ્યારે કે હુઝૂર** صلی اللہ علیہ وسلم **અઝીઝ તથા જલીલ છે.** *(રદ્દુલ મુહતાર અલ મઅરૂફ બિહ ફતાવા શામી, ૫/૫૩૧)*

હઝરત અલ્લામા મહમૂદ આલૂસી رحمۃ اللہ علیہ વર્ણવે છે : (અર્થ) : એ જાહેર છે કે મના કરવાનું કારણ એ જ છે જે ઈમામ નવવીએ સલાતને મના કરવાનુ કારણ તથા ઈલ્લત વર્ણવી છે કે એ અહલે બિદઅતની નિશાની અને તેમની ઓળખ છે. અને એ **અસ્લાફ (પૂર્વજ બુઝુર્ગો)ની ઝબાન પર કેવળ અંબિયા (નબીઓ) તથા ફરિશ્તાઓ علیہم السلامના માટે ખાસ છે. જેવું આપણે عزوجل (અઝ્ઝ વ જલ્લ)ના શબ્દો અલ્લાહ તઆલા સુબ્હાનહૂની સાથે ખાસ સમજીએ છીએ. મુહમ્મદ અઝ્ઝ વ જલ્લ કદી નથી કહેવામાં આવતું, જ્યારે કે નબી પાક ﷺ અઝીઝ પણ છે ને જલીલ પણ છે.**

વળી લુકાની ફર્માવે છે કે કાઝી અયાઝે ફર્માવ્યું, મુહક્કિકો એ જ તરફ ગયા છે અને મારો પણ ઝુકાવ એ તરફ છે જે કાંઈ ઈમામ માલિક તથા સુફયાને ફર્માવ્યું, અને વિવિધ ફકીહો તથા મુતકલ્લિમીને એને અખત્યાર કરેલ છે કે, ''નબી કરીમ ﷺ અને સર્વ નબીઓ علیہم السلامના માટે સલાત તથા સલામ ખાસ સમજવું જોઈએ. જેમ કે અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલાના માટે તકદીસ (પાકી) તથા અયબથી પાક હોવાના શબ્દો ખાસ સમજવામાં આવે છે. નબીઓ સિવાયના લોકોને મગફિરત તથા રઝાના શબ્દો સાથે વર્ણન કરવા જોઈએ. જેવું કે અલ્લાહ તઆલાએ કુર્આનમાં ફર્માવ્યું : رَضِيَ اللّٰهُ عَنْهُمْ وَرَضُوْا عَنْهُ (અલ્લાહ તેમનાથી અને તેઓ અલ્લાહથી રાજી. સૂ. માઈદા, ૫/૧૧૯) અને ફર્માવે છે :–

يَقُوْلُوْنَ رَبَّنَا اغْفِرْ لَنَا وَلِاِخْوَانِنَا الَّذِيْنَ سَبَقُوْنَا بِالْاِيْمَانِ

(હે અમારા રબ ! અમને બખ્શી આપ અને અમારા ભાઈઓને જે અમારાથી પહેલાં ઈમાન લાવ્યા. સૂ. હશ્ર, ૫૯/૧૦) **આ ચીજો પ્રારંભિક સમયે ન હતી, એને રાફઝીઓએ અમુક ઈમામોના બારામાં નવી ઘડી કાઢી. અને બિદઅતવાળાઓ સાથે મુશાબેહત (મળતાપણુ) રાખવું મના છે જેથી તેમનો વિરોધ કરવો વાજિબ છે.** *(રૂહુલ મઆની, પારા–૯, સૂ. તૌબાની આયત ૯૯ હેઠળ)*

હઝરત અલ્લામા ઈસ્માઈલ હક્કી رحمۃ اللہ علیہ ફર્માવે છે : **''સલામ પણ સલાતના અર્થમાં છે. એ ગાઈબના માટે નથી વપરાતું એને નબીઓ સિવાય કોઈના માટે ખાસ ન કરવું જોઈએ. ''અલૈહિસ્સલામ'' ન કહેવું જોઈએ, જેવું કે રાફઝીઓ કહે છે અને લખે છે.** *(રૂહુલ બયાન, ૧૧/૧૧૭)*

બહારે શરીઅતના લેખક સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ અમજદ અલી આ'ઝમી رحمۃ اللہ علیہ લખે છે : **''નામની સાથે علیہ السلام (અલૈહિસ્સલામ) કહેવું નબી તથા ફરિશ્તા સાથે ખાસ છે. ગૈર નબી તથા ગૈર ફરિશ્તાના નામ સાથે علیہ السلام કહેવું મના છે. અહલે બયતે કિરામના પાક નામો સાથે علیہ السلام *(અલૈહિસ્સલામ)* કહેવું એ રાફઝીઓનો તરીકો છે. અમુક અજાણ સુન્ની પણ તેમનાથી સાંભળીને એ પ્રમાણે બોલે છે, એનાથી બચવું જોઈએ.** *(ફતાવા અમજદિયા, ૪/૨૬૨)*

હે અઝીઝ ! **અહલે બયતે અત્હાર رضوان اللہ تعالیٰ علیہم اجمعینની મહોબ્બત દરેક મુસલમાનના ઈમાનનો હિસ્સો છે.** મુસલમાનોના બારામાં બદગુમાની કરવી અને એમના પર અહલે બયતથી કીનાનો આક્ષેપ લગાડવો એ કોઈ ખુદાનો ડર રાખનારાને શોભા નથી આપતું. **જો ગૈર નબીને علیہ السلام કહેવું જાઈઝ હોત તો આપણે સૈયદના અબૂ બક્ર સિદીક رضی اللہ عنہને علیہ السلام જરૂર કહેત. અને જો આપણે એમના માટે પણ એ શબ્દ ન વાપરીએ તો એ આપણી નેક નિય્યત અને સહાબા તથા અહલે બયતથી એક સરખી મહોબ્બતની ઉઘાડી સાબિતી છે.** તફાવત તમે જાતે કરો અને અદાવત તથા કીનાનો આક્ષેપ બીજાઓ

પર લગાડો એ નાઈન્સાફીની હદ થઈ ગઈ !

હવે કેટલીક વાતો ધ્યાનપૂર્વક વાંચો તો ઈન્શા અલ્લાહ ! સ્પષ્ટ થઈ જશે કે વિવિધ કિતાબોમાં કાતિબો (કોપી કરનારા) એ પોતાની મરજી વાપરી (અલૈહિસ્સલામ લખ્યું) છે, જેની સાથે મૂળ લેખકોને કોઈ જ સંબંધ નથી.

**(૧)** હદીષની કિતાબોમાં કાતિબો (લહીયાઓ)એ અબૂ બક્ર علیہ السلام ઉમર علیہ السلام અને અલી علیہ السلام બધુ જ લખી નાખ્યું છે. દા.ત. મજમઉઝ્ ઝવાઈદ, ૯/૨૬માં, શરહે ઉસૂલે અક઼ાઈદે અહલુસ્સુન્નહ વલ જમાઅહ, ૨૩૭૮, તબક઼ાતે ઈબ્ને સઅદ, ૩/૧૮, ૧૨૫)

**(૨)** બૈરૂતવાળી બુખારી શરીફમાં ફઝાઈલે અસ્હાબુન્નબીના લખાણોમાં ચારેવ ખુલફાએ રાશિદીનના મુબારક નામો સાથે رضی اللہ عنہ (રદિયલ્લાહુ અન્હૂ) લખ્યું છે, પણ પાકિસ્તાનની છપાયેલી બુખારી શરીફમાં ખુલફાએ રાશિદીન તથા સૈયદા ઝહ્‌રા رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના લખાણો સાથે કાંઈ પણ નથી લખ્યું.

**(૩)** હદીષોની સનદમાં પાકિસ્તાનની છપાયેલી બુખારી શરીફમાં પણ સૈયદના અલીના નામ મુબારક સાથે رضی اللہ عنہ (રદિયલ્લાહુ અન્હૂ) લખેલુ છે. બૈરૂતવાળી બુખારી શરીફમાં પણ વારંવાર અલી رضی اللہ عنہ (રદિયલ્લાહુ અન્હૂ) લખવામાં આવ્યું છે પણ અમુક જગાએ અલી علیہ السلام (અલૈહિસ્સલામ) લખેલું છે. અને મનાક઼િબે સૈયદા ઝહ્‌રાના ટાઈટલ હેઠળ પણ علیہما السلام (અલૈહિમસ્સલામ) લખેલું છે.

**(૪)** મુસન્નિફ અબ્દુર્રઝ્ઝાકની કિતાબ "અલ મગ઼ાઝી"માં બાબે ઈસ્તખ્લાફે અબૂબક્ર તથા ઉમર رحمہما اللہ (રહ્‌મહુમુલ્લાહ) લખેલું છે. અને બાબે તજવીઝે ફાતિમા رحمۃ اللہ علیہا (રહમતુલ્લાહિ અલૈહા) પણ લખ્યું છે. અને સૈયદના ઈમામ હસન رضی اللہ عنہ ના નામ મુબારક સાથે પણ હાકિમે رحمۃ اللہ علیہ (રહમતુલ્લાહિ અલૈહ) લખ્યું છે. (મુસ્તદરક હાકિમ : ૪૮૮૦) નસીમુર્રિયાઝ, ૬/૪૩૭ પર આઈશા کرمہا اللہ (કર્રમહલ્લાહુ) લખ્યું છે. ઈબ્ને સઅદે સહાબાએ કિરામના નામોની સાથે ખૂબ જ પ્રમાણમાં رحمہ اللہ (રહ્‌મતુલ્લાહ) લખ્યું છે. *(તબક઼ાતે ઈબ્ને સઅદ, ૩/૪૫,૫૩,૫૬,૮૧, ૧૨૮)* (આવું કાતિબો તરફથી લખાયેલું છે, મૂળ લેખકે નથી લખ્યું)

**(૫)** અમુક ઉલમા દા.ત. અલ્લામા આલૂસી رحمۃ اللہ علیہ ખુદ લખે છે કે, "ગૈર નબીના માટે علیہ السلام (અલૈહિસ્સલામ) ન લખવું જોઈએ." પરંતુ જો ખુદ તેમની પોતાની જ કિતાબમાં અલી علیہ السلام લખેલુ મળી જાય તો **એ સર્વ વાતો સાબિત કરે છે કે આ સર્વ કાતિબો (લહિયાઓ)નું કારસ્તાન છે.**

**(૬)** આ તેહકીક઼ પર અમે આ સમર્થન પણ રજૂ કરી દેવું યોગ્ય સમજીએ છીએ : જેમ કે અલ્લામા ઈબ્ને કષીર علیہ الرحمۃ والرضوان લખે છે : "હું કહું છું કે કિતાબોના અધિક પ્રમાણના કાતિબોના લખાણોમાં કેવળ સૈયદના અલી رضی اللہ عنہ ને علیہ السلام (અલૈહિસ્સલામ) લખ્યું છે, બાકીના સહાબીઓ સાથે એવું (علیہ السلام) નથી લખ્યું. અથવા کرم اللہ وجہہ الکریم (કર્રમલ્લાહુ વજહહૂ) લખ્યું છે ભલે અર્થ તથા ભાવાર્થના હિસાબે એ સહીહ છે, પરંતુ એવું હોવું જોઈએ કે આ મામલામાં સર્વ સહાબા વચ્ચે સમાનતા રાખવામાં આવે. એટલે કે અલી کرم اللہ وجہہ الکریم (કર્રમલ્લાહુ વજહહુલ કરીમ) કહેવુ બિલ્કુલ સહીહ અને જાઈઝ છે, પરંતુ એ જ પ્રમાણે અબૂ બક્ર کرم اللہ وجہہ الکریم (કર્રમલ્લાહુ વજહહુલ કરીમ) કહેવા પર કોઈને વાંધો ન હોવો જોઈએ. આ ચીજનો સંબંધ તાઝીમ તથા અદબ સાથે છે, તો શયખૈન એટલે સૈયદના અબૂ બક્ર તથા ઉમર ફારૂક઼ અને અમીરુલ મો'મિનીન ઉષ્માન ગની એના અધિક હક઼દાર છે, સૈયદના અલીયે મુર્તઝા رضی اللہ عنہ ના કરતાં. علیہ الرحمۃ والرضوان *(તફસીરે ઈબ્ને કષીર, ૩/૬૯૯)*

# જ્ઞાનવાપી મસ્જિદ તથા ઔરંગઝેબની ઐતિહાસિક સચ્ચાઈ

કાર્યાલય

દુનિયાના નકશામાં આપણુ પ્યારુ વતન હિંદુસ્તાન એ એકલો દેશ છે જયાં જાત જાતની ભાષાઓ બોલનારા, વિવિધ સંસ્કૃતિ તથા સંસ્કાર ધરાવનારા તથા વિવિધ ધર્મો તથા મઝહબોના અનુયાયીઓ આપસમાં હળીમળીને એક સાથે એક બીજાના દુઃખ દર્દમાં શરીક થઈને આપસી પ્યાર મહોબ્બતની ગહરી છાંવમાં ખુશગવાર (હસી ખુશીભરી) જિંદગી ગુજારતા ચાલ્યા આવ્યા છે.

આઝાદીના મતવાલાઓએ અંગ્રેજોની ગુલામીમાંથી દેશને આઝાદ તો કરાવી લીધો પરંતું લુચ્ચા તથા ચાલક અંગ્રેજ હિંદુસ્તાન છોડીને જતા પહેલાં કૌમી નફરતનું એવું બીજ રોપી ગયા કે તે આજે એક મજબૂત ઝાડનું સ્વરૂપ અપનાવી ચૂકેલ છે. નફરતના પૂજારી મુટ્ઠીભર તત્વો પોતાના સ્વાર્થ ખાતર કોમી વૈમનસ્યની આ ચિન્ગારીને પ્રસંગોપાત ભડકો બનાવવામાં વ્યસ્ત રહે છે. બાબરી મસ્જિદને લઈ એક અરસા સુધી કૌમી વેમનસ્યની ગર્મ બાઝારી ચાલાક પ્રપંચી રાજકારણીઓ માટે ઉમદા ભોજન બની રહી. છેવટે હિંદુ કટ્ટરવાદી સંગઠન થકી તેને શહીદ કરી દેવામાં આવી. હિંદુસ્તાનની સૌથી મોટી કોર્ટ થકી હક઼ીકતો તથા સાક્ષીઓની વિરૂધ્ધ કેવળ અને કેવળ આસ્થાના આધાર પર બાબરી મસ્જિદથી મુસલમાનોને હાથ ધોઈ નાખવાનો ગૈર મુન્સિફાના તથા હાકિમાના ફૈંસલો સંભળાવી દેવામાં આવ્યો.

મારા ખયાલમાં હિંદુસ્તાન તે એકલો દેશ છે જયાંની અદાલતોમાં ખુલ્લેઆમ પક્ષપાતપૂર્ણ ગૈર મુન્સિફાના ફૈંસલા લેવામાં આવે છે. કોર્ટ અને અદાલતમાં ફૈંસલાઓનો તાજમહલ વહેમો, ધારણાઓ તથા ક઼યાસોના પાયા પર નથી ખડો કરી શકાતો, બલ્કે ઐતિહાસિક સચ્ચાઈઓ અને મિટાવી ન શકાય તેવી વાસ્તવિકતાઓ તથા સાક્ષીઓના પાયા પર ફૈંસલાની ઈંટ રાખવામાં આવે છે. પરંતું આપણા વતનના સૌથી મોટા ન્યાયતંત્ર સુપ્રિમ કોર્ટના મહાગુરૂએ પોતાના ફૈંસલાની ઈમારત આસ્થા પર રાખીને હિંદુ ઉગ્રવાદીઓના હક્કમાં રામ જન્મ ભૂમિનો ફૈંસલો બહાર પાડીને ન્યાય તંત્રમાં એક નવા ચીલાનો પાયો રાખી દીધો.

જ્ઞાનવાપી મસ્જિદનો કજીયો પણ બાબરી મસ્જિદની જેમ સામે આવી રહ્યો છે. જેવી રીતે રાતના અંધકારમાં બાબરી મસ્જિદમાં ખૂબ જ આયોજનપૂર્વક ગુપ્ત રીતે મૂર્તિ રાખીને મંદિરની દાવેદારીનો ડ્રામો રચવામાં આવ્યો. પછી બાદમાં કોર્ટ થકી બાબરી મસ્જિદ મુસલમાનો પાસેથી છીનવી લઈને રામ મંદિરના બાંધકામનો હુકમ બહાર પાડી આપવામાં આવ્યો. એ જ ઢબ પર બનારસની જ્ઞાનવાપી મસ્જિદના માટે પણ તૈયારીઓ શરૂ થઈ ચૂકી છે. આ ઐતિહાસિક મસ્જિદના સંબંધે પણ વરસોથી એ આક્ષેપ લગાડવામાં આવી રહ્યો છે કે એ મસ્જિદ હિંદુઓના પૂરાણા વિશ્વનાથ મંદિરને તોડીને બાંધવામાં આવી છે. અને દુનિયાની આંખોમાં ધૂળ ઝોંકવા માટે અહીં પણ સિવિલ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી, અને કોર્ટે પણ તાત્કાલિક ધોરણે મસ્જિદના સર્વેની સાથોસાથ મામલાઓની વીડીયોગ્રાફીનો હુકમ બહાર પાડી દીધો. કલાકોના સર્વે અને વીડીયોગ્રાફીમાં એવા પુરાવા ન મળી શક્યા, જે તેમના દાવાને મજબૂત કરી શકે, તો અચાનક બીજા

દિવસે એ અફવા ફેલાવી દેવામાં આવી કે મસ્જિદના વુઝૂખાનામાં એક શીવલિંગ મળ્યું છે ! પછી શું જોવાનું ! વિરોધી પક્ષ અને સંકૂચિત માનસ મીડિયા જાગૃત થઈ ગયાં અને એના હવાલાથી પ્રચાર ચાલુ કરી આપ્યો.

બાબરી મસ્જિદના મામલામાં કોર્ટનુ વર્તન જેવી રીતે પક્ષપાતી, ગૈર મુન્સિફાના હતું, કાંઈક એવું જ આ મામલામાં પણ સામે આવી રહ્યું છે. હિંદુ પક્ષ થકી શીવલિંગ મળવાનો દાવો કરતાં જ એ દાવાની તેહકીક઼ તથા છાનબીન વિના કોર્ટે મસ્જિદના એ હિસ્સાને સીલ કરવાનો હુકમ કરી આપ્યો. જ્યારે કે સત્ય એ છે કે જેને હિંદુ પક્ષ અને બિકાઉ મીડિયા શીવલિંગ કહી રહ્યું છે તે અસલમાં પૂરાણો ફુવારો છે અને મસ્જિદના વુઝૂખાનામાં લાગેલો છે જેના પાણી વડે મુસલમાન નમાઝના માટે વુઝૂ કરે છે. વિરોધી ગૃપો તથા કોર્ટ જે રીતે આ મામલામાં અધિરાઈનું પ્રદર્શન કરી રહેલ છે એનાથી એ સ્પષ્ટ જાહેર થઈ રહ્યું છે કે આ કહાની પહેલેથી તૈયાર કરવામાં આવેલી છે અને એમનો હેતુ બાબરી મસ્જિદ બાદ બનારસની આ ઐતિહાસિક પૂરાણી મસ્જિદ પર નાજાઈઝ કબજો જમાવવાનો છે. જો આ ખેલ કામયાબ થઈ ગયો તો પછી આ માથા ફરેલ લોકો જ્યાં ચાહશે ત્યાં અન્ય લોકોની ઈબાદતગાહો પર જાબિરાના તથા હાકિમાના અંદાઝમાં કબજો જમાવી લેશે જે દેશની શાંતિ તથા સલામતી માટે એક મહાન ખતરો છે.

## ★ જ્ઞાનવાપી મસ્જિદનો ખરો ઈતિહાસ ! ★

આ મસ્જિદના સંબંધે એ આક્ષેપ કરવામાં આવતો રહ્યો છે કે આ મસ્જિદ પૂરાણા વિશ્વનાથ મંદિરને તોડીને બનાવવામાં આવેલી છે. અને એના માટે મુઘલ સલ્તનતના મહાન હુકમરાન ઔરંગઝેબ આલમગીરનું નામ લેવામાં આવે છે જેમને હિંદુ કટ્ટરવાદીઓ, ચાલાક અંગ્રેજો અને પૂર્વગ્રહવાળા તથા સંકૂચિત માનસવાળા ઈતિહાસકારોએ એક કટ્ટરવાદી તથા હિંદુ વિરોધી હુકમરાનની હૈસિયતથી ઓળખ કરવામાં મહત્વનો રોલ ભજવ્યો છે. મસ્જિદની ઐતિહાસિક હૈસિયત શું છે ? એનું નામ શું છે ? તેના બેકગ્રાઉન્ડમાં ઐતિહાસિક હકીક઼તો શું છે ? અમે એના પર વિગતવાર ચર્ચા કરીશું.

અસલમાં જ્ઞાનવાપી એ વિસ્તાર તથા મહોલ્લાનું નામ છે જ્યાં આ મસ્જિદ આવેલી છે. એના લીધે આ મસ્જિદ જ્ઞાનવાપીના નામથી આમ તથા ખાસ લોકોમાં મશહૂર છે. આમ લોકો તો આમ લોકો પણ ખાસ લોકો પણ એના નામથી સખત ગલતફહમીના શિકાર રહે છે અને થોડીવારના માટે તેમના દિલો દિમાગમાં શંકાકુશંકા થવા લાગે છે. પક્ષપાતી, પૂર્વગ્રહી અને સંકૂચિત માનસવાળા ઈતિહાસકારોના તરફથી જે કાલ્પનિક કહાનીઓ રજૂ થતી રહી છે જેમાં મંદિર તોડીને મસ્જિદ બનાવવાની વાત કરવામાં આવી રહી છે. આ હવાલાથી આ નામ તેમને દિમાગી વસવસામાં નાખે છે. તેના આ નામથી તેમને એ વાત પર શંકા ઉદ્‌ભવે છે કે આ મસ્જિદ છે તો મસ્જિદનું ઈસ્લામી નામ કેમ નથી ?!

આ મસ્જિદનું નામ જ્ઞાનવાપી પડવાનું એક કારણ એ પણ વર્ણવવામાં આવે છે કે હિંદુઓના મહાદેવ કે જે જાહેર દૃષ્ટિમાં પથ્થર હતા પરંતું પોતાની બુધ્ધિના જોરે એક વાવમાં (જે અહીં કોઈ જગાએ હતી) ચાલ્યા ગયા, પછી પરત નથી થયા. આ રિવાયત ઝબાની મશહૂર છે. *(બહવાલા તારીખે આથારે બનારસ, પેજ-૯૯)*

આના કારણે એ વિસ્તારનું નામ જ્ઞાનવાપી પડી ગયું. હિંદી ભાષામાં જ્ઞાનનો અર્થ ઈલ્મ (વિદ્યા) અને વાપી વાવને કહે છે. જેથી આ વિસ્તાર જ્ઞાનવાપીથી પ્રખ્યાત થઈ ગયો. આ ઈલાકામાં આવેલી આ મસ્જિદ પણ એ નામથી પ્રખ્યાત થઈ ગઈ.

મોગલ સલ્તનતના મહાન બાદશાહ મુહમ્મદ જલાલુદ્દીન અકબર (વફાત : હિ.સ. ૧૦૧૪, ઈ.સ. ૧૬૦૫) જેમનો સત્તાકાળ હિ. ૯૬૩/ઈ.સ. ૧૫૫૬થી હિ. ૧૦૧૪/ઈ.સ. ૧૬૦૫ છે. ઐતિહાસિક હવાલાઓથી એ વાત સાબિત છે કે એ દૌરમાં પણ આ જામા મસ્જિદ હતી અને તેમાં બાકાયદા નમાઝ બાજમાઅત પાબંદીની સાથે અદા કરવામાં આવતી હતી. "તઝકેરતુલ મુત્તક઼ીન"માં તેના બાંધકામના હવાલાથી એક ઈતિહાસ લખાયેલ છે કે, "સુલ્તાન ઈબ્રાહીમ શાહ શરક઼ી, વફાત : હિ.સ. ૮૪૪/ઈ.સ. ૧૪૪૦ જોનપુરના સદરુસ્સુદૂર ક઼ાઝી સદરે જહાં હતા. તેમના એક શાગિર્દ શયખ સુલેમાન મુહદ્દિષ જે પોતાના દૌરમાં એક મહાન મુહદ્દિષ અને આલિમે દીન હતા. અલ્લાહ તઆલાએ તેમને ભૌતિક દૌલતો વડે માલામાલ કર્યા હતા. તેમણે હુમાયુની પેદાઈશથી પણ ઘણા પહેલાં એનું બાંધકામ કર્યું હતું. એના હવાલાથી એના લેખક લખે છે :

"ક઼ાઝી સદરે જહાંના શાગિર્દોમાં શયખ સુલૈમાન મુહદ્દિષ رحمۃ اللہ علیہ ઉચ્ચ કક્ષાના હદીષના આલિમ હતા. મોટાભાગના શહેરોમાં મોટી મોટી જામેઅ મસ્જિદ બંધાવી. જેમ કે બનારસ શહેરમાં તેમની બાંધેલી જામેઅ મસ્જિદ અત્યાર સુધી મૌજૂદ છે. જુમ્આની નમાઝ એ મસ્જિદમાં અદા કરવામાં આવે છે. *(તઝકેરતુલ મુત્તક઼ીન, પેજ–૧૫૮)*

મસ્જિદનો મુખ્ય દરવાજો પહેલાં પૂર્વ બાજુ હતો પરંતુ ન જાણે કેમ એ જમાનાના મુતવલ્લી તરફથી તેને બંધ કરી દેવામાં આવ્યો અને હવે મસ્જિદમાં પ્રવેશવા માટે ઉત્તર બાજુથી એક દરવાજો છે જેના થકી નમાઝીઓએ દાખલ થવું પડે છે. અને મસ્જિદમાં પ્રવેશવા માટે તેમને તકલીફોનો સામનો પણ કરવો પડે છે. મસ્જિદના પશ્ચિમી હિસ્સામાં લગભગ ૬૦ વરસો પહેલાં સુધી એક ક઼નાતી (એક કપડાની આડવાળી તંબુ જેમ) મસ્જિદ હતી, આજે જેની કોઈ નિશાનીઓ નથી. ક઼નાતી મસ્જિદનું તે જ ફર્શ (ફ્લોર) જેના પર ગૈર મુસ્લિમ શૃંગા ગોરીની અદાયગી કરે છે, જેને લીધે દર વખતે મુસલમાનો તથા ગૈર મુસ્લિમોમાં વિવાદ ખડા થતા રહે છે. જ્યારે "શૃંગા ગોરી"ની જગા જ્ઞાનવાપી મસ્જિદના પશ્ચિમી વળાંકથી લગભગ પચાસ ક઼દમ આગળ ફૂલમંડીમાં છે. આ ક઼નાતી મસ્જિદના વરંડામાં એક બુઝુર્ગ શાહ બાસિત અલી رحمۃ اللہ علیہનો આસ્તાનો પણ છે જેમનો ઉર્સ પચાસ વરસો પહેલાં બનારસવાસીઓ મનાવ્યા કરતા હતા, પરંતું અફસોસ કે એ સિલસિલો પણ હવે બંધ થઈ ગયો. એના ઉપરાંત કેટલીક અન્ય પણ ક઼બરો છે જે મસ્જિદની ઉત્તર બાજુ આવેલી છે જેના પર મસ્જિદની વ્યવસ્થાપક કમિટી આજે પણ રંગ રોગાન કરાવે છે.

ઈ.સ. ૧૯૩૬માં મજકૂર મસ્જિદના મુતવલ્લી મર્હૂમ દીન મુહમ્મદે જામેઅ મસ્જિદની માલિકીના સંબંધે સિવિલ કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો જેનો ફેંસલો ઈ.સ. ૧૯૩૭માં ફાઝિલ જજના થકી આપવામાં આવ્યો હતો કે મસ્જિદ ઉપરથી નીચે સુધી સુન્ની મુસ્લિમ વક઼ફની મિલ્કિયત છે. ઔરંગઝેબ આલમગીરના જમાનામાં હિ.સ. ૧૦૬૮/ઈ.સ. ૧૬૫૮માં એના નવેસરથી બાંધકામનો ફરીઝો જરૂરથી અંજામ આપવામાં આવ્યો હતો.

બાબુ શ્રી કૃષ્ણવર્માએ પોતાના પુસ્તક "કાશી તથા વિશ્વનાથનું વર્ણન"માં કાશીખંડના વિવિધ હવાલાઓથી પોતાના દાવાઓ પર દલીલો રજૂ કરી છે જેમાં તેમણે ઐતિહાસિક સાક્ષીઓની રોશનીમાં એ દાવો કર્યો છે કે વિશ્વનાથ મંદિર મસ્જિદ જ્ઞાનવાપીની જગાએ નથી. તે લખે છે : જો એ મસ્જિદ પૂરાણા વિશ્વનાથ મંદિરની જગા છે તો કાશીખંડ

સાચી નથી, અને જો કાશીખંડ વિશ્વસનીય કિતાબ છે તો જામેઅ મસ્જિદ વિશ્વનાથ મંદિરની જગા પર નથી. *(મુરક્કએ બનારસ, પેજ–૧૭૦)*

ચૌધરી નબી અહમદ સંદેલ્વીએ પોતાની કિતાબ "મુરક્કએ બનારસ"માં કૃષ્ણવર્માની કિતાબથી કેટલાય હવાલા નક્લ કર્યા છે જેમાંથી એક હવાલો આ પણ છે, "અમે હિંદુઓને ત્યાં "પૂરાણ ગ્રંથ" સૌથી અધિક પૂરાણો ઈતિહાસ છે અને એ પૂરાણોમાં ઈસ્કન્દરપુર હોવા છતાં અમને મંદિરનો પતો નથી લાગ્યો અને આપણે મસ્જિદ જ્ઞાનવાપીને જ પૂરાણુ મંદિર સમજી રહ્યા છીએ."

મંદિરના દાવેદાર પોતાના દાવાની સાબિતીમાં એક દલીલ એ પણ રજૂ કરે છે કે જામેઅ મસ્જિદની પશ્ચિમ બાજુ જે મેહરાબી નિશાન છે તે એ જ તોડી પડાયેલ મંદિરનો હિસ્સો છે. જ્યારે કે હક્ીકત એ છે કે એના સંબંધે વિવિધ જુદાં જુદાં બયાનો છે અને ખુદ ગૈર મુસ્લિમ પણ એ વાતથી સહમત નથી. તેના ઉપરાંત નિશાનથી પણ એ દાવાનો રદિયો થાય છે, એટલા માટે કે જો મંદિરના સ્થાને આ મસ્જિદ હોત તો સર્વ નિશાનીઓ ખત્મ કરીને આ આખરી નિશાની શા માટે છોડવામાં આવતી ! એને પણ તોડી જ પાડવામાં આવત.

મસ્જિદની આખી ઈમારત પોતાની દીવાલો તથા પાયાઓ પર સ્થાપિત છે. પાછળની દીવાલની પણ એ જ સ્થિતિ છે. મેહરાબી નિશાની મસ્જિદના મૂળ પાયા અને દીવાલના સિવાય છે, અને જે દીવાલમાં મેહરાબી નિશાન છે તે દીવાલ પણ પોતાના પાયા પર છે અને ઈમારતના પાછલા ભાગની દીવાલ છે, જે એ વાતની સ્પષ્ટ સાબિતી છે કે મસ્જિદ પહેલાં બની અને બાદમાં એની દીવાલોથી મિલાવીને ગૈર ક્ાનૂની રીતે વિના ઈજાઝતે નવું મંદિર બનાવવામાં આવ્યું જે તોડી પાડવામાં આવ્યું અને આ હિસ્સો એટલા માટે છોડી આપવામાં આવ્યો કે મસ્જિદની દીવાલને નુકસાન ન પહોંચે." *(જામેઅ મસ્જિદ જ્ઞાનવાપી તારીખકી રોશનીમેં, પેજ–૨૨)*

આ મસ્જિદ હતી, છે અને રહેશે. મસ્જિદના બાંધકામના બારામાં દરેક ખાસ તથા આમને ખબર છે કે (ઈસ્લામમાં) કોઈ કોમની ઈબાદતગાહને તોડીને તો દૂરની વાત છે કોઈ સામાન્ય માણસની જમીન પર પણ નાજાઈઝ કબજો કરીને મસ્જિદનું બાંધકામ નાજાઈઝ તથા હરામ છે. ક્ૌમી વૈમનસ્યનું ઝહેર ઘોળનાર અમુક અસામાજિક દિમાગવાળા તત્વો દેશમાં નફરતની રાજનીતિ કરવાના માટે તેનો વિખવાદ ખડો કરી રહેલ છે. .......

ઈ.સ. ૧૯૩૭માં કોર્ટે પોતાના ફૈંસલામાં એ નિશ્ચિત કરી આપ્યું હતું કે આ સર્વ ઘેરાયેલ ક્ષેત્ર (એરીયા) મુસ્લિમ વક્ફની મિલ્કત છે અને મુસલમાનોને એમાં નમાઝ અદા કરવાનો સંપૂર્ણપણે કાનૂની હક્ હાંસલ છે. ૧૯૯૧માં પાર્લામેન્ટથી મંજૂર થયેલ ક્ાનૂન Places of Worship 1991માં આ વાત નિશ્ચિત કરી દેવામાં આવી હતી કે ૧૯૪૭માં ઈબાદતગાહો જે સ્થિતિમાં હતી તેને તેમની હાલતમાં યથાવત રાખવામાં આવશે. બાબરી મસ્જિદના ફૈંસલામાં પણ સુપ્રિમ કોર્ટે આ સ્પષ્ટતા કરી આપી છે કે હવે સર્વ ઈબાદતગાહો (પ્રાર્થનાલયો) આ ક્ાનૂનના હેઠળ રહેશે, અને આ હિંદના બંધારણની પાયાની સ્પિરિટના પ્રમાણે છે. આ સર્વ સચ્ચાઈઓના હોવા છતાં અન્યોની ઈબાદતગાહોની વિરૂધ્ધ ષડયંત્ર રચવું એ દેશની દુશ્મનીનો નવો અંદાઝ તથા નવો તરીક્ો છે.

## ★ ઔરંગઝેબ વિશે ગલત ફહમીઓનો ખુલાસો ★

ઔરંગઝેબ આલમગીરને અંગ્રેજ ઈતિહાસકારો અને કેટલાક પૂર્વગ્રહી પક્ષપાતી ગૈર મુસ્લિમ ઈતિહાસકારોએ કટ્ટરવાદી મુસ્લિમ અને હિંદુ દુશ્મન હુકમરાનની હૈસિયતથી ઓળખ કરાવવાની કોશિશ કરી, જ્યારે કે ઐતિહાસિક હકીક઼તો, સચ્ચાઈઓ અને સાક્ષીઓ એની વિરૂધ્ધ ગવાહી રજૂ કરી રહી છે. બનારસની મશહૂર ઐતિહાસિક જ્ઞાનવાપી મસ્જિદનો સંબંધ પણ ઔરંગઝેબ આલમગીરની હિંદુ દુશ્મની તથા મુસ્લિમ કટ્ટરવાદથી જોડવામાં આવે છે. એટલા માટે જરૂરી છે કે ઔરંગઝેબ આલમગીર પર લગાડવામાં આવેલ આક્ષેપોનું તેહકી઼કી઼ તથા ટીકાત્મક પરીક્ષણ કરવામાં આવે.

ઐતિહાસિક ચઢાવ ઉતાર પર ગહરી નજર રાખનારા ન્યાયપ્રિય ઈતિહાસકારોમાં એક નામ અખીલેશ જેસ્વાલનું આવે છે. આ વિષય પર તેમણે એક સંપૂર્ણ કિતાબ લખી કાઢી જેનુ નામ તેમણે "ઔરંગઝેબ ઔર હિંદુઓંકે સાથ તઅલ્લુક઼ાત" રાખ્યું. આ કિતાબની પ્રસ્તાવના લખતાં ઈલાહાબાદ યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના આગળ પડતા પ્રોફેસર ડો. રીતા જોશીએ ઔરંગઝેબ આલમગીરના સંબંધે આ પ્રમાણે લખ્યું છે :

"જો ઈ.સ. ૧૬૫૮માં ઔરંગઝેબ ગાદી પર ન બેસત તો કદાચ મોગલ હુકૂમત તે જ વખતે અંજામ પર પહોંચી જાત. ઔરંગઝેબે પોતાની સોચ, દૂરંદેશી, અનુભવ તથા રાજનૈતિક પુખ્તતાથી પચાસ વરસો સુધી મોગલ સલ્તનતને પડતીથી રોકી રાખી. પડતીના સબબોનો પાયો પહેલાં જ પડી ચૂક્યો હતો. ઔરંગઝેબે તો સમયની ગર્દિશને રોકી રાખી પરંતું એમના અનુગામી પરિસ્થિતિને સંભાળી ન શક્યા અને લાયક હુકમરાનના મરતાં જ સલ્તનત પડતીનો શિકાર બની ગઈ." *(પ્રસ્તાવના : ઔરંગઝેબ ઔર હિંદુઓંકે સાથ તઅલ્લુક઼ાત)*

ઔરંગઝેબ આલમગીર પર ધાર્મિક કટ્ટરવાદના આક્ષેપ વિશે હકી઼ક઼તો પરથી પડદો ઉઠાવતાં ડો. અખીલેશ જેસ્વાલ પોતાની આ કિતાબમાં લખે છે : "ઔરંગઝેબ પર આક્ષેપ લગાડવામાં આવે છે કે તેમણે સિક્કાઓ પર કલમો છાપવાનું બંધ કરી આપ્યું કે જે શીઆઓના જઝબાતની વિરૂધ્ધ હતું. પરંતું અસલમાં એની પાછળ સવાલ મઝહબી અકી઼દતનો હતો, કેમ કે સિક્કાઓ પર કલમો હોવાથી કલમાની પવિત્રતા ઘવાતી હતી, બેઅદબી થતી હતી, જેનાથી કલમાની હુર્મતને આંચ આવતી હતી. આ રીતે આપણે જોઈએ છીએ કે સિક્કાઓ પર કલમો ન કોતરાવવા પર ઔરંગઝેબનો મઝહબી ખુલૂસ અને અકી઼દતનો પ્રભાવ ઝલકે છે. એનાથી પણ વધીને આપણે એ કેમ ન માનીએ કે પબ્લિકની બહુમતી હિંદુ હતી, અને ઔરંગઝેબે હિંદુઓની ધાર્મિક ભાવનાઓનો ખયાલ રાખતાં લઘુમતીના અકી઼દાને સિક્કાઓ પર કોતરાવવાનું બંધ કરી આપ્યું." *(પ્રસ્તાવના : ઔરંગઝેબ ઔર હિંદુઓંકે સાથ તઅલ્લુક઼ાત, પેજ–૧૫)*

ફાઝિલ ન્યાયપ્રિય લેખક મુહક્કિ઼કે આ કદરને પાત્ર કિતાબમાં અમુક નીચે પ્રમાણેના વિષયો દા.ત. "ઔરંગઝેબ અને મંદિર તોડવા વિશે, ઔરંગઝેબ અને જિઝિયો, ઔરંગઝેબના હિંદુ હોદ્દાધારીઓ, ઔરંગઝેબ અને રાજપૂત, ઔરંગઝેબ અને શીવાજી, ઔરંગઝેબનો કિરદાર"ના હેઠળ વિવિધ બનાવો તથા સાક્ષીઓથી સંકૂચિત દષ્ટિવાળા, પૂર્વગ્રહી વિચારધારાવાળા અને પક્ષપાતી ઈતિહાસકારોના થકી ઔરંગઝેબ પર લગાડવામાં આવેલા આક્ષેપોની ભરપુર ઈલ્મી તથા તેહકી઼કી઼ રદ કરી છે. અને

પોતાની પક્ષપાત વિનાની, હકીકત પસંદીની, સાબિતિ પૂરી પાડી છે.

દેશના પ્રખ્યાત મુજાહિદે આઝાદી, ન્યાયપ્રિય સ્વભાવના ઈતિહાસકાર અને સત્યનિષ્ઠ ગાંધીવાદી રહનુમા ડો. બિશમહરનાથ પાંડે પોતાના વિગતવાર લેખ બનામે ''હિંદુ મંદિર અને ઔરંગઝેબના ફર્માનો''માં લખે છે :

''ઈ.સ. ૧૯૪૮થી ૧૯૫૩ દરમિયાન જ્યારે હું ઈલાહાબાદ મ્યુનિસિપલનો ચેરમેન હતો તો જાયદાદ સંબંધી એક કેસ મારી વિચારણા હેઠળ આવ્યો. આ વિવાદ એક સંપત્તિના બારામાં હતો જે સોમેશ્વરરાવ મહાદેવ મંદિરને વકફ કરવામાં આવેલી હતી. મંદિરના મહંતના મૃત્યુ બાદ જાયદાદના બે પક્ષો દાવેદાર બન્યા એમાંથી એકે કેટલાક એવા દસ્તાવેજો રજૂ કર્યા જે એના ખાનદાનના કબજામાં હતા અને જે એ ફર્માનો પર આધારિત હતા જેમને ઔરંગઝેબે લાગુ કર્યા હતા. હું આશ્ચર્યમાં પડી ગયો. ધારણા એ હતી કે આ ફરમાનો બનાવટી છે. મને સૌથી વિશેષ આશ્ચર્ય જે વાત પર હતું તે એ કે ઔરંગઝેબ જે મંદિરને તોડી પાડવાના બારામાં ઘણી ખ્યાતિ ધરાવે છે તે મંદિરોને જાગીર અર્પણ કરવાના બારામાં આ પ્રકારના હુકમો કેવી રીતે બહાર પાડી શકે છે ?! કેમ કે જાગીર તો પૂજા તથા દેવતાઓને ભોગના માટે અર્પણ કરવામાં આવે છે. મને આ સવાલ પરેશાન કરી રહ્યો હતો કે ઔરંગઝેબ પોતાની ઓળખ મૂર્તિપૂજા સાથે કઈ રીતે કરી શકે છે ?!

મને યકીન હતું કે દસ્તાવેજો અસલી નથી, પરંતુ નિર્ણય ફાઈનલ કરતાં પહેલાં મેં બેહતર જાણ્યું કે ડો. સરતેજ બહાદુર સપરૂથી સલાહ લઉં જે ફારસી તથા અરબીના મોટા વિધ્વાન હતા. મેં કાગળો તેમની સામે રાખીને સલાહ આપવાની દરખાસ્ત કરી. દસ્તાવેજોના અભ્યાસ બાદ ડો. સાહબે કહ્યું કે ઔરંગઝેબનાં આ ફર્માનો તદન અસલી છે. પછી તેમણે પોતાના મુન્શી થકી બનારસના જંગમબાડી શીવા મંદિરના કેસની ફાઈલ મંગાવી જેની અપીલ ઈલાહાબાદ હાઈકોર્ટમાં પાછલા પંદર વરસોથી સુનાવણી હેઠળ હતી. જંગીબાડી શીવામંદિરની પાસે મંદિરને જાગીર અર્પણ કરવાના બારામાં ઔરંગઝેબના અન્ય ફર્માનો પણ હતાં. ઔરંગઝેબની આ નવી છબી મારી સામે આવી તો હું ખૂબ જ આશ્ચર્યમાં પડી ગયો. ડો. સપરુના નિર્દેશ પર મેં કેટલાય મહત્વના મંદિરોના મહંતોને પત્રો લખ્યા કે જો તેમની પાસે તેમના મંદિરોને જાગીર અર્પણ કરવાના સંબંધે ઔરંગઝેબનાં ફર્માનો હોય તો મને તેની નકલ પૂરી પાડવામાં આવે. તો મારા પર આશ્ચર્યોના પહાડો તૂટી પડયા જ્યારે મોટા મંદિરોમાં જેમ કે મહાકાલેશ્વર મંદિર (ઓજીન), બાલાજી મંદિર (ચિત્રકૂટ) અમાનંદ મંદિર (ગૌહાટી), જૈન મંદિર (શુરંજિયા) તથા અન્ય કેટલાય મંદિરો, ગુરૂદ્વારાઓ જે ઉત્તર હિંદમાં વિખરાયેલાં છે તેમના તરફથી ઔરંગઝેબના (જાગીર અર્પણ કરેલ) ફર્માનોની નકલો મળી. આ ફર્માનો હિ.સ. ૧૦૬૫ થી ૧૦૯૧ (ઈ.સ. ૧૬૫૯ થી ૧૬૯૫) દરમિયાન જારી કરવામાં આવેલાં હતાં.''

ઔરંગઝેબ આલમગીર પર હિંદુ દુશ્મનીના આક્ષેપમાં રંગરોગન ભરવા માટે તેમના એક શાહી ફર્માનને ગલત રંગ આપીને જાહિલાના દલીલો કરવાની કોશિશ કરવામાં આવે છે. ડો. સાહબ ન્યાય પ્રિય હકીકતોને પ્રદર્શિત કરતાં લખે છે :

''કેટલાક ઈતિહાસકારોનું કહેવું છે કે ઔરંગઝેબના તખ્ત પર બેઠા પછી એક ફર્માન થકી હોળી, દીવાળી પર પાબંદી લગાડી દેવામાં આવી હતી. પરંતુ આ આક્ષેપ પણ ગલત તથા ગુમરાહ

કરનાર છે. સચ્ચાઈ એ છે કે તેણે હોળી તથા દીવાળી તથા મુહર્રમ પર પાબંદી લગાડી ન હતી, બલ્કે તેમના સંબંધે કેટલાક સુધારણામય હુકમો જારી કર્યા હતા. દા.ત. હોળીના મોક઼ા પર લાકડીઓ ચોરી કરીને ન સળગાવવામાં આવે, દારૂ ન પીવામાં આવે, ગંદકી તથા અવ્યવસ્થા ફેલાવવામાં ન આવે. એ જ પ્રમાણે દીવાળીના વિશે આ હુકમો કે જૂગાર ન રમવામાં આવે અને આગથી ખેલવામાં ન આવે."

જાણીતા હિંદુ ઈતિહાસકાર ઈશ્વરી પ્રસાદ પોતાના પ્રખ્યાત પુસ્તક "તારીખે હિંદ"માં ઔરંગઝેબ આલમગીરનું નિષ્પક્ષપણુ, પ્રજાની કાળજી તથા ન્યાય પ્રિયતાના હવાલાથી લખે છે : "પરમાત્માની શાન છે કે ઔરંગઝેબ જેટલો પોતાની પ્રજાનો શુભેચ્છક હતો એટલો જ કુદરતે તેને બદનામ કર્યો ! કોઈ તેને જાલિમ કહે છે, કોઈ તેને ખૂની શબ્દ વડે યાદ કરે છે, પરંતુ હક઼ીક઼તમાં તે આલમગીર લક઼બના પાત્ર છે."

જો મુસ્લિમ રાજકર્તાઓ પૂર્વગ્રહી, સંકૂચિત માનસવાળા અને સંકૂચિત દૃષ્ટિવાળા હોત તો ૮૦૦ વરસનો દૌર એક ખૂબ જ લાંબો કાળ બને છે. આજે આપણા દેશમાં હિંદુઓનું અસ્તિત્વ, તેમનાં પ્રાર્થનાલયોનું બાકી રહેવું એ મુસ્લિમ રાજકર્તાઓના નિષ્પક્ષ વલણ તથા તેમની ઉદાર દિલીની જીવતી જાગતી સાબિતી છે. જ્યારે મોગલોએ પૂરા ભારતને એક કર્યું તો એના માટે કોઈ ઈસ્લામી નામ તેમણે તજવીઝ નથી કર્યું, બલ્કે પોતાના નિષ્પક્ષપણાની સાબિતી રજૂ કરતાં એને હિંદુસ્તાન નામ આપ્યું. જો તેઓ ચાહત તો આ દેશનું નામ ઈસ્લામી રાખી શકતા હતા. કોણ ત્યારે મતભેદ કે વિરોધ કરી શકતુ હતું ?! તેઓ તો પૂરા દેશના કોઈની ભાગીદારી વિના સર્વ ચીજોના માલિક હતા. આજે જે લોકોને ઈલાહાબાદ, ફૈઝાબાદ, અહમદાબાદ અને એના જેવા અન્ય શહેરોનાં નામોથી મતભેદ છે તેઓ દેશના એ બિન સાંપ્રદાયિક મિજાઝ મુસ્લિમ રાજકર્તાઓ પાસેથી નિષ્પક્ષતાનો બોધપાઠ શીખે કે મોગલોના દૌરમાં ૮૦૦ વરસના રાજમાં પણ રામપુર, સીતાપુર નામો એ જ પ્રમાણે કાયમ રહ્યાં. તેમનાં નામોમાં નવીનીકરણ નથી થયું !

આજે હાલના આ સંકૂચિત માનસ તથા સંકૂચિત દૃષ્ટિવાળા રાજકર્તાઓને જોઉં છું તો ખયાલ આવે છે કે બેવકૂફ હતા મોગલ રાજકર્તાઓ કે જેમણે અંગ્રેજો સાથે જંગ લડવાનો નિર્ણય લીધો, અંગત સ્વાર્થ ખાતર જો તેમનાથી ભીખ માગી હોત તો ન કેવળ એ કે તેઓ પોતે પણ સુરક્ષિત રહેતા બલ્કે તેમનું રાજપાટ પણ ન જાત અને તેમની પેઢીઓએ આજે તકલીફોના દૌરથી પણ ન પસાર થવું પડત. મુસલમાન તો વતન દોસ્તીમાં સર્વ કાંઈ ભૂલી ગયા, જેનું પરિણામ એ આવ્યું કે કોઈના શરીરનાં ચીથરાં ઉડી ગયાં તો કોઈએ બે ગજ જમીન માટે તરસી જવું પડયું.

ચાલક અને હોશિયાર તો ગ્વાલિયરનું સિંધિયા ઘરાનુ હતું, મૈસૂરનું વાડિયાર ઘરાનુ હતું, જયપુર, જોધપુરના રાજ ઘરાનાં હતાં જેમણે સમય તથા સંજોગો સાથે સમઝૌતા કરીને (અંગ્રેજો સામે ઝુકી જઈને) પોતાને, પોતાના રાજ્યોને અને પોતાની આવનારી પેઢીઓને સુરક્ષિત કરી લીધી.

રાજકર્તાઓની એ હોદ્દાની રૂએ તથા અખ્લાક઼ી જિમ્મેદારી છે કે તેઓ દેશમાં વધતી ફેલાતી નફરતોની સખત આંધીની વિરૂધ્ધ આયોજનપૂર્વક મજબૂત દસ્તૂર બનાવે. ઈ.સ. ૧૯૯૧માં પાસ થયેલ ક઼ાનૂન "Places of Worship Act 1991"ની રોશનીમાં દરેક ક઼ૌમ તથા ધર્મની ઈબાદતગાહોની રક્ષાની ઝમાનત રજૂ કરે.

*(કન્ઝુલ ઈમાન ઉર્દૂ મંથલી, લેખક : મુહમ્મદ મલિક ઝફર સેહસરામી ઓગષ્ટ–૨૦૨૨)*

## અમારું અવલોકન

**કિતાબનુ નામ :** **અલ ફૈઝુત્તારી શરહે સહીહ બુખારી (ભાગ-૧)** *(પેજીસ-૫૭૩)*
**અરબીમાં લેખક :** અલ્લામા મુહમ્મદજાફર બદ્રેઆલમ બુખારી ગુજરાતી હિંદી. (હિ.૧૦૮૫)
**ગુજરાતી અનુવાદક :** હઝરત મૌલાના પટેલ અબ્દુર્રહમાન મિસ્બાહી નકશબંદી ગુજરાતી
**પ્રકાશક :** જમાઅતે રઝાએ મુસ્તફા (બ્લેકબર્ન, યુ.કે.)

બુખારી શરીફની શરહના આ લેખક મશહૂર બુઝુર્ગ હઝરત શાહે આલમ رحمۃ اللہ علیہના ખાનદાનમાંથી આવે છે. શાહી બુખારી ખાનદાનમાં પોતાના પુસ્તકોથી આપે ખૂબ નામના મેળવી છે. આપનો જન્મ ૧૨-શાબાન હિ.સ. ૧૦૨૩ થયો. અને વિસાલ હઝરત ઔરંગઝેબ આલમગીર رحمۃ اللہ علیہના સમયમાં ૯-ઝીલ હજ્જ હિ.સ. ૧૦૮૫ના રોજ થયો. આપનુ મઝાર શરીફ હઝરત શાહે આલમ رحمۃ اللہ علیہના સહેનમાં કૃદમે રસૂલની નજીક છે. પ્રસ્તુત કિતાબમાં ઈમાન વિશે, ઈલ્મ વિશે, વુઝૂ ગુસ્લ, તયમ્મુમ વિશે, હૈઝ વિશે, નમાઝ વિશે, અઝાન વિશે, નમાઝની જમાઅત, ઈમામત વગેરે વિષયે હદીષોની શરહ-સમજૂતી સુંદર સરળ અંદાઝમાં ઈલ્મી રૂહાની રીતે રજૂ કરેલ છે. મૂળ અરબી કિતાબનો ગુજરાતી અનુવાદ હઝરત મૌલાના મુફતી પટેલ અબ્દુર્રહમાન નકશબંદી મિસ્બાહી (મુા. પારખેત, તા. જિ. ભરૂચ)ના થકી ખૂબ જ સરળ અને આસાન શૈલીમાં થયેલો છે અને અમુક જગાએ શરહમાં પોતાના તરફથી જરૂરી નોંધ પણ કરી છે, જે અનુવાદકની કાબેલિયતને પ્રદર્શિત કરે છે. અમારી જાણ પ્રમાણે અરબીમાંથી ડાયરેક્ટ ગુજરાતી થનાર આ પ્રથમ કિતાબ છે. હઝરત મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી (હાલ : યુ.કે.)ની કોશિશોથી આ કિતાબ આપણા સમક્ષ ગુજરાતીમાં થઈને આવી છે તો એમની લગનને પણ બિરદાવીએ છીએ. લેખકની કૃબ્ર પર રબ તઆલા રહમતોની વર્ષા કરે અને પ્રકાશક તથા અનુવાદ તેમજ આ કામે મદદ કરનારાઓને રબ તઆલા બંને જહાનમાં બેહતરીન બદલો આપે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ. *(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

**નોંધ : ફુલ સાઈઝના ૫૭૩-પેજીસની આ કિતાબ ફક્ત રૂા. ૧૦૦/- ટપાલ/કુરીયર ખર્ચ**

**Phonepay/Googlepay/Paytm Mo. 94274 64411** પર મોકલી મંગાવી શકો છો.

**ઈન્તેકૃાલ પુરમલાલ : ગોંડલ** : થી બરકાતે ખ્વાજા મંથલીના ગ્રાહક તથા ચાહક અ.રઝ્ઝાકભાઈ નાગાણી જણાવે છે કે તેમના અહલિયા મર્હૂમા ઝીનતબેન અ. રઝ્ઝાકભાઈ નાગાણી તા. ૨૩-૭-૨૦૨૨, ૨૩ ઝીલહજ્જ હિ.સ. ૧૪૪૩ શનિવારના રોજ ૭૫ વરસની વયે અલ્લાહની રહમતમાં પહોંચી ગયાં છે. ★ **બોલ્ટન** : તા. ૪-૮-૨૦૨૨, ૫-મુહર્રમ શરીફ હિ.સ. ૧૪૪૪ જુમેરાતના રોજ હજીયાણી ફાતિમા અબ્દુલ મીનાવાલા દયાદરાવાળાનો ૯૩ વરસની વયે ઈન્તેકૃાલ થયો છે. ★ **વાનકુવર (કેનેડા)** : તા. ૮-૮-૨૦૨૨, ૯ મુહર્રમુલ હરામ હિ. ૧૪૪૪ સોમવારે હજીયાણી ફાતેમાબેન મસ્તુ દયાદરાવાળાનો ઈન્તેકૃાલ થયો છે. ★ **દયાદરા** : ખાતે ખાન સાહબ માસ્તર ટીંડુનો તા. ૨૪-૭-૨૦૨૨, ૨૪-ઝીલ હજ્જ હિ.સ. ૧૪૪૩, જુમેરાતના રોજ ઈન્તેકૃાલ થયો છે. ★ **સૂરત** : મુકામે જનાબ અ. સમદ મૂસા પટેલ (આછોદવાળા)નાં વાલિદા મેહમૂદા બેનનો ૭૩ વરસની વયે તા. ૮-૮-૨૦૨૨, ૯ મુહર્રમ ૧૪૪૪ સોમવારના રોજ ઈન્તેકૃાલ થયો છે.

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકૃામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકૃામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે* ***દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ*** *ખાતે કુર્આન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. -તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*